# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૬૩, ઓગસ્ટ - સપ્ટેમ્બર ૨૦૨૧



માનનીય ઊર્જા મંત્રી
**શ્રી કનુભાઈ દેસાઈ**



માનનીય રાજ્યકક્ષાના ઊર્જા મંત્રી
**શ્રી મુકેશભાઈ પટેલ**



## માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા મંત્રીમંડળનું યુજીવીસીએલ પરિવાર હાર્દિક સ્વાગત કરે છે

**કિસાન સન્માન દિવસ નિમિત્તે**

## "સાત પગલાં ખેડૂત કલ્યાણના" યોજના અંતર્ગત સહાય વિતરણ અને "કિસાન સૂર્યોદય યોજના"નું લોકાર્પણ







# આ અંકમાં


**અંક-૬૩**
**ઓગસ્ટ - સપ્ટેમ્બર ૨૦૨૧**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**



**સંરક્ષક**
શ્રી કે. એસ. રંધાવા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી આર. ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી જે. આર. ચૌધરી, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.



**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ, વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧. www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**પ્રિય વાચકમિત્રો,**

**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામાયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com


# આ અંકનાં આકર્ષણો...


**લોકાર્પણ** 04
- કિસાન સન્માન દિવસ નિમિત્તે "સાત પગલાં ખેડૂત કલ્યાણના" યોજના અંતર્ગત સહાય વિતરણ અને "કિસાન સૂર્યોદય યોજના"નું લોકાર્પણ.................................. 04

**કંપની સમાચાર** 27
- સતત નવમી વખત યુજીવીસીએલએ A+ રેટિંગ પ્રાપ્ત કર્યું.... 27

**ઉજવણી** 28
- ૭૫મા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીની શરૂઆત 28

**વિદાય** 31
- મહેસાણા ખાતે હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી પી.એચ. રામીનો વિદાય સમારંભ.......... 31

**પરામર્શ બેઠક** 32
- માનનીય રાજયકક્ષાના ઊર્જા મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતામાં મહેસાણા કોર્પોરેટ ઓફિસ ખાતે પરામર્શ બેઠકનું આયોજન.............................. 32

**લોકાર્પણ** 36
- દાંતીવાડા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ............... 36

**કંપની સમાચાર** 37
- સાબરમતી ખાતેની એનએબીએલ પ્રમાણિત હાઇટેક્ લેબોરેટરીને નવા અદ્યતન મીટર ટેસ્ટિંગ ઇક્વિપમેન્ટ્સ દ્વારા વધુ કાર્યક્ષમ બનાવવામાં આવી...... 37

**ઉજવણી** 39
- યુજીવીસીએલ દ્વારા રોજગાર દિવસ (યુવા શક્તિ દિન) નિમિત્તે કાર્યક્રમનું આયોજન............................ 39

**પરામર્શ બેઠક** 40
- યુજીવીસીએલ અને જેટકો વચ્ચે સંયુક્ત પરામર્શ બેઠકનું આયોજન.............................. 40

**મુલાકાત** 41
- યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાએ મહાકાળી ફીડરની લીધેલ મુલાકાત........................ 41
- જીઈકેસી, મહેસાણાની મુલાકાતે મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા...................... 42

**વિમોચન** 43
- માનનીય ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલના હસ્તે "GPRD 3i" વોલ્યુમના બીજા અંકનુ વિમોચન........... 43

**પ્રતિભાવ** 43

**કાવ્યધારા** 45



**વીજ ઉત્પાદન અને વીજ વિતરણ બંને બાબતે આપણું ગુજરાત રાજ્ય સમગ્ર દેશને નવી દિશા બતાવી શકે તેવી આપણે કામગીરી કરી બતાવી છે. હવે આપણે ઉત્કૃષ્ટ વીજ વિતરણ વ્યવસ્થા દ્વારા ગ્રાહકોને સંતોષ આપવાનો પ્રયત્ન જારી રાખીને અમૃત મહોત્સવની ઉજવણી કરીશું.**

**ભૂલ શી રીતે કરી તે સમજવામાં જેટલો સમય ખર્ચાય છે,<br>તેના કરતા ઓછા સમયમાં તો સુધારી શકાય છે.**

**- હેન્રી વેડ્ઝવર્થ લોંગફેલો**

**પ્રિય કર્મચારી મિત્રો**

તા. 15મી ઓગસ્ટ, 1947ના રોજ બ્રિટિશ શાસનમાંથી મુક્ત થવાને 74 વર્ષ પૂર્ણ કરી આપણે આઝાદીના અમૃત મૃહોત્સવના 75મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. દરેક રાષ્ટ્રની પ્રગતિનો બહુ મોટો આધાર તેની વીજ વ્યવસ્થા પર હોય છે. રાષ્ટ્ર વીજ ઉત્પાદનમાં આત્મનિર્ભર હોય અને સુદૃઢ વીજ વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવી હોય તે રાષ્ટ્ર વિકાસની બાબતે હંમેશા અગ્રેસર રહી શકે છે.

આપણા દેશમાં આપણે આ બંને બાબતો સુનિશ્ચિત કરી શક્યા છીએ. વીજ ઉત્પાદન અને વીજ વિતરણ બંને બાબતે આપણું ગુજરાત રાજ્ય સમગ્ર દેશને નવી દિશા બતાવી શકે તેવી આપણે કામગીરી કરી બતાવી છે.

હવે આપણે ઉત્કૃષ્ટ વીજ વિતરણ વ્યવસ્થા દ્વારા ગ્રાહકોને સંતોષ આપવાનો પ્રયત્ન જારી રાખીને અમૃત મહોત્સવની ઉજવણી કરીશું.

મને એ વાતનો આનંદ છે કે, એક કંપની તરીકે આપણે 29 જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ અંકે કર્યા બાદ સતત નવમી વખત A+ રેટિંગ મેળવ્યું છે અને તાજેતરમાં ઊર્જા મંત્રાલય તરફથી તા. 16મી જુલાઈ 2021ના રોજ ભારતની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની તરીકેનું મૂલ્યાંકન ICRA-ઈકરા દ્વારા કરવામાં આવતાં આપણે તેમાં પણ પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. આ રીતે વધુ એક વાર આપણે આપણી કાર્યક્ષમતા સિદ્ધ કરેલ છે. હું તમામ કર્મચારીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

મિત્રો, 'વીજ સલામતી' એ વીજલાઈન સાથે કામ કરતા તમામ વીજકર્મીઓ માટે ગહન ચિંતનનો વિષય છે. 'વીજ સલામતી' અંગે કંપની દ્વારા હંમેશા ચિંતા કરવામાં આવી છે. કંપનીના અમૂલ્ય વીજ કર્મીઓને 'વીજ સલામતી' અંગે જાગૃત કરવા માટે તાલીમ તેમ જ 'વીજ સલામતી' અંગેનાં સાધનોનો ઉપયોગ તેમજ સૂચનાઓનું ચુસ્ત પાલન કરવા સતત પ્રયાસો કરવામાં આવે છે. હું ફરીવાર 'વીજ સલામતી' માટે જાગૃતતા કેળવી સલામત કામગીરી માટે આહ્‌વાન કરું છું. એ જ રીતે આપણા પરિવાર અને કંપનીને ખુશહાલી આપી શકીશું. તેની સાથોસાથ, કોરોનાના સંક્રમણકાળમાં આપણે રાહત અનુભવી રહ્યા છીએ પણ સાવચેતી માટે સરકાર દ્વારા પાઠવવામાં આવેલ સૂચના અને આચારસંહિતાનું પાલન કરવા અપીલ કરું છું.



**કે. એસ. રંધાવા,** આઇએફએસ,<br>મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

## કિસાન સન્માન દિવસ નિમિત્તે

# "સાત પગલાં ખેડૂત કલ્યાણના" યોજના અંતર્ગત સહાય વિતરણ અને "કિસાન સૂર્યોદય યોજના"નું લોકાર્પણ

### કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે કિસાન સન્માન દિવસની ઉજવણી

ગુજરાત સરકાર દ્વારા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના કાર્યકાળનાં પાંચ વર્ષ પૂર્ણ થતાં સરકારની વિવિધ કામગીરીઓ લોકો સમક્ષ રજુ કરીને વિવિધ દિવસ નિમિત્તે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૦૫-૦૮-૨૦૨૧ના રોજ કિસાન સન્માન દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવેલ.

ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી, માનનીય શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કચ્છ ખાતેથી "સાત પગલાં ખેડૂત કલ્યાણના" યોજનાઓ અંતર્ગત સહાય વિતરણ અને "કિસાન સૂર્યોદય યોજના"નું લોકાર્પણ ઉત્તર ગુજરાતના ૨૮ (અઠ્ઠાવીસ) જેટલા સ્થળોએ કરવામાં આવેલ.

આ પ્રસંગે મુખ્યમંત્રી, માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સંબોધન કરી "સાત પગલાં ખેડૂત કલ્યાણના" યોજનાઓ અંતર્ગત સહાય વિતરણ અને "કિસાન સૂર્યોદય યોજના"નું લોકાર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રી નીતિનભાઈ પટેલ, માનનીય નાયબ મુખ્યમંત્રી, વિશેષ ઉપસ્થિત શ્રી આર.સી. ફળદુ, માનનીય મંત્રી કૃષિ, ગ્રામ વિકાસ, વાહનવ્યવહાર, શ્રી સૌરભભાઈ પટેલ, માનનીય મંત્રી ઊર્જા, શ્રી પ્રદિપસિંહ જાડેજા, માનનીય રાજ્ય કક્ષાના મંત્રી ઊર્જા, શ્રી જયદ્રથસિંહજી પરમાર, માનનીય મંત્રી કૃષિ (રાજ્યકક્ષા), પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) ગુજરાતના અલગ-અલગ સ્થળોએથી ઉપસ્થિત રહેલ જ્યારે ભુજ ખાતેના મુખ્ય કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત શ્રી મનીષ ભારદ્વાજ IAS, સચિવ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સુશ્રી મમતા વર્મા IAS, અગ્ર સચિવ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સુશ્રી શાહમીના હુસેન IAS, મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને અધ્યક્ષા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, શ્રી મહેશ સિંઘ IFS, મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. રહેલ, શ્રી કે.એસ. રંધાવા IFS, મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ, શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પી.) તેમજ સામાજિક આગેવાનો, ખેડૂત આગેવાનો, પ્રબુધ્ધ નાગરિકો, માનવંતા ગ્રાહકો, યુજીવીસીએલ અને કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યામાં ઉત્તર ગુજરાતના વિવિધ સ્થળોએ પ્રત્યક્ષ રીતે હાજર રહેલ.

સમગ્ર ગુજરાતમાં તમામ વીજ-વિતરણ કંપનીઓના કાર્યક્ષેત્રમાં વિવિધ સ્થળોએ એક સાથે ઓનલાઈન ભુજ ખાતેથી માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા સંબોધન કરવામાં આવેલ. રાજ્યસરકારના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, કલેક્ટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, સામાજિક આગેવાનો તેમજ સરકારશ્રીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તમામ સ્થળોએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવેલ. ઉત્તર ગુજરાતના કુલ ૨૮ (અઠ્ઠાવીસ) સ્થળોએ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા જુદી જુદી યોજનાના લાભાર્થીઓને સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ સાધન સામગ્રીનું વિતરણ કરવામાં આવેલ.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ગુજરાતના ખેડૂતોને દિવસ દરમ્યાન અલગ અલગ સમયે ૮ કલાક વીજળી આપવામાં આવતી હતી. નિર્ધારીત ટાઇમટેબલ પ્રમાણે વારા ફરતી ખેડૂતોના સમયપત્રક મુજબ રાત્રે પણ ખેતી માટે ૮ કલાક વીજળી આપવામાં

આવતી. રાત્રે વીજળી આપવામાં આવતી હોવાના કારણે જંગલી પશુઓનો, તેમજ જીવજંતુઓ કરડવાનો ભય અને રાત્રીના ઉજાગરાનો સામનો કરવો પડતો. ખેડૂતોની આ મુશ્કેલી દૂર કરવા ગુજરાત સરકાર દ્વારા 'કિસાન સૂર્યોદય યોજના' અન્વયે પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં યોગ્ય આયોજન કરીને માત્ર દિવસ દરમ્યાન જ વીજ પુરવઠો આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

જેના ભાગરૂપે પ્રથમ તબક્કામાં ઉત્તર ગુજરાતના કુલ ૫૭૧ (પાંચસો ઈકોતેર) ગામો (પૂર્ણ અને અંશતઃ) ના ૪૫૧૩૨ ગ્રાહકોને ૨૬૩ ફીડરો પરથી કુલ ૭૭ સબસ્ટેશનો દ્વારા વીજ-પુરવઠો પૂરો પડવાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. તે પ્રમાણે બીજા તબક્કામાં કુલ ૩૬૨ (ત્રણસો બાસઠ) ગામો (પૂર્ણ અને અંશતઃ) ના ૧૫૫૪૫ (પંદર હજાર પાંચસો પિસ્તાલીસ) ગ્રાહકોને ૧૬૮ (એકસો અડસઠ) ફીડરો પરથી કુલ ૨૯ (ઓગણત્રીસ) સબસ્ટેશનો દ્વારા વીજ-પુરવઠો પૂરો પડવાનું આયોજન આગામી સમયમાં હાથ ધરવામાં આવેલ છે. હયાત વીજ-પુરવઠામાં વિના વિક્ષેપે સૌર ઊર્જાનો મહત્તમ ઉપયોગ કરી ખેડૂતોના હિતમાં કૃષિ હેતુ દિવસના સમયે વીજ-પુરવઠો ઉપલબ્ધ કરવાના નવતર અભિગમ સાથે "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તા. ૨૪-૧૦-૨૦૨૦ના રોજ કરવામાં આવેલ.

સમગ્ર ગુજરાતની વાત કરીએ તો "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ રૂ. ૩,૩૮,૨૮૧ (ત્રણ લાખ આડત્રીસ હજાર બસો એક્યાસી) ખેડૂત લાભાર્થી સહિત ૩૯૧૫ ગામોને આવરી લેવાયા. તા. ૦૫-૦૮-૨૦૨૧ના રોજથી વધુ ૧૫૦૦ ગામોના આશરે ૧,૧૦,૦૦૦ (એક લાખ દસ હજાર) ખેડૂત લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાશે તેમજ રાજ્યના તમામ ખેડૂતોને ઓક્ટોબર-૨૦૨૨ સુધીમાં આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજના માટે રૂ. ૩૫૦૦ કરોડના ખર્ચે – ૬૬ કે.વી.ની ૩૩૭૩ સર્કિટ કિ.મી. જેટલી ૨૩૬ નવી ટ્રાન્સમિશન લાઈનો તથા ઈ.એચ.વી.ના ૧૨ નવા સબસ્ટેશનો અને ૧૫ નવી લાઈનો થકી ગુજરાતનું વીજ માળખું સુદ્રઢ કરાશે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના માનવંતા ખેતીવાડીના ગ્રાહકો માટે "ન ભૂતો ન ભવિષ્યતિ" એવા આ મહત્ત્વના ઐતિહાસિક નિર્ણયને આગળ વધારી ઉત્તર ગુજરાતના ખેડૂતોને આ યોજનાથી બીજા તબક્કામાં લાભાન્વિત કરવામાં આવશે. એ ખૂબ જ મહત્ત્વનો અવસર છે કે, ગુજરાત સરકાર દ્વારા "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ વધુ ગામોના ગ્રાહકોને દિવસે વીજળી આપવાનો નિર્ણય કરેલ છે.




"સાત પગલાં ખેડૂત કલ્યાણના" યોજના અંતર્ગત કૃષિ ક્ષેત્રે સંગ્રહ ક્ષમતાનું નિર્માણ કરવા ગોડાઉન બાંધકામ, કૃષિ ક્ષેત્રે લાસ્ટ માઈલ કનેક્ટિવિટી હાંસલ કરવા કિસાન પરિવહન, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન અને દેશી ગાય નિભાવ ખર્ચમાં ખેડૂતોને સહાય, સિમાંત ખેડૂતો અને ખેતમજૂરોની કાર્યક્ષમતામાં વધારો કરવા સ્માર્ટ હેન્ડ ટૂલ કિટ, ફળ-શાકભાજીના છૂટક વિક્રેતાઓને વિના મુલ્યે છત્રી, વન્યપ્રાણીઓ દ્વારા ઊભા પાકને થતા નુકશાન અટકાવવા કાંટાળા તારની વાડની યોજના, ૩.૩૦ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૫૭૫ કરોડથી વધુનો લાભ આપવામાં આવશે.

ઉપરાંત ગુજરાત રાજ્ય બીજ નિગમનાં રૂ. ૨૨૫ કરોડના ૧.૮૫ લાખ મેટ્રીક ટન સંગ્રહ ક્ષમતાના નવીન ગોડાઉન અંતર્ગત સાત ગોડાઉનનું ઈ-ખાતમુહુર્ત અને ભારત સરકારના ખેડૂત ઉત્પાદક સંગઠન (FPOS) યોજના અંતર્ગત ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. દ્વારા ૪૯ FPOSનું ગઠન કરવામાં આવશે.

ખેડૂતોના પ્રશ્નો માટે અતિ સંવેદનશીલ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને રાતનો ઉજાગરો ન કરવો પડે અને દિવસ દરમ્યાન સલામતી સાથે પોતાના ખેતરમાં પિયત તેમજ અન્ય કામગીરી કરી શકે તે ઉદ્દેશથી "કિસાન સૂર્યોદય યોજના" અમલમાં મુકી છે. દિવસે વીજ પુરવઠો મળે તેવી વ્યવસ્થા ખેડૂતો દ્વારા આવકારવામાં આવશે. ઉત્તર ગુજરાત વીજ કંપનીને સરકારશ્રી દ્વારા ખેડૂતલક્ષી કામગીરી માટે જે યોજનાઓ અમલ કરવાની સૂચના પાઠવવામાં આવે છે તેના લક્ષ્યાંકો સિદ્ધ કરવા હંમેશા પ્રતિબદ્ધતા દર્શાવેલ છે.

"કિસાન સૂર્યોદય યોજના" અન્વયે સૂર્ય ઊર્જા થકી દિવસે ઉત્પન્ન થતી વીજળીનો દિવસે જ વપરાશ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવેલ છે.

ભારતના સ્વપ્નદ્રષ્ટા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલકલામના વરદ્ હસ્તે લોકાર્પણ કરેલ જ્યોતિગ્રામ યોજનાના સમગ્ર રાષ્ટ્રમાં સૌથી પ્રથમ અમલીકરણ દ્વારા ગામડાઓને ૨૪ કલાક વીજળી પૂરી પાડવાના નિર્ણય બાદ ફરી ઐતિહાસિક નિર્ણયના બીજા તબક્કાના અમલીકરણ બદલ યુજીવીસીએલ ગૌરવની લાગણી અનુભવે છે.

ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે કંપનીના માનવંતા ગ્રાહકોને "સર્વોત્તમ સેવા થકી સંતોષ" આપવાનો ધ્યેય ચરિતાર્થ થયો છે. કંપની વધુ સારી સેવા આપવા પ્રતિબદ્ધ છે. આજના શુભદિને

"કિસાન સૂર્યોદય યોજના"થી લાભાન્વિત થનાર તમામ ખેતીવાડી વીજ ગ્રાહકોને યુજીવીસીએલ હૃદય પૂર્વક અભિનંદન પાઠવે છે.

આવો વધાવીએ...
"કિસાન સૂર્યોદય યોજના"
દિવસે વીજળી, રાત્રે આરામ.
ખેડૂતોને રાતના ઉજાગરા બંધ
હવે ખેડૂતોને દિવસે વીજળી મળશે.

## ઉદ્‌બોધન માનનીય મુખ્યમંત્રી
## શ્રી વિજયભાઈ રૂપાણી



ભુજ ખાતેથી ઓનલાઈન કાર્યક્રમને દીપપ્રાગટ્ય બાદ ખુલ્લો મુકતા ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ કે, ગુજરાતમાં કૃષિ પુરતી નહીં પરંતુ માનવ જીવનને ટકાવી રાખવા માટે જે ખાદ્ય પેદા કર્યું આ અન્નદાતા છે અને અન્નદાતા હોવાને કારણે એ જગતનો તાત બની ગયો છે, ખેડૂત દુઃખી ગામ દુઃખી એને કારણે દેશ આખો દુઃખી રહેતો હતો, પરંતુ જ્યારથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારથી ખેડૂતોના હિત માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે, અગાઉ પાક વીમા માટે આંદોલનો કરવા પડતા હતાં જ્યારે હાલમાં આપણે નવી યોજના લાવ્યાં "મુખ્યમંત્રી કિસાન કલ્યાણ યોજના" અને એ અંતર્ગત ખેડૂતોને અત્યાર સુધીમાં લગભગ ૯૦૦૦ કરોડ રૂપિયાનો પેકેજ પાંચ વર્ષમાં આપણી સરકારે આપ્યો, ખેડૂતોને કોઈ દિવસ ટેકાના ભાવે ખરીદી થતી નહોતી, ખેડૂતોનો માલ બજારમાં આવે કાળી મજુરી કરી હોય, પરસેવો પાડ્યો હોય અને માલ બજારમાં આવે ભાવો ઘટી જાય, ખેડૂતો બરબાદ થઇ જાય લુટાઈ જાય કે જે આજે મગફળી ૧૧૦૦ રૂપિયા માં ખરીદાય છે એ અગાઉની સરકારે કોઈ દિવસ ૭૦૦ રૂપિયામાં ખરીદી નહોતી અને આજે ખેડૂતોને પૂરતા ભાવ મળે છે અને આપણી સરકારે છેલ્લા ૫ વર્ષમાં ૧૯ હજાર કરોડ રૂપિયાની ટેકાના ભાવથી ખરીદી રહી છે અને ખેડૂતોને પૂરતા ભાવ આપ્યાં છે.

ગુજરાતમાં ૨૫ વર્ષથી આપણું શાસન છે ૨૫ વર્ષમાં કોઈ દિવસ કૃષિ વીજ દરમાં એક પૈસાનો અમે વધારો કર્યો નથી ખેડૂતને સસ્તા ભાવે વીજળી આપી છે, કોલસા ના ભાવ વધ્યા, સ્ટીલના ભાવ વધ્યા, છતાં ૨૫ વર્ષમાં ગુજરાતના ખેડૂતો ઉપર અમે વીજળીના ભાવ એક પૈસો વધાર્યો નથી, ભૂતકાળમાં ખેડૂતોને કૃષિ વીજ કનેક્શનો મળતા નહોતા, ગામડાઓમાં અંધારા હતાં, રાત્રે વાળું કરવા બેસે લાઈટ હોય નહીં આટલી મુશ્કેલીઓ હતી જ્યારે આ સરકારના શાસનમાં છેલ્લા પાંચ વર્ષમાં સાડા પાંચ લાખ કૃષિ વીજ કનેક્શનો આપ્યાં છે અને સાથે સાથે "જ્યોતિગ્રામ યોજના" અંતર્ગત ૨૪ કલાક થ્રી-ફેઝ વીજળી મેળવનાર ગુજરાત એક એવું રાજ્ય છે કે જે ગામડાઓમાં પણ ૨૪ કલાક વીજળી આપે છે અને આજે અમે "કિસાન સૂર્યોદય યોજના" લઈને આવ્યાં છીએ જે "રાત્રે વિશ્રામ દિવસે કામ" ખેડૂતની શક્તિમાં વધારો થાય, ખેડૂતને સુરક્ષા મળે એટલા માટે લાવવામાં આવી.

અગાઉ સિંચાઈની કોઈ પણ વ્યવસ્થા ન હોતી, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને આખો કચ્છ દુષ્કાળના કારમાં દિવસો ભૂલ્યો નથી, હવે સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ આજે સૌની યોજનાથી જોડાયેલા છે, ઉત્તર ગુજરાતના ૫ હજાર તળાવો આજે "સુજલામ સુફલામ" યોજનાથી જોડાયેલા છે, ભૂતકાળમાં પાણીના એક એક ટીપા માટે લોકો મરતાં હતાં જે પ્રશ્નનો સુખદ અંત આવેલ છે.

## ઉદ્‌બોધન નાયબ માનનીય મુખ્યમંત્રી
## શ્રી નીતિનભાઈ પટેલ



ભારતમાતા કી જય" અને "વંદે માતરમ"ના નારા સાથે જણાવેલ કે, શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ વાળી સરકારને આગામી ૭ ઓગસ્ટના દિવસે સફળતાપૂર્વક ગુજરાતની વિકાસ યાત્રાને પાંચ વર્ષ પૂર્ણ થવા જઈ રહેલ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી જે સમયે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આખા દેશની અંદર ગુજરાતને દરેક ક્ષેત્રમાં સારામાં સારી કામગીરી, પ્રજાલક્ષી કાર્યક્રમોની અમલવારીમાં પ્રથમ નંબરે પહોચાડ્યું હતું. તેને વધુ આગળ વધારવા માટે ગત ૫ વર્ષ પહેલાની ૭ ઓગસ્ટે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી તરીકે મારી જે વરણી કરવામાં આવી અને એ દિવસે અમે જે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથગ્રહણ કર્યા બીજા બધા મંત્રીશ્રીઓએ પણ શપથગ્રહણ કર્યા અને મોદી સાહેબના માર્ગદર્શન પ્રમાણે એમના નેતૃત્વ હેઠળ આખું ગુજરાતને ફરી વધુને-વધુ વેગવંતો વિકાસ આપવા માટે ગુજરાતમાં નાનામાં નાનો વ્યક્તિ હોય ગરીબમાં ગરીબ વ્યક્તિ હોય કે કોઈપણ કામગીરી સાથે જ્ઞાતિ, જાતિ, વિસ્તારના કોઈપણ ભેદભાવ સિવાય બધાને મોદી સાહેબનું જે સૂત્ર છે જે હવે તો આખી દુનિયામાં પહોચી ચુક્યું છે "સૌનો સાથ સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ" એ આધારે આ સરકાર કામ કરી રહી છે અને સફળતાપૂર્વકની ૫ વર્ષની

પ્રજાલક્ષી કામગીરી નવી-નવી યોજનાઓ પ્રજાની વચ્ચે જઈને અને એને આગળ વધારવાના નેમ સાથે યોજાએલ અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના આ કાર્યક્રમમાં ઉપસ્થિત અમારા સાથી વર્ષોથી સાથે રહીને સંગઠનનું કામ કરનાર પ્રમુખશ્રી હર્ષદગીરી ગોસ્વામી અમારા પૂર્વ ધારાસભ્ય બંને શ્રી વજુભાઈ ડોડિયા અને ડોક્ટર તેજસ્વીબેન પટેલ, શ્રી વિનોદભાઈ, જિલ્લા પંચાયતના ચેરમેનશ્રી, કલેક્ટરશ્રી અમે બધા ગમે તેટલી યોજનાઓ બનાવીએ નાણામંત્રી તરીકે હું ગમે તેટલું બજેટ મંજુર કરું પણ દરેક વિભાગની યોજનાઓ કાર્યક્રમો એ પ્રજા સુધી પહોચાડવાનું કામ એ વહીવટીતંત્ર કરતું હોય છે ગુજરાતના ૫ લાખ કરતા વધુ કર્મચારીઓ, અધિકારીઓએ સરકારની યોજનાઓનો લાભ પ્રજાને વધુ ને વધુ ઝડપથી પહોંચે સરળતાથી પહોંચે તે માટે મહેનત કરતા હોય છે એ પૈકી કલેકટરનો હોદ્દો, ડીડીઓનો હોદ્દો, ડી.એસ.પી.નો હોદ્દો એ જિલ્લા માટે ખૂબ અગત્યનો હોય છે.

અમદાવાદ જિલ્લામાં અમે જે યોજનાઓ મંજુર કરીએ એનો બધું કામ સફળતાપૂર્વક જેઓ કરી રહ્યાં છે અને પ્રજાની વચ્ચે રહી પ્રજાનું કામ કરે છે એવા આપણા કલેકટર શ્રી સંદીપ સાંગ્લેજી, આપણા જિલ્લાના ડીડીઓ શ્રી અનીલ ધામેલીયાજી, યુજીવીસીએલના મુખ્ય ઈજનેર શ્રી પંડ્યાજી આજે યુજીવીસીએલનો પણ કાર્યક્રમ છે એની પણ હું વાત કરીશ, અહીંયા ઉપસ્થિત શ્રી સુરેશભાઈ પટેલ, ડો. એ.બી. પટેલ, સંયુક્ત બાગાયત નિયામકશ્રી, અમારા સાથી દીવાનજી ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેન, શ્રી લક્ષ્મણસિંહજી, તાલુકા પંચાયતના પ્રમુખ, શ્રી કિરીટસિંહ, શ્રી મહેન્દ્રસિંહ સોલંકી, તાલુકાના રાજકીય આગેવાન, શ્રી યોગેશભાઈ પટેલ, એ.પી. એમ.સી. દેત્રોજના ચેરમેન, શ્રીમતી કાંતાબેન ઠાકોર, આપણા દેત્રોજ ગામના સરપંચશ્રી, મંચ ઉપર બેઠેલા અમારા સાથી અધિકારીઓ અને હોદ્દેદારશ્રીઓ ગામેગામથી પધારેલા સૌ સરપંચશ્રીઓ, આગેવાનો, વડીલો, ખેડૂત ભાઈઓ અને બહેનો અને પત્રકાર મિત્રો, દેત્રોજ અને કડી અહીં બેઠેલા બધાને ખબર જ છે કે ભલે દેત્રોજ અમદાવાદ જિલ્લામાં આવ્યું, દેત્રોજ તાલુકો નવો બન્યો જ્યારે નવા તાલુકાઓ અગાઉની સરકારમાં બનાવવાનું ચાલતું હતું એ વખતે મંત્રીમંડળમાં રહી અને મેં પણ આગ્રહ કરેલો કે બધા તાલુકા બને અને અમારા દેત્રોજને પણ લાભ મળવો જ જોઈએ અને એના કારણે આપણો દેત્રોજ તાલુકો નવો બન્યો અને બધી વ્યવસ્થાઓ સરકારે અહિયાં ગોઠવી, આજે કડી, દેત્રોજ, વિઠલાપુર, બેચરાજી, આ જે જંકશન છે આ જંકશન ગુજરાતના ઔધોગિક વિકાસનું, ખેતીવાડીનું, નર્મદા આધારિત સિંચાઈનું એક મોટું સેન્ટર જેને હબ પણ કહેવામાં આવે છે એ સેન્ટર બની ચુક્યું છે હું તો ખૂબ નાનો હતો મારા ઘણા મિત્રો અહીંયા કોલેજમાં કડી અભ્યાસ કરવા આવતા હતા અને એ કોલેજમાં થી પીકનીક કરવી હોય તો ગેબીટેબા ઉપર પીકનીક કરવા આવતા હતા.

રોડ રસ્તા નહીં કશું વ્યવસ્થા નહીં પીવાનું પાણીએ કડીથી ભરી લાવવું પડે બેચરાજી જઈએ બાબરી ઉતરાવવા તો બેચરાજીનું પાણી તો એટલુંબધું ખારું હતું કે જે દાળ બનાવવાની હોય જમણવારની એ દાળ એ ના બને અને કડીથી દુધના કેનોમાં અમે મીઠું પાણી લઇ બેચરાજી જતા હતાં. કોઈ ખેતીવાડી નહીં કોઈ ઉદ્યોગ ધંધો વ્યવસાય કસુંજ નહીં ખાલી એક સિંગલપટ્ટી રસ્તો અને આખું દેત્રોજ આજુબાજુના ગામડા જે બધા જ મધ્યમથી ગરીબ કક્ષાનો વિસ્તાર હતો આ વિસ્તારને આપણી મોદી સાહેબની સરકાર આવી સંગાથે કેશુભાઇ પટેલની ૧૯૯૫માં પહેલી સરકાર આવી અને હું પણ કડીમાં ૧૯૯૦થી ધારાસભ્ય બન્યો ત્યારથી માંડીને આજ સુધી આ બાજુ દેત્રોજ હોય પેલી બાજુ કલોલ હોય કે પેલી બાજુ મહેસાણા હોય કોઈ વિસ્તારને આપણે પ્રગતિ વિકાસ સરકારની યોજનાઓનો લાભ નર્મદાનું પાણી પીવાનું મીઠું શુદ્ધ પાણી વીજળીની લાઈનો અને રસ્તાઓમાં તો તમે જુઓ છો જે મારે કઈ કહેવું નથી ચારે બાજુ રસ્તાઓનો એટલું બધું વ્યાપક નેટવર્ક ટુ-લેન, ફોર-લેન એકેય ગામડું હવે પાકા ડામર રસ્તા વગરનું આપણા વિસ્તારનું બાકી નથી રાખ્યું. મંચ ઉપર બેઠેલા આગેવાનો પંદર દિવસે મહીને બે-ચાર કાગળ આપી જ જાય તેજસ્વીબેન આવે કાગળ આપી જાય કે અમારા આ રોડ બાકી છે આ માંડલ એ આવી ગયું રામપુરા ભંકોડા એ આવી ગયું આ બધા અમારા જુના સંબંધ છે રાજકીય સંબંધો નહીં પારિવારિક સંબંધો સામાજિક સંબંધો અને એના કારણે સ્વ. શક્તિભાઈ રામ જેવા આગેવાનો આ વિસ્તારને મળેલા.

બેચરાજીમાં પણ ભલે પક્ષ જુદો હતો પણ ભાઈલાલ કાકા એ વખતે આગેવાન હતાં એમના દીકરા જગદીશભાઈ જે અત્યારે રાજપથ ક્લબના પ્રમુખ છે એ પણ મારા મિત્ર, અહીંયા વર્ષો પહેલાં દેત્રોજમાં આપણા જગન્નાથજીના મહંત પધારેલા અને એ વખતે શ્રી અમથાભાઈ દેસાઈએ મને દર્શન માટે પહેલાં કડી મારા ઘરે પધરામણી કરીને પછી અહીંયા રબારી સમાજનો એક મોટો મંદિરનો કાર્યક્રમ હતો તો અમે બધા અહિયાં આવેલા આવા બધા જાત-જાતના સબંધો જ્યારે અહીં હોય ત્યારે સ્વાભાવિક છે કે જ્યારે હું ચાર ટર્મ કડીનો ધારાસભ્ય રહ્યો હોઉં કે અત્યારે બે ટર્મથી મહેસાણાનો ધારાસભ્ય છું પણ બધું મારા ધ્યાનમાં હોય કે ક્યાં શું કરવું છે, શું જરૂરી છે? લોકોની લાગણી શું છે? આવા વિસ્તારમાં પ્રગતિ થાય, વિકાસ થાય, શિક્ષા આરોગ્ય વધે એ માટે રાજ્ય સરકાર દ્વારા સતત અમે કામ કરી રહ્યા છીએ અને ૨૫ વર્ષ કોઈ સરકાર એક પક્ષની એક રાજ્યમાં ચાલે એવા દેશમાં બહુ ઓછા કિસ્સા બન્યા છે આપણા ગુજરાતમાં તમારા બધાના આશીર્વાદથી જનતાના મતદારોના કાર્યકરોના આશીર્વાદથી ૨૫ વર્ષથી સરકાર સતત આપી ગુજરાતની વિકાસ યાત્રાને આગળ વધારી રહી છે.

બાર વર્ષ કરતાં વધુ મોદી સાહેબ

ગુજરાતના મુખ્યમંત્રી રહ્યાં અને એમને નર્મદાથી માંડી અને બધું કામ જે પૂર્ણ કર્યું એ તમે બધા જાણો છો આજે ખેડૂતો માટેનો દિવસ છે આ નવ દિવસની જે ઉજવણી છે જેમ આપણે નવ દિવસની નવરાત્રી હોય એમ અમે મંત્રી મંડળમાં સરકારમાં નક્કી કર્યું કે આપણે નવ દિવસ જુદા-જુદા દિવસે જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરવું, શિક્ષણ હોય, આદિવાસીઓનું કામ હોય, ખેડૂતોનું કામ હોય કે આરોગ્યલક્ષી કામ હોય, વિકાસના કામ હોય એ કાર્યક્રમો નવ દિવસ અમે વહેંચી લીધા અને આજે ખેડૂતો માટેનો આ દિવસ "સાત પગલાં ખેડૂતોના વિકાસ માટે" એ અમે નક્કી કરેલા મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રી શ્રી ફળદુ સાહેબ અને સરકારે ખેડૂતોને માટે, ભૂતકાળમાં તો આપણે ઘણું કર્યું છે પણ નવું-નવું ઉમેરવું, એકવાર કર્યું એટલે સંતોષ નહીં માનવાનો નવું ઉમેરતા જ જવાનું એ કામ આપણી સરકાર કરી રહી છે, ગતિશીલ સરકાર, પ્રગતિશીલ સરકાર, એ ક્યારે કહેવાય કે બાપદાદાની પંદર વીઘા જમીન હોય પણ પંદરની પંદર જ રાખો તો તમે પ્રગતિ કરી ના કહેવાય પણ પંદરની સત્તર કરો, વીસ કરો તો તમે પ્રગતિ કરી કહેવાય.

આપણે ભલે એ જમાનામાં ઓછું ભણેલા પણ આપણી દીકરીઓ અને દીકરાઓને વધુ ભણાવીએ, ગ્રેજ્યુએટ બનાવીએ સારું શિક્ષણ આપીએ તો આપણે પ્રગતિશીલ કહેવાઈએ એમ વિકાસ કરવો એ જરૂરી છે અને વિકાસ કરવાનું કામ આ સરકાર બારે મહિના ચોવીસે કલાક એક જ રટણ અમે કરીએ છીએ કે કેવી રીતે આપણું ગુજરાત વધુ ને વધુ સુખી થાય ગામડે-ગામડે લોકોએ સરકારની નાનામાં-નાની યોજના હોય કે મોટામાં મોટી નર્મદા યોજના હોય એનો લાભ મળે અને એ બધું જ તમે બધા જોઈ રહ્યાં છો, એનો લાભ લઇ રહ્યાં છો, એનો ઉપયોગ કરી રહ્યાં છો, જે ગામડામાં પ્રાથમિક શાળામાં રૂમ નહોતાં એ ગામડા આજે શિક્ષણ માટે, જે ગામડામાં એક ડોક્ટર નહોતો એ ગામડા આજે આરોગ્યની દ્રષ્ટીએ આપણે આગળ વધારી રહ્યાં છીએ.

આ બધું પ્રજા માટે છે રૂ. ૨,૧૭,૦૦૦ કરોડનું બજેટ આ વખતે નાણામંત્રી તરીકે વિધાનસભામાં અમે મંજુર કરાવ્યું તો આ ૨,૧૭,૦૦૦ કરોડ કોના છે? એ તમારા છે તમારા જુદા-જુદા ઉપયોગમાં આવે તે રીતે આ બજેટ ફાળવ્યું છે. ખેડૂતને જગતનો તાત કહીએ છીએ, પહેલાના જમાનામાં ખેડૂત એટલે વધ્યું-ઘટ્યું એ ખેડૂતનું, જુદી-જુદી કહેવતો હતી હું કહેવત નહીં કહું પણ બધાને ખબર છે વધ્યું-ઘટ્યું છેલ્લે ખેડૂતોના ભાગમાં આવે અને જે આવે એમાં એને બાર મહિનાં કાઢવાના, ચોમાસુ ખેતી હતી, વીજળી હતી નહીં, ટ્યુબવેલ નહોતાં, કુવા હતાં પણ કુવામાં મોટર મૂકી ન શકાય, વીજળીની વ્યવસ્થા નહોતી આ બધું આપણે જોયેલું છે આપણે એટલે આપણા બાપદાદાએ કરેલું છે.

આપણે તો બધું સારું-સારું જોઇને મોટા થયાં છીએ, સગવડો જોઇને મોટા થયાં છીએ વ્યવસ્થાઓ જોઇને આપણે આગળ વધ્યાં છીએ પણ આપણા બાપદાદા બીજી પેઢી પહેલાં જે તકલીફો હતી એમાંની કોઈ તકલીફ આજે આખા ગુજરાતમાં આદિવાસી ગામડું હોય કચ્છનું રણ વિસ્તારનું હોય કે દરિયા કિનારાનું હોય કોઈ જગ્યાએ આપણે તકલીફ પ્રજા માટે હવે રહેવા દીધી નથી ત્યારે ખેડૂત સુખી થાય ખેડૂતની આવક વધે કારણકે ગમે તેટલું કરીએ ભલે ઉદ્યોગો ગમે તેટલા વધે ફેક્ટરીઓ ગમે તેટલી વધે સરકારી નોકરીઓ ગમે તેટલી વધે પણ આ દેશમાં આજે પણ દેશની મુખ્ય આવક દેશના ગામડાઓમાં રહેતા કરોડો લોકોની મુખ્ય ધંધા, રોજગાર, વ્યવસાયની આવક એ ખેતી આધારિત છે ખેતી અને પશુપાલનથી જ મોટાભાગના ગામડા આજે ચાલે છે.

આજે તમે બધા ખેડૂતો રાતદિવસ ઉનાળો હોય કે શિયાળો હોય, ચોમાસું હોય કે ગમે તેવા સંજોગો હોય પણ મહેનત કરી અને જુદા જુદા પ્રકારનું જે અનાજનું, કઠોળનું, તેલીબીયા પાકોનું, રોકડિયા પાકોનું જે ઉત્પાદન કરો છો એ ઉત્પાદન વેચવા માટે સારા ભાવ મળે એ માટે માર્કેટયાર્ડોની વ્યવસ્થા હોય, જો માવઠું થાય તો માવઠામાં માલ ખેતરમાં પલળી જાય તો એવું નુકસાન ન થાય એ માટે ખેડૂતોને ગોડાઉન બનાવવાની જમીન પણ આપવાની સહકારી મંડળીઓને અને લોન પણ આપવાની અંદ સબસીડી પણ આપવાની, કોઈ ખેડૂતને ગોડાઉન કરવું હોય પોતાના ખેતરમાં તો ગુજરાતની સરકાર એને સબસીડી આપે છે ટેકાના ભાવે ખરીદી એ ભારત સરકારના સહયોગથી આપણે મોટા પ્રમાણમાં આખા ગુજરાતભરમાં જ્યારે ટેકાના ભાવ કરતાં બજારભાવ ઓછા થાય અને ખેડૂતો ટેકાના ભાવે માલ વેચવા આવે તો એ ખરીદીની વ્યવસ્થા એ પણ આપણે કરીએ છીએ અને ગુજરાતમાં હજારો કરોડ રૂપિયાનું અત્યાર સુધી ભારત સરકારના વડાપ્રધાન નરેન્દ્રભાઈનું જે લક્ષ છે કે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવી એ માટે શું જોઈએ તો પહેલાં પાણી જોઈએ, સિંચાઈ માટે વીજળી જોઈએ, અન્ય સાધનો જોઈએ, સારું બિયારણ જોઈએ, સારું માર્ગદર્શન જોઈએ અને જે ઉત્પાદન કર્યું હોય એના પૂરતા ભાવ મળે એની વ્યવસ્થા જોઈએ આ બધું જ કરવાનું કામ, આપણી સરકાર જે કામગીરી કરી રહી છે તેમાં તમારો પણ ખૂબ ટેકો છે ખૂબ સહયોગ છે એટલે તમને બધાને પણ આ પ્રસંગે ખૂબ-ખૂબ અભિનંદન આપું છું અને તમારો આભાર માનું છું.

આજે ખેડૂતો માટે નર્મદા યોજના, હવે આપણે ચારે બાજુ છેક કચ્છ સુધી નર્મદાનું પાણી પહોંચાડી દીધું છે અને સુજલામ-સુફલામ યોજના ઉત્તર ગુજરાત માટે કડાણા બંધનું પાણી ઉભરાઈ અને દરિયામાં નકામું જતું હતું મોદી સાહેબ વખતે ૬૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરી સમગ્ર ઉત્તર ગુજરાતને આવરી લેતી છેક બનાસકાંઠા, સુરેન્દ્રનગરને આવરી લેતી ૩૫૦ કી.મી.ની જે કેનાલ બનાવી એ કેનાલના કારણે ઉત્તર ગુજરાતમાં પાણી આવ્યું, પાણીના સ્તર ઊંચા આવ્યાં, ખારાશ ઓછી થઇ, ખેડૂતોને દર વર્ષે બબ્બે કોલમ વધારવી પડતી હતી જે હવે કાઢવી પડે

છે, પછી નર્મદા યોજના આવી અને નર્મદા યોજના તો પૂરું ઉત્તર ગુજરાત ખાસ કરીને અમદાવાદ, મહેસાણા જિલ્લો, બેચરાજી, વિરમગામ, માંડલ અને કચ્છ, બનાસકાંઠા આખું લગભગ ૭૦% આવી જાય એ રીતે નર્મદાનો લાભ ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીનમાં સિંચાઈ આપણે કરી રહ્યાં છીએ તો એ પણ આ ઉનાળામાં એ પાણી આપીએ છીએ, કમનસીબે અત્યારે વરસાદ ખેંચાયો છે, નર્મદા બંધમાં એ પાણી ઓછું છે મધ્યપ્રદેશમાં પણ ઉપર પાણી ઓછું છે એટલે અત્યારે થોડું પાણી આપીએ છીએ પણ વરસાદે આવ્યો, ઉનાળામાં પાણી આપ્યું, કુવા, નદીઓના તળ ઊંચા આવ્યાં, થોડો-થોડો વરસાદ પણ થયો એટલે અત્યારે ચાલે છે પણ જરૂર પડશે તો ફરી પાણી આપવા ત્યાં સુધી આપણને ભગવાન વરસાદ આપી દેશે એવો મને વિશ્વાસ છે વીજળીના કનેક્શન, જે વીજળીનું ૫ હોર્સ પાવરનું કનેક્શન અગાઉની નહોતી આપી શકતી એના બદલે ઉત્તર ગુજરાતમાં ૬૦ હોર્સ પાવર, ૭૦ હોર્સ પાવર, ૭૨ હોર્સ પાવર એના લાખો ટ્યુબવેલના કનેક્શન સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં આપણી સરકારે આપ્યાં, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈએ બધી જ મહેનત, તાકાત અને બુદ્ધિશક્તિનો ઉપયોગ કર્યો જે જીઈબી વખતે કડીમાં પાવર જતો રહેતો હતો, ગાંધીનગર, અમદાવાદમાં લોડ શેડિંગ કરવું પડતું હતું, ફેકટરીઓ બંધ રાખવી પડતી હતી એના બદલે મોદી સાહેબે આખા ગુજરાતમાં જ્યોતિગ્રામ કરી ગામડે-ગામડે ૨૪ કલાક વીજળી મળતી થઇ ગઈ એ પણ આખા ભારતમાં પહેલો નંબર આપણા ગુજરાતનો છે.

દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં પાવર જાય પણ આપણા ગામડામાં લાઈટ બંધ ના થાય, દિલ્હીની હોટેલો, પાર્લામેન્ટ, તાજમહેલ બધે લાઈટ બંધ થઇ જાય પણ આપણા ગામડામાં લાઈટ ચાલુ રહે આ જ્યોતિગ્રામ એ પણ આપણી સરકારે મોદી સાહેબે જે કરી બતાવ્યું એ તમે બધા જાણો છો તોફાનો, કરફ્યુ, અસામાજિક તત્વો, દેશવિરોધી તત્વો, બોમ્બ ધડાકા, અમદાવાદ સિવિલમાં બોમ્બ ધડાકા થાય, આતંકવાદીઓ પેસી જાય, કરફ્યુ અમદાવાદમાં ૬ મહિનામાં ૧૦ વખત તો કરફ્યુ આવે, ભગવાન જગન્નાથની રથયાત્રા ના નીકળે, અસામાજિક તત્વો, દેશવિરોધી તત્વો આજે બધાં ખોવાઈ ગયાં, ગુંડાધારો લાવ્યાં, લેન્ડગ્રેબિંગ કાયદો લાવ્યાં, કડકમાં-કડક કાયદા બનાવ્યાં, લવ-જેહાદનો કાયદો લાવ્યાં, આપણી હિંદુ દીકરીઓને ફોસલાવી-છેતરી ફસાવનારા વિરુદ્ધ લવ-જેહાદનો કાયદો આપણી સરકાર લાવી, ચારે બાજુ કોઈપણ રીતે નાગરિકોને, વડીલોને, ભાઈઓ-બહેનોને, દીકરા-દીકરીઓને, ખેડૂતોને, ગામડાના લોકોને કોઈ તકલીફ નાં પડે, બધી જ્ઞાતિ, જાતીના લોકો બધા હળીમળીને સંપથી રહે અને ગુજરાતની વિકાસયાત્રામાં જોડાય એ કામ આપણે કરીએ છીએ અને કર્યું છે, ત્યારે નવી યોજના હતી તમને કલ્પનાએ નહીં હોય, ખેડૂતો વર્ષોથી માગણી કરતાં હતાં કે અમારે આખી રાત ખેતરમાં પાણત કરવા જવું પડે છે અને ખાસ કરીને ગીરનાર, જૂનાગઢ જિલ્લો, અમરેલી જિલ્લો તમે છાપામાં વાંચતા હશો કે રાત્રે ખેડૂત પાણત કરતો હોય અને સિંહ આવી જાય, જંગલી જનાવર આવી જાય, સાપ, વીંછીનો ભય હોય અંધારા માં દેખાય નહીં અને ખેડૂતનો જીવ જાય, ગાયો ઉપાડી જાય, ભેંસો ઉપાડી જાય એ સંજોગો હતાં એટલે જ સરકારમાં અમે નિર્ણય કર્યો, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાણામંત્રી તરીકે લગભગ ૮થી ૯ હજાર કરોડનો જે ખર્ચો થશે એ આપણે મંજુર કર્યો અને ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જીઈબી કંપનીનો સહયોગ લીધો, કૃષિમંત્રી શ્રી ફળદુ સાહેબ એ બધી વ્યવસ્થાઓ કરી એના કારણે નિર્ણય કર્યો કે રાત્રે વીજળી નહીં ખેડૂતોને ખેતી માટે દિવસે વીજળી આપવાની આ “કિસાન સૂર્યોદય યોજના” શરૂ કરી અને લગભગ સૌરાષ્ટ્રમાં તો ત્રણેક હજાર ગામોમાં એનો અમલ પણ ચાલુ કરી દીધો.

હવે આપણા અમદાવાદ જિલ્લામાં આપણા દેત્રોજ તાલુકામાં અને ઉત્તર ગુજરાતમાં અને બીજા વિસ્તારોમાં તબક્કાવાર ફીડર બદલવો પડે, રાત્રે વીજળી આપવાનો ફીડર જુદો હોય, દિવસે વીજળી આપવી હોય તો નવા સબસ્ટેશન, નવી લાઈનો આ બધો ખર્ચ કરવો પડે, બધી વ્યવસ્થા કરવી પડે એ બધું આપણે આગળ વધારી રહ્યાં છીએ, ખેડૂતને રાત્રે પાણત કરવા માટે શિયાળો હોય કે ઉનાળો હોય કે ચોમાસું હોય ઘર છોડી મા-બાપ ઘરે હોય, પત્ની ઘરે હોય, બાળકો ઘરે હોય અને પપ્પા ખેતરમાં હોય, બિચારા કોઈ દિવસે ભેગા જ ન થાય એટલે એમને ભેગા કરવાનું, સહકુટુંબ રહેવાનું અને આ જંગલી જનાવરના ત્રાસમાંથી, ભયમાંથી, જોખમમાંથી દૂર કરવાનું અને ખેડૂત પણ દિવસે ખેતરમાં પાણત કરી શકે, સિંચાઈ કરી શકે, ખેતીનું કામ કરે એવી યોજના આખા ભારતમાં આપણું ગુજરાત પહેલા નંબરનું રાજ્ય છે કે રાત્રીના બદલે ખેડૂતોને દિવસે ખેતી માટે વીજળી આપવાની છે, કેટલા બધાં સાધનો આપીએ છીએ, ટ્રેક્ટર માટે સબસીડી, એન્જીનો માટે સબસીડી, ખેડૂતોના સાધનો માટે સબસીડી, દવાઓ, બિયારણ, ખાતર અને ધિરાણ જ્યારે અગાઉની સરકારમાં ૧૮% વ્યાજ લેવાતું હતું મને આનંદ છે કે આપણી સરકાર, મોદી સાહેબની સરકાર ૦% વ્યાજ ગુજરાતના ખેડૂતો ડિસ્ટ્રીકટ બેન્કો માંથી દર વર્ષે ૩૦ થી ૩૫ હજાર કરોડ રૂપિયા જે ધિરાણ મેળવે છે એ ધિરાણનું વ્યાજ તમારે એક રૂપિયો સેવા મંડળીના ખેડૂતોએ ભરવાનું નથી તમારા વતી બધું વ્યાજ બેન્કોને ગુજરાતની સરકાર અને શ્રી નરેન્દ્રભાઈની કેન્દ્રની સરકાર ભરે છે. જેમાં લગભગ વીજળીની સબસીડી આ સરકાર આવ્યાં પછી વીજળીના દરમાં ૧૯૯૫થી એક પૈસાનો વધારો આપણે કર્યો નથી, ૫૦૦૦ કરોડ રૂપિયાની સબસીડી તમારા વતી આ ગુજરાત વિદ્યુત બોર્ડને સરકાર ચુકવે છે,

તમારા વતી વ્યાજ બેન્કોને ગુજરાતની સરકાર ભરે છે તમને ખબર નથી, તમને તો એમ થાય કે ૦% વ્યાજે લોન ભરી, બેન્કને તો વ્યાજ આપવું પડે જે વ્યાજ બેન્કને કોણ આપે છે? તમારા બધા વતી સરકાર આપે છે, આ બધું જ કામ જ્યારે કરીએ છીએ ત્યારે "જય જવાન, જય કિસાન" નો જે આપણો નારો છે અને બાજપાઈજી એ એમાં "જય વિજ્ઞાન" જે ઉમેર્યું એ પ્રમાણે કેન્દ્રની અને ગુજરાતની સરકાર કામ કરતી હોય ત્યારે તમને બધાને અત્યાર સુધી અમારામાં વિશ્વાસ રાખી, શ્રી નરેન્દ્રભાઈમાં વિશ્વાસ રાખી અમોને જે સતત સમર્થન આપ્યું છે, સરકારને સમર્થન આપ્યું છે આ વખતે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકામાં પસંદગી કરેલ છે. તે માટે તમને બધાને અભિનંદન આપું છું અને આપણે સાથે મળી ગુજરાતની વિકાસ યાત્રાને આગળ વધારીએ અને તમે પણ એમાં સહયોગી બનો, શુભેચ્છક બનો, મદદરૂપ બનો એવી વિનંતી સાથે આજના ખેડૂત દિને સર્વ ખેડૂતોને ખૂબ ખૂબ અભિનંદન, શુભેચ્છા, અસ્તુ, ભારતમાતા કી જય.

## ઉદ્બોધન માનનીય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ



મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રમાં આવેલ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના આતરસુંબા ગામે ગુજરાત રાજ્યના માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે કિસાન સન્માન દિવસ નિમિત્તે હાજરી આપેલ લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત સહાયનું વિતરણ કરેલ. પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં તેઓશ્રીએ જણાવેલ કે, આજના કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ ડાભીજી, પૂર્વ મંત્રી શ્રી મણીભાઈ પટેલ, જિલ્લાના કલેકટર શ્રી બચાણીજી, અમારા એમજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી તુષારભાઈ, જેટકોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઉપેન્દ્ર પાંડે, જિલ્લાના ઉપપ્રમુખ શ્રી ગોપાલભાઈ, તાલુકા પ્રમુખશ્રી, ગામના સરપંચશ્રી, જિલ્લાના મંત્રી શ્રી વિવેકભાઈ, એપીએમસીના ચેરમેન શ્રી નીલેશભાઈ, કિસાન નેતા, શ્રી ચિમનભાઈ, મંચ ઉપર બેઠેલા સૌ વડીલો, કાર્યકર્તા મિત્રો, ભાઈઓ અને બહેનો બે દશકાથી ગુજરાતની અંદર આપણી સરકાર પ્રજાનો વિશ્વાસ લઇ વિકાસના કામો કરતી આવી છે અને છેલ્લા પાંચ વર્ષમાં આદરણીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સરકારની અંદર લોકોને જે વિશ્વાસ આપ્યો હતો, લોકોને જે વચન આપ્યું હતું, જે ખાતમૂહુર્ત કર્યા અને એના ઉદ્ઘાટનો કર્યા એ વિષયો લઈને અમે આપની વચ્ચે આવ્યાં છીએ, મિત્રો સર્વાંગી વિકાસ એજ અમારો મંત્ર છે અને સર્વાંગી વિકાસની અંદર દરેક વ્યક્તિ ખેતરમાં કામ કરતો મજુર હોય કે ખેડૂત હોય, શિક્ષણ આપતો શિક્ષક હોય કે પછી ઉદ્યોગમાં કામ કરતો કારીગર હોય દરેક ક્ષેત્રે આ કામગીરીની અંદર લોકોને લાભ મળે એ પ્રમાણે કામ કર્યું છે, પીવાનું પાણી હોય, સિંચાઈનું પાણી હોય, વીજળી હોય, આરોગ્ય હોય કે શિક્ષણમાં સુવિધા હોય કે પછી રોડ રસ્તા હોય, તમે જોશો તો આ ૨૦ વર્ષની અંદર અને ૫ વર્ષની અંદર ખુબ સારી કામગીરી સરકારમાં કરવામાં આવી છે મિત્રો આ છેલ્લા બે પાંચ દિવસથી આપ જોતા હશો કે જુદા જુદા વિષયો ઉપર અમે આપની વચ્ચે આવ્યાં છીએ, શિક્ષણનો વિષય લઈને આવ્યાં, સેવા સેતુમાં સુવિધા આપવા માટે કેટલી સરળતાથી આપની માંગણીઓ પૂરી કરવા માટે અમે આપની આગળ આવ્યાં કે પછી બહેનોની વચ્ચે જઈ ઘરે બેઠા સખીમંડળો ને ૧ લાખ રૂપિયા સુધીની વગર વ્યાજની લોન આપવામાં આવી, આજે અમે કિસાનોનો વિષય લઈને અમે આપની પાસે આવ્યાં છીએ મિત્રો તમે જુઓ કિસાનોને જોઈએ શું ?, પાણી, વીજળી, ઉત્પાદન કરે એના સારા ભાવો અને હાથ પકડવા માટે થોડી સહાય. હું મારા વિભાગની વાત કરું તો દસ-દસ વર્ષે વીજળીના કનેકશનો મળતાં નહોતાં, દસ વર્ષેય વારો ન આવે, આજે ગુણવત્તા વીજળી માટે સબસ્ટેશનો આપ્યાં, ગુણવત્તા વાળી વીજળી માટે ફીડરો નાના કર્યાં અને ખેડૂતોની વર્ષો જૂની માંગ કે કનેક્શન જલ્દી આપો એ કનેક્શન પુરા આપ્યાં, મિત્રો છેલ્લા પાંચ વર્ષની અંદરની વાત કરું તો આ સરકારમાં સાડા પાંચ લાખ કનેકશનો આપ્યાં છે અને એમાં ખેડા જિલ્લાની અંદર અમે ૧૦,૨૨૬ કનેક્શન આપ્યાં છે, છેલ્લા પાંચ વર્ષમાં ૫૦૮ સબસ્ટેશનો કર્યાં છે, તમને યાદ હોય તો પહેલાના જમાનામાં વર્ષે પંદર મળતાં એમાં ચાર-પાંચ ઉદ્યોગોને મળે, બે ત્રણ શહેરોમાં મળે અને ગણ્યા-ગાંઠા સાત-આંઠ ખેડૂતોને માટે રાખવામાં આવતાં ત્યારે આજની તારીખમાં ધારાસભ્યશ્રીનો માંગણી ના હોય તો પણ અમે સબસ્ટેશનોનું કામ પૂરી કરીએ છીએ અને ખેડા જીલ્લાની અંદર આવતા બે જ વર્ષમાં અમે ૯ નવા સબસ્ટેશનો આપીએ છીએ આ બધ્ધાં સબસ્ટેશનો ખેતી માટે કામ આવવાનાં છે અને ખેતીનું વીજળીનું કનેક્શન આજે માંગો ત્યારે મળી જાય એવી પરિસ્થિતિ ઉભી થઇ અને એક ખેડૂતના કનેક્શન પાછળ રાજ્ય સરકાર ૧ લાખ ૬૦ હજાર રૂપિયા ખર્ચે છે એટલે વર્ષે તમે ગણો કે ૧ લાખ કનેક્શન આપીએ તો ૧૬૦૦ કરોડ રૂપિયા તો ખેડૂતોના કનેક્શન પાછળ રાજ્ય સરકાર ખર્ચો કરે છે, ખેતીનું કનેક્શન તો આપી દીધું પછી ખેતીની વીજળીના પાછળ ખર્ચો કરીએ છીએ, આજે આપ જાણો છો કે કોલસાના ભાવ વધે, ડીઝલના ભાવ વધે, પેટ્રોલના ભાવ વધે, લોખંડના ભાવ વધે, સિમેન્ટના ભાવ વધે પણ વીજળીના ભાવ વધતાં નથી અને એનું કારણ કે રાજ્યસરકાર સબસીડી

આપે છે છેલ્લા પાંચ વર્ષમાં ૨૯ હજાર કરોડની સબસીડી રાજયસરકારે ખેડૂતો પાછળ ખર્ચી છે અને એમાં ખેડા જિલ્લાની અંદર ૪૮૦ કરોડ રૂપિયા થાય છે એટલે તમારું ભારણ ન આવે એ અમે સરકાર ભારણ ઉપાડી લઈએ છીએ, તમારો ખર્ચો મોંઘો ન થાય એના માટે સરકાર એ ઉપાડે છે, એટલે વીજળીના નવા કનેક્શન હોય, સબસીડી હોય, ગુણવત્તા વાળી માટે તમારા ફીડરો નાના કરીએ છીએ, લાંબા લાંબા ફીડરો બાયફરકેટ કરીએ છીએ, ખેડાની અંદર ૮૪ ફીડરો બાયફરકેટ કર્યા છે અને એ બાયફરકેટ કરે ત્યારે તમારા ટ્રીપીંગ ઓછા થાય, ત્યારે તમને ગુણવત્તા વાળી વીજળી મળતી હોય છે, "જ્યોતિગ્રામ યોજના" એ ક્રાંતિકારી યોજના હતી, ગામડાને વીજળી આપવાની યોજના હતી અને એ ગામડાને વીજળી ૨૪ કલાક માંગ હતી પહેલાં જમવાના સમયે વીજળી મળે એટલી વિનંતી કરતાં લોકો પરંતુ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં "જ્યોતિગ્રામ યોજના"નો ઊર્જા વિભાગે અમલીકરણ કર્યો અને ૧૮ હજાર ગામડા એક ગામડાથી બીજા ગામડાનું અંતર ૫ કિલોમીટર એટલે ૧ લાખ કિલોમીટરની નવી લાઈનો નાખી, ૨૦ લાખ થાંભલા નાખ્યાં અને ત્યારે આજે આપને ૨૪ કલાક વીજળી ગામમાં મળતી થઇ અને લાભ કેટલાં થયાં ? જીવનધોરણમાં સુધારો આવી ગયો બદલાવ આવી ગયો, શિક્ષણ જગતની અંદર છોકરા કોમ્પ્યુટર વાપરતાં થઇ ગયાં, ગામમાં લગ્નની સીઝનમાં કોઈ દરજીને કામ કરવું હોય તો વાર રાજાને ચિંતા રહેતી કે વીજળી મળશે કે નહિ મળે મારા કપડા મળશે કે નહીં મળે? બધા વિષયો દૂર થઇ ગયાં અને આજની તારીખમાં ગામડાઓની અંદર અર્થતંત્ર, લીકોની આવક વધી એ જ્યોતિગ્રામ યોજનાના કારણે બન્યું છે અને એવી આજે ક્રાંતિકારી યોજના તમને મળવા જઈ રહી છે "કિસાન સૂર્યોદય યોજના" વર્ષોથી માગણી હતી કે, ખેડૂતોને રાતના ખેતી કરવા જવું પડે છે જંગલી જનાવરોની ચિંતા, સાંપની ચિંતા અને સૌથી અગત્યનું રાતના ઉજાગરાના કારણે ખેડૂતોની તબિયત ઉપર અસર પડતી અને એટલેજ સરકારે નિર્ણય લીધો કે ખેડૂતોને દિવસે વીજળી આપવી છે "કિસાન સૂર્યોદય યોજના" મૂકી અને મને આ કહેતાં ગૌરવ થાય છે કે આજથી ૫૦૦૧ ગામડાઓને દિવસે વીજળી આપવાનું કામ શરુ થઇ ગયું છે અને આપના ગામને પણ એનો લાભ મળ્યો છે એટલે "દિવસે કામ અને રાતના આરામ".

હમણાં કોરોનાની બધી વાતો ચાલે છે કોરોના વોરીયર્સ નર્સ હોય, ડોક્ટર હોય કે આપણા ગામડાઓ માં ઘણા લોકોએ મહેનત કરી, બધાને અભિનંદન આપવા છે આ કોઈ સહેલો વિષય નથી ડોકટરો જોઈએ છેલ્લા પાંચ વર્ષમાં ૯ કોલેજો રાજ્યસરકારે વધારી છે એ ૯ કોલેજો ના કારણે ડોકટરોની સંખ્યામાં ખુબ મોટો વધારો થયો છે ૫ વર્ષમાં ડોકટરોની અછતમાં ઘણો બદલાવ આવી જશે આટલી બધી મેડીકલ સીટો આવી અને નાના-નાના શહેરોમાં પણ ડોકટરો આવશે જતે દિવસે ગામડાઓમાં પણ આવશે અને આજની તારીખમાં ઓનલાઈન શિક્ષણ પણ અમે આપીએ છીએ, ઓનલાઈન ડોકટરો આજની તારીખમાં ગામડામાં નિદાન કરી શકે એવી સુવિધા માટે વ્યવસ્થા કરી છે. અને આવતા દિવસોમાં હજુ ઘણી પ્રગતિ કરવાની છે અને ઘણા વિકાસના કામો કરવાના છે અને વિકાસના કામો આપણે જોડે મળીને કરવાના છે.

કાર્યક્રમ બાદ પત્રકારો સાથે વાતચીતમાં જણાવેલ કે "કિસાન સન્માન દિવસ" તરીકે આજનો દિવસ કિસાનો વચ્ચે જઈ કિસાનો માટે કરેલા કામોની માહિતી આપેલ. છેલ્લા પાંચ વર્ષમાં કિસાનની આવક વધે, કિસાનોનો ખર્ચ ઘટે અને મુશ્કેલી ઓછી થાય તે માટે અનેક પગલાં લીધાં છે. ઊર્જા વિભાગની વાત કરું તો છેલ્લા પાંચ વર્ષમાં સાડા પાંચ લાખ કનેક્શનો ગુજરાતમાં આપ્યાં છે અને એક કનેક્શન પાછળ સરકાર ૧ લાખ ૬૦ હજાર રૂપિયાનો ખર્ચ કરે છે. આ ઉપરાંત છેલ્લા ૨૫ વર્ષથી ક્યારેય વીજળીના બીલના ભાવ વધાર્યા નથી અને ખેડૂતોને ૩૦ હજાર કરોડ રૂપિયાની સબસીડી આપેલ છે. ગુણવત્તા સભર વીજળી પૂરી પાડવામાં આવે છે.

## ઉદ્‌બોધન માનનીય મંત્રી
## શ્રી ગણપતભાઈ વસાવા



ભારત માતા કી જય"ના નારા સાથે ગાંધીનગર જિલ્લા "કિસાન સન્માન દિવસ"ના કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહાનુભાવો ના સ્વાગત દ્વારા શરૂઆત કરતાં જણાવેલ કે, મિત્રો આપણને બધાને ખ્યાલ છે કે આપણા સૌના લોક લાડીલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સાહેબની સરકારને આવનારી ૭મી તારીખે પાંચ વર્ષ પૂર્ણ થાય છે એટલે પાંચ વર્ષની આપણી સરકારે પહેલી તારીખથી લઈને ૯ તારીખ સુધી અનેકો અનેક પ્રજાલક્ષી વિકાસના કર્યો કે જે ગરીબો માટે હોય, ખેડૂતો માટે હોય, યુવાનો માટે હોય એવા અનેક કાર્યક્રમો રાજ્ય સરકારે આપણને આપ્યાં છે.

મિત્રો, આજે આપણી આ ગુજરાતની સરકાર શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબની સરકારની આગવી ઓળખ છે કે આ સરકાર એ ખેડૂતોની સરકાર છે, આ સરકાર ગરીબોની સરકાર છે, વંચિતોની સરકાર છે, યુવાનો માટે, મહિલાઓ માટે કામ કરતી આ સરકાર છે ત્યારે નવે નવ દિવસ અલગ અલગ વિષયોના કાર્યક્રમો નક્કી કરવામાં આવેલ છે કરોડો-કરોડો રૂપિયાના વિકાસના કામોના ભૂમિપૂજન, ઉદ્‌ઘાટન, ગુજરાતના લાખો લાભાર્થીઓને સ્થળ ઉપર

લાભ આપવાનું આયોજન આપણને બધાને ખ્યાલ છે એ શરૂઆત આપણે શિક્ષણથી કરેલ અને ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ માટે અનેક યોજનાઓનો એ દિવસે ઉદ્ઘાટન અને ભૂમિપૂજન પણ થયું, નવા ટેબ્લેટના વિતરણના કાર્યક્રમો પણ થયાં, માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબનો જન્મ દિવસ હતો બીજી તારીખે એ દિવસે પણ સેવા સેતુના કાર્યક્રમો પણ થયાં, ગુજરાતના ઇતિહાસમાં પહેલી વાર સખી મંડળોને એકસોને ચાલીસ કરોડ જેટલી વગર વ્યાજે લોન કે જેમાં સરકાર ગેરેન્ટેડ બની અને બહેનોને સશક્ત અને પગભર બનાવવા માટે આ કાર્યક્રમ થયો એવા અનેક કાર્યક્રમો નવે નવ દિવસ નક્કી કર્યા છે ત્યારે આજનો દિવસ એ “કિસાન સન્માન” નો દિવસ છે ત્યારે ભાઈઓ-બહેનો કિસાનો માટે પણ આજે સમગ્ર ગુજરાતમાં એકસોને પચ્ચીસ કરતાં વધારે કાર્યક્રમો આયોજિત કરવામાં આવેલ છે.

આપણા સૌના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ આપણી સાથે ટૂંક સમયમાં જોડાવાના છે ત્યારે અનેક યોજનાઓ કિસાન પરિવહનની યોજના, ગાય નિભાવની યોજના, છત્રીની યોજના, તારવાડી યોજના એવાતો અનેક-અનેક લાભોનો આજે વિતરણ પણ થવાનું છે અને સમગ્ર ગુજરાતમાં જોઈએ તો લગભગ ૧૦૦ કરોડ કરતાં વધારેના લાભો એ ગુજરાતના ખેડૂતોને મળવાના છે, ભાઈઓ બહેનો આપણને ખ્યાલ છે ભૂતકાળમાં જ્યારે આપણે ગામડામાં પ્રવાસ કરતાં ત્યારે ગામડાની બહેનોની એક જ માંગ હતી કે સવારે અમારા બાળકો તૈયાર થઈને નિશાળે ભણવા જાય, કોલેજમાં જાય એટલો કમસે કમ ૨ કલાકતો વીજળી આપો અને સાંજે રસોઈ બનાવીએ અને પરિવાર ભેગો થઈને જમી શકે એટલા પુરતી સાંજે પણ ૨ કલાક વીજળી આપો આ પરિસ્થિતિ ગુજરાતમાં હતી, હાલની સરકાર આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપવા પડે કે તેમણે મુખ્યમંત્રી તરીકે “જ્યોતિગ્રામ યોજના” ગુજરાતમાં અમલ કરી અને ગુજરાતને ૨ કલાક નહીં પરંતુ ગામડાના લોકોને ઘરવપરાશ માટે ૨૪ કલાક વીજળી આપવાનું કામ સમગ્ર દેશમાં કોઈ રાજ્યમાં થયું હોય તો એ આપણા ગુજરાત રાજ્યમાં થયું.

ત્યારબાદ આપણા ખેડૂત મિત્રો જેને જગતનો તાત કહીએ છીએ એ ખેડૂત મિત્રોની માંગણી હતી કે અમને પણ એક અઠવાડિયું રાત્રે વીજળી મળે – એક અઠવાડિયું દિવસે વીજળી મળે એના કરતાં અમને દિવસના વીજળી આપો, તો માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબે નિર્ણય કર્યો કે મારા ગુજરાતના ૫૪ લાખ ખેડૂત મિત્રો માટે ભલે સાડા ત્રણ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવો પડે પરંતુ “કિસાન સૂર્યોદય યોજના”ની જાહેરાત કરી અને આજે ગુજરાતની અંદર ૪ લાખ કરતાં વધારે ખેડૂતોને દિવસે વીજળી આપવાની શરૂઆત આ સરકારે કરી છે અને આવનારા નજીકના વર્ષોમાં આ યોજના પૂર્ણ થશે અને ગુજરાતના ૧૮ હજાર ગામડાઓની અંદર દિવસના હવે ખેડૂતોને વીજળી આપવાનું હાલની સરકારે નક્કી કર્યું છે. ભાઈઓ-બહેનો એક પ્રકારે આપણા ગુજરાત રાજ્યમાં ક્યારેક દુષ્કાળ પડે અને ક્યારેક અતિવૃષ્ટિ પણ થાય તો એવા સમયે પણ આ વર્તમાન સરકારે ક્યારેય પણ ખેડૂતોનો સાથ છોડ્યો નથી, ખેડૂતોના દુઃખમાં પણ ભાગીદાર બની છે આ સરકાર અને ખેડૂતોના સુખમાં પણ આ સરકાર ભાગીદાર બની છે અને કુદરતી આફતો સામે ખેડૂતોને આર્થિક સહાય કરવા માટે લગભગ અત્યાર સુધીમાં ૮ હજાર કરોડ રૂપિયા કરતાં વધારે સહાયો એ આપણા ખેડૂતોને છેલ્લા ૫ વર્ષમાં આપણી સરકારે આપી છે, એ જ પ્રકારે ભાઈઓ-બહેનો ગાંધીનગર જિલ્લાની અંદર પણ અનેકો-અનેક સહાયો ભૂતકાળમાં પણ આપવામાં આવી છે અને અત્યારે પણ સરકાર આપશે અને ભવિષ્યમાં પણ આપવાની છે ત્યારે આ ગુજરાત એ દરેક દ્રષ્ટિએ વિકાસના અનેક આયામો સિધ્ધ કરીને સમગ્ર દેશમાં નંબર ૧ બન્યું હોય તો એ નરેન્દ્રભાઈ મોદી સાહેબને કારણે બન્યું છે.

ભાઈઓ-બહેનો શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દેશના વડાપ્રધાન બન્યા પછી તો આપણને એમ થાય કે ગુજરાતની ઉન્નતિ અને સમૃદ્ધિના જાણે દ્વાર ખોલી નાખ્યાં હોય એ પ્રકારે શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપણને બધાને મદદ કરી છે, ગુજરાતની જીવાદોરી સમાન ખેડૂતો જેને નર્મદા મૈયા કહે છે એવા નર્મદા ડેમના દરવાજાઓ ફીટ કરવાની પરવાનગી વર્ષોથી અગાઉની સરકારોએ આપી નહોતી શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા અને ૧૬માં દિવસે નર્મદા ડેમના દરવાજા ફીટ કરવાની મંજુરી આપી દીધી અને ત્યાર બાદ ૨૦૧૭માં પાણી રોકવાની પણ મંજુરી આપી કે જેના કારણે સમગ્ર ગુજરાતમાં લાખો ખેડૂતોને સિંચાઈનું પાણી મળતું થયું, લાખો લોકોને પીવાનું પાણી મળતું થયું એ કામ નરેન્દ્રભાઈ મોદી સાહેબે કર્યું છે.

ભાઈઓ બહેનો શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગુજરાતના વિકાસનો પાયો નાખ્યો હતો એની ઉપર જ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સાહેબે આપણા ગુજરાતને ઉત્તમ થી સર્વોત્તમ બનાવવાનું કામ એ આપણા બંને મહાનુભાવો કરી રહ્યાં છે ત્યારે હજુ પણ આપણા ગુજરાતને આપણે અનેક ઉંચાઈઓ સુધી લઇ જવાનો છે અને એમાં આપણા મુખ્ય મુદ્દા એ આપણા ખેડૂતોનું ભલું થાય, ગરીબોનું ભલું થાય, મહિલાઓ આગળ આવે, યુવાનોને રોજગાર મળે, ગરીબોને ગરીબી રેખાથી આપણે બહાર લાવી શકીએ એવા રહ્ય સરકારના પ્રયત્નો છે અને છેલ્લા ૫ વર્ષમાં ખેડૂતો, ગરીબો, શ્રમિકો, મહિલાઓ માટે ૩૬ હજાર કરોડ રૂપિયા ડાયરેક્ટ એમના ખાતામાં જમા કરાવવાનું કામ વર્તમાન સરકારે કર્યું છે, ભાઈઓ-બહેનો કોરોના કાળ દરમ્યાન પ્રજાના દુઃખમાં ભાગીદાર થવા માટે સરકારે પણ હિંમત નહીં હારી અને મિત્રો આપણે બધા કોરોનાની સામે કોરોના વોરિયર બનીને શ્રી વિજયભાઈ રૂપાણી

સાહેબ અને શ્રી નીતિનભાઈ પટેલ સાહેબને અભિનંદન આપીએ કે રાજ્ય સરકારે ખૂબ મહેનત કરીને આજે ગુજરાત કોરોના મુક્ત થવા તરફ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે, બે દિવસ પહેલા જ મિત્રો આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સીધા દિલ્હીથી આપણી સાથે જોડાઈને ગુજરાતનો એક પણ ગરીબ પરિવાર ભૂખ્યો ન રહે એના માટે મફતમાં અનાજ આપવાની યોજના પણ લોન્ચ કરી છે, ગ્રામ્ય વિસ્તારમાં મુખ્યમંત્રી સડક યોજના અમલ કરવાને કારણે આજે ગામેગામ પાકા રસ્તાઓ પણ બની રહ્યા છે ત્યારે ગુજરાતના છેવાડાના ગામોનો વિકાસ કરીને જે માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબનું જે સ્વપ્ન છે એને આપણે બધા સાકાર કરીશું.

આજના કાર્યક્રમમાં ઊર્જા વિભાગ, કૃષિ વિભાગ અને ગુજરાતના વહીવટી તંત્ર દ્વારા જે સુંદર સફળ આયોજન કર્યું છે એ બદલ સર્વેને ખૂબ ખૂબ અભિનંદન પણ આપું છું, જય જય ગરવી ગુજરાત..

## ઉદ્‌બોધન માનનીય મંત્રી
## શ્રી પ્રદિપસિંહ જાડેજા



આપણી સરકારના "સૌનો સાથ સૌનો વિકાસ"ના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ આ રાજ્યસરકારને જે પાંચ વર્ષ પૂર્ણ થાય છે આ પાંચ વર્ષની આપણે કોઈ ઉજવણી કરતાં નથી પરંતુ આ પાંચ વર્ષ નિમિત્તે ગુજરાતની સાડા છ કરોડની પ્રજા એના વિકાસ માટે કરેલા અને કરવા નિયત કરેલા કાર્યક્રમો એ હાથ ઉપર થયા છે એમાં સેવા સેતુના માધ્યમથી સંવેદના હોય, જ્ઞાન દિવસના માધ્યમથી શાળાના ઓરડાઓથી માંડીને અન્ય ચિંતા કરવાની હોય સખી મંડળની મહિલાઓ આત્મનિર્ભર બને તે માટેના કાર્યક્રમો હોય કે પછી આ જે "કિસાન સન્માન દિવસ" આ પ્રમાણેના ૯ દિવસના અલગ અલગ કાર્યક્રમો એ ઊજવણીના સ્વરૂપે નહીં પણ ગુજરાતની પ્રજાનું જીવન કલ્યાણકારી યોજનાઓના માધ્યમથી વધારે અનુકુળતા કેવી રીતે ઊભી કરી શકાય તે માટેના આ કાર્યક્રમોના ભાગ સ્વરૂપે આજના કાર્યક્રમમાં આપણી વચ્ચે ઉપસ્થિત જિલ્લાના રાજકીય આગેવાન શ્રી જે.ડી. પટેલ, ગુજરાત વિધાનસભાના મારા સાથી માનનીય ધારાસભ્ય, શ્રી રાજેન્દ્રસિંહજી, શ્રી વિજયભાઈ પંડ્યા, શ્રી કનુભાઈ પટેલ, સુશ્રી કૌશલ્યાકુમારીબા, ખેડૂત આગેવાન, શ્રી હિતેશભાઈ, એપીએમસીના ચેરમેન શ્રી જેઠાભાઈ, શ્રી મહેશભાઈ, બેંકના ચેરમેન, સુશ્રી ગીરાબેન, શ્રી સિધ્ધાર્થભાઈ, શ્રી ભરતભાઈ આર્ય, સુશ્રી રેખાબેન, કલેકટરશ્રી, ડી.ડી.ઓશ્રી, તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા સંગઠનના અધ્યક્ષ, ઉપસ્થિત આપ સૌ ભાઈઓ અને બહેનો મારા પૂર્વ વક્તા શ્રી રાજેન્દ્રસિંહએ ગુજરાતના ખેડૂતો માટે રાજ્યસરકારે કરેલા કામો વિસ્તૃત રીતે કહ્યાં પરંતુ રાજ્યના માનનીય કૃષિમંત્રી એમણે નાની નાની વસ્તુઓ લઈને "સાત પગલા ખેડૂત કલ્યાણના" કદાચ એ રાજ્યકક્ષાને સાપેક્ષમાં જોઈએ તો આ નાની યોજના છે પરંતુ ખેડૂત પોતાનો પાક ઉત્પન્ન કર્યા પછી એની પાસે જો એનો સંગ્રહ કરવાની પૂરતી વ્યવસ્થા ના હોય તો એ એના માટે ગોડાઉન બનાવીને ખેડૂતને મદદરૂપ થવાની આ સાત પગલાં ખેડૂત કલ્યાણના માધ્યમથી યોજના બનાવી છે.

રાજ્ય સરકાર ખેડૂતની નાની નાની મુશ્કેલીઓ સમજી અને એ મુશ્કેલીઓના નિરાકરણ માટે જ્યારે કામ કરી રહી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે હરહંમેશ આપણને સૌને કહેતા કે મને ગુજરાતના વિકાસનું ઘેલું લાગ્યું છે, વિશ્વમાં જે શ્રેષ્ઠ છે એ ગુજરાત માટે કરીને જ જંપીશ ગુજરાત એ મારો આત્મા છે અને ભારત એ મારો પરમાત્મા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસનો યજ્ઞ આદર્યો હતો અને એના કારણે ભાઈ શ્રી રાજેન્દ્રસિંહ એ કહ્યું તેમ આપણો કૃષિ વિકાસ દર આપણે સારો હાંસલ કરવા માટેનો યશ કોઈને આપવાનો હોય તો આપણા ગુજરાતના પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કારણે આજે આપણે કૃષિ વિકાસદર ઉત્તમ પ્રકારનો હાંસલ કરી શક્યા છીએ. પ્રધાનમંત્રી બન્યા બાદ કિસાનોની સમસ્યા એ જાણે છે અને કિસાનોની સમસ્યાના નિરાકરણ માટે એમણે "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ"ના માધ્યમથી તમામ ખેડૂત પરિવારોને ૬૦૦૦ રૂપિયા સીધા ખેડૂતના ખાતાની અંદર પહોંચાડીને ગુજરાતના ૫૯ લાખ કિસાનોને ૭,૯૫૧ કરોડ રૂપિયા ગુજરાતના ખેડૂતો સુધી પહોંચાડ્યા તો એ આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પહોંચાડ્યા છે.

માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં અને ત્યાર બાદ શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ મારો ગુજરાતનો ખેડૂત દુઃખી ન થાય એના માટે ૨૦૨૦માં શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી તરીકે ગુજરાતની અંદર જે "કિસાન સૂર્યોદય યોજના" શરૂ કરવામાં આવી હતી તે "કિસાન સૂર્યોદય યોજના" પ્રવર્તમાન વીજવિતરણની વ્યવસ્થાને કોઈપણ રીતે અવરોધ્યા સિવાય મારા ખેડૂતને ઉજાગરા ન કરવા પડે, મારા ખેડૂતને રાત્રે જીવજંતુને કારણે હેરાનગતિ ન થાય, કડકડતી ઠંડી હોય કે ચોમાસાના વરસાદ વચ્ચે ખેડૂતે પણ જ્યારે પોતાના ખેતરની અંદર કામ કરવામાં તકલીફો પડતી હતી આનું નિરાકરણ ક્યારેય કલ્પ્યું ન હોય તે દિવસે વીજળી અને આજથી આપણા મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના પરિશ્રમના કારણે બીજા વધારાના ૧૫૦૦ ગામોમાં ગુજરાતની અંદર દિવસે વીજળીની શરૂઆત થાય છે અને આ દિવસે વીજળીની શરૂઆત થવાના કારણે ખેડૂતને પણ અન્ય લોકો જે રાત્રે નિરાંતની ઊંઘ લઇ શકે એવી સ્થિતિનું સર્જન એ આપણી આ સરકાર દ્વારા

કરવામાં આવ્યું છે. કિસાનની વ્યથા અને આ વ્યથાને વ્યવસ્થાની અંદર પરિવર્તિત કરવા માટેનો અમારો જે પ્રયાસ છે એના ભાગ સ્વરૂપે આજના દિવસને "કિસાન સન્માન દિવસ" તરીકે આપ સૌની વચ્ચે અમને એને જાહેર કરતાં, ૧,૫૦૦ ગામડા નવા જાહેર કરતાં અમને અત્યંત આનંદ થાય છે આપ સૌનો ખૂબ ખૂબ આભાર, ભારતમાતા કી જય, વંદે માતરમ..

## ઉદ્‌બોધન માનનીય મંત્રી શ્રી યોગેશભાઈ પટેલ



તાજેતરના સફળ ૫ વર્ષની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત ગુજરાત પ્રદેશના રાજકીય અગ્રણી શ્રીમતી અલકાબેન પ્રજાપતિ, જિલ્લા અગ્રણીશ્રી કનુભાઈ વ્યાસ, બનાસકાંઠા કલેકટર શ્રી આનંદભાઈ પટેલ તેમજ બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્વપ્નિલ ખરે, તેમજ શ્રી હરિભાઈ આચાર્ય, પૂર્વ નગરપાલિકા પ્રમુખ, શ્રી ટી. પી. રાજપૂત, ખેડૂત આગેવાન, બનાસકાંઠા, શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી પી.કે. પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી, પ્રાંત અધિકારી, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, ભાઈઓ, બહેનો, પત્રકાર મિત્રો આ સૌનું હાર્દિક અભિવાદન કરતા જણાવેલ કે, કોરોનાથી તકેદારી માટે અપીલ કરેલ તેમજ પંથકમાં ઓછા વરસાદ અંગે ચિંતા કરી મેઘરાજાને પ્રાર્થના કરેલ.

આમ તો બનાસકાંઠા ડ્રાય એરિયા હતો પરંતુ નર્મદાના આગમનથી અહીંના ખેડૂતો ખુશ છે અને અહીંની ખેતી પણ સારી થઈ છે, હું રાજયકક્ષાનો નર્મદાનો મંત્રી હોવાના નાતે જેને પણ નર્મદાના પાણી અંગે અથવા નર્મદા અંગે કોઈ ફરિયાદ હોય તો આ કાર્યક્રમના અંતે મને જણાવી શકો છો અને તમને નર્મદાના નીર સારી રીતે મળે એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું. ગુજરાતના પનોતા પુત્ર અને લોક લાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટે નાખેલા પાયા ઉપર આજે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આપણા ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ સુધી લઈ જવા નિષ્ઠાપૂર્વક કાર્ય કરેલ છે.

ચોમાસું સારું જાય, ખેતી સારી પાકે તોજ આખા રાજ્યમાં કે આખા દેશમાં વેપાર-ધંધો વધે, લોકોને રોજગાર મળે આ બધું જ ખેતી ઉપર જ નિર્ભર છે એટલે અહીંના ખેડૂતોએ ખૂબ મુશ્કેલીમાં, ખૂબ જ મહેનત અને સંઘર્ષથી ખેતી કરી છે પણ નર્મદાના નીર મળ્યા પછી આપણી ખેતીમાં જે બરકત આવી છે અને હજુ પણ ભગવાન ખૂબ બરકત દે એવી ભગવાનને પ્રાર્થના કરું છું, આજે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી "કિસાન સન્માન દિવસ" કાર્યક્રમનો શુભારંભ કરનાર છે, આપણા શ્રી ફળદુજી પણ આ કાર્યક્રમમાં હાજર રહેવાના છે, રાજ્યભરમાં "કિસાન સૂર્યોદય યોજના"ના "સાત પગલાં ખેડૂત કલ્યાણના" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે આપણા માટે આનંદની વાત છે કે જીરૂ, ચણા અને વરીયાળીના ઉત્પાદનમાં દેશમાં પ્રથમ નંબરે છે, રાજ્યમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વિવિધ યોજના હેઠળ વાર્ષિક અંદાજીત રૂપિયા ૨૫૦૦૦ કરોડ થી વધુની સહાય આપવામાં આવેલ છે.

"સાત પગલાં ખેડૂત કલ્યાણના" કાર્યક્રમ અંતર્ગત વિવિધ ખેડૂત કલ્યાણની યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે આ યોજનાઓ દ્વારા ખેડૂતને વધુને વધુ આત્મનિર્ભર બનાવવા નો નિર્ધાર કરેલો છે. અગાઉ માત્ર વાર્ષિક ૧૫ હજાર જેટલા નવા ખેતીવાડી વીજજોડાણો આપવામાં આવતા હતાં અને હવે હાલની સરકાર દ્વારા વાર્ષિક ૧ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવે છે આ ઉપરાંત ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વાર્ષિક સરેરાશ રૂપિયા ૬ હજાર કરોડ જેટલી સબસીડી સરકાર ભોગવે છે છેલ્લા ૧૫ વર્ષથી રાજ્યસરકારે ખેડૂતો પાસેથી વસુલવા પાત્ર વીજદરમાં કોઈપણ વધારો કરેલ નથી, વર્ષ ૨૦૦૨થી અત્યાર સુધીમાં ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે રૂપિયા ૫૬ હજાર કરોડથી વધુની સબસીડી અપાઈ છે, "કિસાન સૂર્યોદય યોજના" શરૂ કરીને ખેડૂતોને દિવસ દરમ્યાન વીજળી મળે તેવું આયોજન ૨૦૨૨ પહેલાં ગુજરાતના તમામ ખેડૂતોને દિવસમાં ૮ કલાક વીજળી મળે એ માટેનું પણ સરકારે કામકાજ ચાલુ કર્યું છે અને ૨૦૨૨ પહેલાં આખા ગુજરાતના જે ૫૫ લાખ જેટલા ખેડૂતો છે એમને દિવસે વીજળી મળશે. આજે તમે મને સાંભળ્યો તે બદલ હું આપનો આભાર માનું છું, જય જય ગરવી ગુજરાત, ભારત માતાકી જય..

## ઉદ્‌બોધન માનનીય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ



અરવલ્લી મોડાસા તાલુકાના અજીવણપુર કોલ્ડ સ્ટોરેજ ખાતે સહકાર, રમત-ગમત યુવા તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને વાહન વ્યવહારના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં "કિસાન સન્માન દિવસ"નો કાર્યક્રમ યોજાયો. જેમાં અરવલ્લીમાં "સાત પગલા ખેડૂત કલ્યાણ" યોજના હેઠળ ખેડૂતોને સહાય વિતરણ તથા "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ અરવલ્લીના ૫૫

ગામો માટે ૧૨૯૩૬ ખેડૂતો માટેની યોજનાને ખુલ્લી મૂકી હતી.

આ પ્રસંગે સહકાર મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, આપણો એટલે કે ભારત એક "ખેતી પ્રધાન" દેશ છે. વર્તમાન સમયમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કૃષિ હેઠળ કોલ્ડ સ્ટોરેજની શરૂઆત કરી છે. કૃષિ ઉત્પાદનો વધીને હાલમાં ૧.૫૦ હજાર કૃષિ ઉત્પાદનો થાય છે. સરકાર દ્વારા ખેડૂતોને લાભો મળે તે અંતર્ગત અનેકવિધ યોજનોની અમલવારી કરાવી છે. જેનો ખેડૂતો ભરપુર લાભ લે અને કોઈપણ ખેડૂતો યોજનાઓના લાભથી વંચિત ન રહે તેવું આયોજન સરકાર દ્વારા કરાયું છે. ખાતરમાં અત્યારે ખેડૂતોને સબસીડી આપવાની સાથે સર્ટીફાઈડ બિયારણથી સારું ઉત્પાદન થાય તેવી વ્યવસ્થા સરકારે ઉભી કરી છે. હાલમાં વિદેશી ફૂલોની ખેતી થકી એક ફૂલની કિંમત ૧૮ થી ૨૦ રૂપિયા ખેડૂતને મળતા થયા છે.

તેમણે વધુમાં ખેડૂતોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, અરવલ્લી જિલ્લો એ સાબરકાંઠા જિલ્લામાથી અલગ પડેલ છે. ૧૦ વર્ષ પહેલા કચ્છના લોકો જામફળની ખેતી કરતા હતા. જેમાં અત્યારે વધારે ઉત્પાદન વધારવાના ક્ષેત્રે કામગીરી કરી રહ્યા છે.અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ તે દરમ્યાન સરકાર દ્વારા અનેક સહાયો પ્રજાને આપવામાં આવી છે. વડાપ્રધાનશ્રી દ્વારા ખેડૂતો "પ્રધાનમંત્રી ફસલ યોજના" પણ અમલવારી કરાઈ છે જેનો લાભ ખેડૂતો લઈ રહ્યા છે. પહેલા ઊંચા વ્યાજે ધિરાણ લેવું પડતું હતું પરંતુ વર્તમાન સમયમાં વગર વ્યાજે સરકાર દ્વારા ખેડૂતોને ધિરાણ મળી રહ્યું છે. સરકારે બેંકો જોડે પરામર્શ કરીને ૭ ટકા વ્યાજદર કર્યો હતો પરંતુ કેન્દ્ર સરકાર ૪ ટકા અને રાજ્ય સરકાર ૩ ટકા ભરપાઈ કરે છે જેથી વગર ખેડૂતોને વ્યાજે લોન મળે છે. ૨૦૧૯-૨૦માં કોલ્ડ સ્ટોરેજ માટે રૂ.૧૭૬ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. વીજળીમાં દર વર્ષે રૂ.૬૦૦૦ કરોડની સહાય અપાય છે. સાત પગલા યોજના હેઠળ પણ ખેડૂતોને સહાય તથા પરિવહન માટે ખેડૂત દીઠ રૂ.૭૦,૦૦૦ની સહાય અપાઈ છે.

તેમણે વધુ ઉમેરતા કહ્યું કે, રાજ્ય સરકારે ટેકાના ભાવે ખરીદી કરીને ખેડૂતોને સહાયો કરી છે. કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને રાત્રીને બદલે દિવસે વીજળી આપવાની દાયકાઓ જૂની માંગણીઓનું નિરાકરણ લાવીને વર્તમાન સમયમાં આ યોજનાનો લાભ ૪૦૦૦ ગામોના ૩,૩૮,૦૦૦ વધુ ખેડૂતોને મળવાનો શરૂ થયો છે. જેમાં અરવલ્લી જિલ્લાના ૫૫ ગામોના ૧૨,૯૩૬ ધરતીપુત્રોને "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ આવરી લેવાયા.આ યોજના હેઠળ ૨૦૨૨ સુધીમાં રાજ્યના તમામ ગામોને આવરી લેવાશે. કપાસ તથા ચણાના ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય મોખરે સ્થાન ધરાવે છે. સરકાર વર્ષે ખેડૂતોને રૂ. ૬૦૦૦ની સહાય આપે છે. સરકાર કૃષિ વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી ધરતીપુત્રોની ચિંતા કરે છે.

## ઉદ્‌બોધન કિસાન નેતા
## શ્રી હિતેશભાઈ પટેલ



કિસાન સન્માન દિવસ" ના ગાંધીનગર જિલ્લાના આજના કાર્યક્રમમાં આપણી વચ્ચે ઉપસ્થિત સમારંભના અધ્યક્ષ, દહેગામ વિધાનસભા મતક્ષેત્રના લોકપ્રિય ધારાસભ્ય આદરણીય શ્રી બલરાજસિંહજી, જિલ્લા પંચાયતના અમારા સાથી ચેરમેન ભાઈ શ્રી નાથુભાઈ, લોકપ્રિય અગ્રણી શ્રી રમણભાઈ દેસાઈ, તાલુકાના અગ્રણી સન્માનનીય શ્રી મહોબતસિંહજી, શ્રી લાલજીભાઈ, તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા શ્રી નેહલભાઈ, કાર્યક્રમ જેની નિશ્રામાં થઇ રહ્યો છે એવા "સાત પગલાં ખેડૂત કલ્યાણના" કાર્યક્રમમાં આદરણીય શ્રી બી.એમ. પટેલ સાહેબ, શ્રી અનીસ ભાઈ ભટ્ટ સાહેબ અને "કિસાન સૂર્યોદય યોજના"નું સંકલન કરે છે એવા આદરણીય શ્રી મજમુદાર સાહેબ. ઉપસ્થિત તાલુકામાંથી પધારેલા સૌ ખેડૂત ભાઈઓ-બહેનો અને અગ્રણીઓ, આમતો ગાંધીનગરની ગુજરાતની સ્થિતિ એવી છે કે ખેડૂતોને હવે બહુ માર્ગદર્શન આપવાની જરૂર છે નહીં, કાર્યક્રમની શરૂઆત બ્રાહ્મણથી થઇ શ્રી અનીસભાઈ ભટ્ટ સાહેબે માર્ગદર્શન પણ આપ્યું અને રૂપરેખા આપી, પછી બીજો નંબર વાણીયાનો આવ્યો એમણે હિસાબ આપી દીધો શ્રી મજમુદાર સાહેબે કે રાજ્ય સરકારની કામગીરી વિગતવાર કેટલી કરી છે એટલે કૃષિ વિભાગ અને યુજીવીસીએલ બંનેના અધિકારીઓએ આ ક્ષેત્રમાં ગુજરાત સરકારે ગાંધીનગર જિલ્લામાં કરેલી કામગીરીનો ચિતાર આપી દીધો આ સાથે અનેક કૃષિ મહોત્સવો, "સાત પગલાં ખેડૂત વિકાસના" અનેક કાર્યક્રમો "કિસાન સૂર્યોદય યોજના"ના અનેક કાર્યક્રમોમાં તમે અને હું રોજ મળતા રહ્યાં છીએ અને લગભગ આ સરકારી યોજનાઓની વાત સતત થતી રહી છે.

જો બધી વાતો કરવી હોય તો લગભગ આખી સપ્તાહ બેસાડીએ તો ય ઓછું પડે એટલી યોજનાઓ વિગતવાર સમજાવીએ તોએ મને લાગેછે કે સમય ઓછો પડે, આપણા સૌનું નસીબ છે કે ગુજરાત સરકારના નેતૃત્વમાં ગાંધીનગર જિલ્લામાં જે પ્રમાણેની કામગીરી જિલ્લા પંચાયત, ખેતીવાડી શાખા ગાંધીનગર, ગુજરાત વિદ્યુત બોર્ડ ગાંધીનગર દ્વારા થઇ રહી છે જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા બાગાયત વિભાગ, પશુપાલન વિભાગ જે કરી રહ્યું છે મને લાગે છે કે આખા ગુજરાતમાં મારે આ કિસાન મોરચાના કામે ખેડૂતો માટે વાત કરવાનું થાય અનેક યોજનાઓની ફરિયાદો આવે ગાંધીનગર જિલ્લામાંથી આવી એકપણ પ્રકારની ફરિયાદ આપણને નથી મળતી એ આપણા માટે સૌભાગ્યની બાબત છે અને એના માટે જીઈબી ટીમ ગાંધીનગરને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

મિત્રો, ખેડૂત એની કોઠાસુજથી, એની આવડતથી એક કુશળ વૈજ્ઞાનિક બની ગયો છે, એનું કારણ પણ છે, યુનીવર્સીટીના અનેક સંશોધનો હોય વર્ષોથી હજારો હેક્ટરની ફેલાયેલી કૃષિ યુનીવર્સીટીમાં હજારો કૃષિ નિષ્ણાંતોએ પરિશ્રમ કરીને નવે નવો આવિષ્કાર કર્યો હોય પણ એને ઈમ્પલીમેન્ટેશન કરવાનું કામ, જમીન સુધી લઇ જવાનું કામ પ્રકાશ, પાણી અને પર્યાવરણની વિષમ પરિસ્થિતિમાં પણ એને ઉગાડવાનું કામ, પૈસાની વ્યવસ્થા કરવાની, મજુરની વ્યવસ્થા કરવાની અને એક્સ્પરીમેન્ટ કરીને સફળતા પૂર્વક પાર પાડવાનું કામ એ ખૂબ અઘરું કામ છે યુનિવર્સીટીમાં એ ખૂબ સહેલું કામ છે પણ ખેડૂતે એના ખેતરમાં બધી વિષમ પરિસ્થિતિમાં એ કરવાનું અઘરું છે પણ પરમકૃપાળુ પરમાત્માએ અને બલરામ ભગવાને ખેડૂતોને એક વિશેષ તાકાત આપી છે જબરદસ્ત તાકાત આપી છે એટલા માટે કે જ્યારે આ સૃષ્ટિનું સર્જન થયું ત્યારે ભગવાન આખી સૃષ્ટિનું નિર્માણ થઈ ગયા પછી એની કામની ફાળવણી કરવા બેઠા હતાં તો શરૂઆત કરી ખૂબ જ લાંબી લાઈન થઇ ગઈ હતી બધા જે લોકો પૃથ્વી પર શરૂઆતમાં અવતરણ પામ્યાં એમાં તો પચાસ સો લોકો આવ્યાં એટલે ભગવાને એમના માથે આશીર્વાદ આપ્યાં અને એમને કામ સોપ્યું, જેને માથે આશીર્વાદ આપ્યાં હતાં તેને બુદ્ધિનું કામ સોપ્યું હિસાબ કિતાબ કરવાનું એ બધા જૈન, મહાજનો, વેપારીઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી આ બધો એક વર્ગ આપણા સૌનો હિસાબ રાખનારો એક વર્ગ સૃષ્ટિ ઉપર આવ્યો પછી બીજા ટોળાના લોકોને ભગવાને મો ઉપર આશીર્વાદ આપ્યાં અને જેને મો ઉપર આશીર્વાદ આપ્યાંને એ ભટ્ટ સાહેબે આપણને હમણાં શિવ સ્તુતિ સંભળાવીને એ તો સૃષ્ટિના લોકો આચારસંહિતામાં રહે, આપણી જે સામાજિક વ્યવહારિક, આર્થિક મર્યાદા છે એ મર્યાદામાં થી બહાર ન જાય અને શિક્ષાપત્રીનું પૂરું પાલન કરે એ માટે શાસ્ત્રોનું જ્ઞાન કરાવવાનું કામ એટલે ભૂદેવોનું નિર્માણ થયું, એના પછી બીજું ટોળું આવ્યું એટલે ભગવાનનો હાથ થોડો થોડો નીચે જતો હતો પછી ખભા ઉપર હાથ મૂકી અને આશીર્વાદ આપ્યાં તો જેને ખભા ઉપર હાથ મુક્યોને એ બધાનું કામ એ વ્યવસ્થાનું કામ, સુરક્ષાનું કામ, સમાજમાં અનિચ્છનીય તત્વો ઘર ન કરીજાય એ માટે સૈનિકોનો એક વર્ગ પ્રભુએ નિર્મિત કર્યો.

એમને ખબર હતી કે, કાલે સૃષ્ટિનું નિર્માણમાં બધા જ પ્રકારના લોકોની આવશ્યકતા છે એટલે એ સૈનિકોની આવશ્યકતા હતી એ આશીર્વાદ એવા આપ્યાં એના પછીના ટોળાને પગ ઉપર આશીર્વાદ આપ્યાં એટલે પછી આ બધું વ્યવસ્થામાં પણ એક સેવક વર્ગ પ્રભુએ નક્કી કર્યો કે આ લોકોને આ વ્યવસ્થા કરવાની અને બાકીના વધેલ તમામને ઉપર માથેથી પગ સુધી આશીર્વાદ આપ્યાં અને કહ્યું કે આ બધા ખેડૂત થાશે એને હિસાબ કરતા આવડે, એને પૂજા કરતા આવડે, એને પાવડો મારતા એ આવડે, એને કાળી મજુરી કરતા એ આવડે અને તેમ છતાં આખા જગતનું પૂરું કરનારો જગતનો તાત કહેવડાવાય એવા આશીર્વાદ પ્રભુએ આ ખેડૂતને આપ્યાં છે અને એટલે આટલી વિષમ પરિસ્થિતિમાં પાણીની મુશ્કેલી, ખાતરની મુશ્કેલી, દવાની મુશ્કેલી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને જુવાનીયાઓ ખેતી કરવા જાય નહીં, દીકરીઓ ગામડામાં પરણવા તૈયાર થાય નહીં આ બધી પરીસ્થિતિમાં પણ ખેડૂત ટકી રહ્યો છે. કોરોના મહામારીમાં પણ એણે ફળ, શાકભાજી અનાજ અને દૂધની ક્યાંય બુમ નથી પાડવા દીધી અને દરેક વસ્તુના ભાવ વધ્યાં હતાં પણ ક્યાંય ઘઉં મોંઘા થયા હોય ક્યાંય શાકભાજી મોંઘી થઇ હોય ક્યાંય સફરજન મોંઘા થયા હોય કે દુધની થેલી કાળાબજાર થયા હોય એવું મારા ધ્યાનમાં ક્યાંય પણ નથી એટલે આવા જગતના તાતને જેને આપણે અહીંયાંથી માર્ગદર્શન આપવું એ ખૂબ જ કઠીન કામ છે મારા શબ્દો આમાં ટૂંકા પડે કારણકે ખેતી કરવી અને કરાવડાવવી આ બંનેમાં મોટો ફેર છે પણ આપ સૌને વંદન કરું છું, અભિનંદન કરું છું ખાસ કરીને આ શિવપુરા કમ્પા જેને ગાંધીનગર જિલ્લામાં એક આગવું નામ આપ્યું છે, ૭૦૦૦ મેગા વોટ વીજળી ગુજરાતમાં ૨૦૦૦ની સાલમાં ઉત્પન્ન થતી હતી અત્યારે ૩૧૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થાય છે અને અગિયાર હજાર મેગાવોટ તો સૌર ઊર્જા છે તો આ બધી વાતો કરવાની હોય તો અમે કમ્પેરીઝન કરીએ કે મહારાષ્ટ્રમાં, મધ્યપ્રદેશ, રાજસ્થાનની સરખામણીએ આપણી સરકાર જે યોજનાઓ લાવી, વિકાસ તો પરંપરાગત રીતે થતો હતો રોડ, રસ્તા, પાણી આજ વિકાસની વ્યાખ્યા હતી એ વ્યાખ્યાને બદલવાનું કામ કર્યું છે.

સૌર ઊર્જાની વાત હોય, દિવસે વીજળી આપવાની વાત હોય, ગામડામાં ૨૪ કલાક વીજળી આપવાની વાત હોય, માંગો ત્યારે વીજળીનું કનેક્શન આપવાની વાત હોય, માત્ર ૧૧૦૦૦માં કનેક્શન આપવાની વાત હોય, પ્રત્યેક બોર ઉપર મફત ટ્રાન્સફોર્મર આપવાની વાત હોય અનેક યોજનાઓની વાત થઇ શકે તેમ છે એ ડ્રીપ-ઈરીગેશન હોય, કિસાન સન્માન નિધિ હોય, કિસાન પેન્શન યોજનાની વાત હોય અહીંયાં સમયની પાબંધી છે અને આપણે આપણા મુખ્ય વક્તા બલરાજસિંહજી ને પણ સાંભળવાના છે, છેલ્લા ત્રણ વર્ષમાં જે યોજનાઓ આવી એનું કમ્પેરીઝન જ થઇ શકે તેમ નથી "કિસાન સૂર્યોદય યોજના", "સૌર વીજળી", "૦% વ્યાજે ધિરાણ", "સોલાર રૂફ ટોપ", "ડ્રીપ-ઈરીગેશનમાં ૯૦% સબસીડી" જેવી અનેક યોજનાઓમાં ગુજરાત નંબર વન છે જે આવી અનેક યોજનાઓ કે જે બીજા રાજ્યમાં તો અસ્તિત્વમાં જ નથી એવી યોજનાઓ લઈને સરકાર તમારી વચ્ચે આવી છે ક્યાંક આ યોજનાઓના અમલીકરણમાં માટે આપણા માટે નાની-મોટી મુશ્કેલી હશે, યોજનાઓ પણ વધતી જાય છે એનો વ્યાપ પણ વધતો જાય છે અને આપ સૌની ભૂખ પણ ઉઘડતી જાય છે અહિયાં કચ્છી પટેલ સમાજ છે શિવપુરા કમ્પાથી એ એક એવો સમાજ છે કે

જે આખા દેશમાં ફેલાયેલા છે તે લોકોને આ બધી યોજનાઓ બીજા રાજ્યમાં છે કે નથી તેની જાણકારી ચોક્કસ હોય છે.

ખેડૂતની વિટંબણા એટલી છે પર્યાવરણની હોય, વરસાદની મર્યાદા હોય, આર્થિક મર્યાદા હોય, શહેરીકરણની મર્યાદા હોય, ગ્લોબલ વોર્મિંગની મર્યાદા હોય, આ બધી મર્યાદાઓની વચ્ચે ખેડૂત ટકી રહ્યો છે, એને એની અપેક્ષા પ્રમાણે નથી મળતું, શહેરી જનજીવન છે એવું આપણું જીવન હજુ નથી બન્યું પણ ૨૦૦૦ની સાલમાં હતું એના કરતાં અનેક ગણી સારી વ્યવસ્થા આ સરકારે ખેડૂતો માટે કરી છે જે કર્યું છે એ અમે કર્યું છે અને જે બાકી છે એ કરવાની જવાબદારી અમારી છે તમે જે વિશ્વાસ મુક્યો છે ૨૦૧૪માં આપ સૌના આશીર્વાદથી સરકાર કેન્દ્રમાં બની આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં જ્યારે કેન્દ્રમાં સરકાર બની ત્યારે પહેલું કામ તમામ ખેડૂતોને બે હજાર રૂપિયા મળે એ કર્યું હતું જે અત્યારે આ સીમાંત ખેડૂતોને મળે છે તે બે હજાર તમામ ખેડૂતોને મળે એવી વાત સૌથી પહેલી આ મોદી સાહેબે કરી, બીજું કામ MSPના રેટ વધારવાનું કર્યું, શૌચાલયની વ્યવસ્થા, ગેસના ચૂલાની વ્યવસ્થા કોઈ જ્યારે દેશનો વડાપ્રધાન બને અને ૭૦ વર્ષે તેને આવી બધી ચિંતા કરવી પડે?, સમગ્ર દેશમાં આઝાદી પછીના સમયમાં પહેલી વાર "કિસાન પેન્શન યોજના" જે યોજના અંતર્ગત પતિ-પત્ની બંનેને ત્રણ ત્રણ હજારનું પેન્શન મળે એવી વ્યવસ્થા આઝાદીના આટલા વર્ષે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે કરી. એનું પ્રીમીયમ નોમિનલ છે, ૪૦ વર્ષે ૬૦ રૂપિયા તો ૬૦ વર્ષે ૨૦૦ રૂપિયા અને એ પ્રીમીયમ પણ તમારે ભરવાનું નથી કારણકે જે કિસાન સન્માન નિધિ માટે લાયક છે એ કિસાન પેન્શન યોજના માટે પણ લાયક બને છે તો આ વ્યવસ્થામાં જોડાવવા માટે મારી સૌને વિનંતી છે, અહિયાં આપ સૌ એ મને શાંતિથી સાંભળ્યો અને મારા વિચારો વ્યક્ત કરવાની તક આપી તે માટે આપ સૌનો ઋણ સ્વીકાર કરું છું.

## ઉદ્‌બોધન મેનેજિંગ ડિરેક્ટર
## શ્રી કે.એસ. રંધાવા



આજના શુભદિન "કિસાન સૂર્યોદય યોજના" ના ઈ-શુભારંભ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત સરકારના શ્રી ગણપતસિંહ વસાવા, માનનીય મંત્રીશ્રી, ડોક્ટર કુલદીપ આર્ય, કલેક્ટરશ્રી ગાંધીનગર, શ્રી કે.એસ. રંધાવા, મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ, શ્રીમતિ શુરભી ગૌતમ, ડી.ડી.ઓ. ગાંધીનગર, શ્રી અનિલભાઈ પટેલ, ગાંધીનગર રાજકીય આગેવાન શ્રી, ડોક્ટર હર્ષદભાઈ પટેલ, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી આર.કે. પટેલ, ખેડૂત આગેવાન, શ્રી નવીનભાઈ પટેલ, ચેરમેન, એપીએમસી કલોલ, શ્રી ઉર્વશીબેન પટેલ, પ્રેસિડેન્ટ, નગરપાલિકા કલોલ અત્રે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો તથા ઉપસ્થિત અમારા માનવંતા જગતના તાત સમા ખેતીવાડી ગ્રાહકો, રાજકીય મહાનુભાવો, ગુજરાત સરકારશ્રીના અધિકારીઓ અને કર્મચારીઓ, યુજીવીસીએલના મારા સંનિષ્ઠ અધિકારીઓ અને કર્મચારી મિત્રો તથા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકાર મિત્રોને હૃદયપૂર્વક આવકારું છું.

"સાત પગલાં ખેડૂત કલ્યાણના" યોજના અંતર્ગત કૃષિ ક્ષેત્રે સંગ્રહ ક્ષમતાનું નિર્માણ કરવા ગોડાઉન બાંધકામ, કૃષિ ક્ષેત્રે લાસ્ટ માઈલ કનેક્ટિવિટી હાંસલ કરવા કિસાન પરિવહન, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન અને દેશી ગાય નિભાવ ખર્ચમાં ખેડૂતોને સહાય, સિમાંત ખેડૂતો અને ખેતમજૂરોની કાર્યક્ષમતામાં વધારો કરવા સ્માર્ટ હેન્ડ ટૂલ કિટ, ફળ-શાકભાજીના છૂટક વિક્રેતાઓને વિના મુલ્યે છત્રી, વન્યપ્રાણીઓ દ્વારા ઊભા પાકને થતા નુકશાન અટકાવવા કાંટાળા તારની વાડની યોજના, ૩.૩૦ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૫૭૫ કરોડથી વધુનો લાભ આપી રહ્યા છીએ. તમામ લાભાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

આજ રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના માનવંતા ખેતીવાડીના ગ્રાહકો માટે ખૂબ જ મહત્ત્વનો અવસર છે કે ગુજરાત સરકાર દ્વારા પ્રથમ તબક્કામાં યુજીવીસીએલના કાર્યક્ષેત્રના ૫૭૧ (પાંચસો ઈકોતેર) ગામોને "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ દિવસે વીજળી આપવાનો નિર્ણય કરેલ હતો. "ન ભૂતો ન ભવિષ્યતિ" તેવા આ મહત્વના નિર્ણય થકી ઉત્તર ગુજરાતના ખાસ કરીને યુજીવીસીએલના ગ્રાહકોને પ્રથમ તબક્કામાં કુલ ૫૭૧ (પાંચસો ઈકોતેર) ગામો (પૂર્ણ અને અંશતઃ) ના ૪૫૧૩૨ ગ્રાહકોને ૨૬૩ ફીડરો પરથી કુલ ૭૭ સબસ્ટેશનો દ્વારા વીજ-પુરવઠો પૂરો પડવાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. તે પ્રમાણે બીજા તબક્કામાં કુલ ૩૬૨ (ત્રણસો બાસઠ) ગામો (પૂર્ણ અને અંશતઃ) ના ૧૫૫૪૫ (પંદર હજાર પાંચસો પિસ્તાલીસ) ગ્રાહકોને ૧૬૮ (એકસો અડસઠ) ફીડરો પરથી કુલ ૨૯ (ઓગણત્રીસ) સબસ્ટેશનો દ્વારા વીજ-પુરવઠો પૂરો પડવાનું આયોજન આગામી સમયમાં હાથ ધરવામાં આવેલ છે.

ખેડૂતોના પ્રશ્નો માટે અતિ સંવેદનશીલ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને રાતનો ઉજાગરો ન કરવો પડે અને દિવસ દરમ્યાન સલામતી સાથે પોતાના ખેતરમાં પિયત તેમજ અન્ય કામગીરી કરી શકે તે ઉદ્દેશથી "કિસાન સૂર્યોદય યોજના" અમલમાં મુકી છે. દિવસે વીજ પુરવઠો મળે તેવી વ્યવસ્થા ખેડૂતો દ્વારા આવકારવામાં આવશે. ઉત્તર ગુજરાત વીજ કંપનીને સરકારશ્રી દ્વારા ખેડૂતલક્ષી કામગીરી માટે જે યોજનાઓ અમલ કરવાની સૂચના પાઠવવામાં આવે છે તેના લક્ષ્યાંકો સિદ્ધ કરવા હંમેશા પ્રતિબદ્ધતા

દર્શાવેલ છે અને સફળ અમલીકરણ કરેલ છે જેમાં વધુ એક યોજનાનો ઉમેરો થયેલો છે.

ભારતના સ્વપ્ન દ્રષ્ટા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલકલામના વરદ્ હસ્તે લોકાર્પણ કરેલ જ્યોતિગ્રામ યોજનાના સમગ્ર રાષ્ટ્રમાં સૌથી પ્રથમ અમલીકરણ દ્વારા ગામડાઓને ૨૪ કલાક વીજળી પૂરી પાડવાના નિર્ણય બાદ લેવામાં આવેલ ઐતિહાસિક "કિસાન સૂર્યોદય યોજના" દ્વારા માનવંતા ખેડૂતોને દિવસે વીજળી આપવાના નિર્ણયના પ્રથમ તબક્કાના અમલીકરણ બદલ યુજીવીસીએલ ગૌરવની લાગણી અનુભવે છે. ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે માનવંતા ગ્રાહકોને "સર્વોત્તમ સેવા થકી સંતોષ" આપવાનો ધ્યેય ચરિતાર્થ થયો છે. અમે વધુ સારી સેવા આપવા પ્રતિબદ્ધ છીએ આજના શુભદિને કિસાન સૂર્યોદય યોજનાથી લાભાન્વિત થનાર બીજા તબક્કાના તમામ ખેતીવાડી વીજ ગ્રાહકોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી વિરમું છું.

## ઉદ્‌બોધન મુખ્ય ઈજનેર (ઓ.)
## શ્રી પી.બી. પંડ્યા



આજ રોજ "સાત પગલાં ખેડૂત કલ્યાણના" યોજનાઓ અંતર્ગત સહાય વિતરણ અને "કિસાન સૂર્યોદય યોજના"નું લોકાર્પણ પ્રસંગે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે કિસાન સન્માન દિવસની ઉજવણી નિમિત્તે પોતાનો અમુલ્ય સમય ફાળવીને હાજર રહેલ શ્રી નીતિનભાઈ પટેલ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, શ્રી સંદીપ સાંગલે (IAS), કલેકટરશ્રી અમદાવાદ, શ્રી અનિલભાઈ ધામેલીયા (IAS), જિલ્લા વિકાસ અધિકારી અમદાવાદ, શ્રી બી.એન. ત્રિવેદી, મુખ્ય ઈજનેર જેટકો, વડોદરા, શ્રી એ.બી. પટેલ, સંયુક્ત બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર, શ્રી વજુભાઈ ડોડીયા, પૂર્વ ધારાસભ્ય વિરમગામ, શ્રીમતી તેજશ્રીબેન પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી વિરમગામ, શ્રી વિનોદભાઈ ખોડાભાઈ પટેલ, ચેરમેન કારોબારી સમિતિ અમદાવાદ જિલ્લા પંચાયત, શ્રી દીવાનજી સુરસંગજી ઠાકોર, ચેરમેનશ્રી આરોગ્ય સમિતિ, અમદાવાદ જિલ્લા પંચાયત, શ્રી લક્ષ્મણસિંહ (બટુકસિંહ) શિવુભા સોલંકી, પ્રમુખશ્રી તાલુકા પંચાયત દેત્રોજ, શ્રી યોગેશભાઈ પટેલ, ચેરમેન એપીએમસી, દેત્રોજ, શ્રીમતી કાંતાબેન રમેશજી ઠાકોર, સરપંચશ્રી દેત્રોજ, શ્રી હર્ષદગીરી ગોસાઈ, શ્રી કિરીટસિંહ સોલંકી, શ્રી સુરેશભાઈ પટેલ, રાજકીય આગેવાનો તથા ઉપસ્થિત રહેલ તમામ મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના માનવંતા ખેતીવાડીના ગ્રાહકો માટે ખૂબ જ મહત્ત્વનો અવસર છે કે ગુજરાત સરકાર દ્વારા "કિસાન સૂર્યોદય યોજના" બીજા તબક્કામાં સદર યોજના હેઠળ વધુ ગામોને દિવસે વીજળી આપવાના "ન ભૂતો ન ભવિષ્યતિ" એવો આ મહત્વના નિર્ણય થકી પ્રથમ તબક્કામાં ઉત્તર ગુજરાતના કુલ ૫૭૧ (પાંચસો ઈકોતેર) ગામો (પૂર્ણ અને અંશતઃ)ના ૪૫૧૩૨ ગ્રાહકોને ૨૬૩ ફીડરો પરથી કુલ ૭૭ સબસ્ટેશનો દ્વારા વીજ-પુરવઠો પૂરો પડવાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. તે પ્રમાણે બીજા તબક્કામાં કુલ ૩૬૨ (ત્રણસો બાસઠ) ગામો (પૂર્ણ અને અંશતઃ) ના ૧૫૫૪૫ (પંદર હજાર પાંચસો પિસ્તાલીસ) ગ્રાહકોને ૧૬૮ (એકસો અડસઠ) ફીડરો પરથી કુલ ૨૯ (ઓગણત્રીસ) સબસ્ટેશનો દ્વારા વીજ-પુરવઠો પૂરો પડવાનું આયોજન આગામી સમયમાં હાથ ધરવામાં આવેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપની પોતાના માનવંતા ખેતીવાડી ગ્રાહકોને નિર્ધારિત લક્ષ્યાંક મુજબ "કિસાન સૂર્યોદય યોજના" પૂર્ણ કરવાની ખાતરી આપે છે.

ફરીવાર અમારા માનવંતા જગતના તાત સમા ખેતીવાડી ગ્રાહકો, રાજકીય મહાનુભાવો, ગુજરાત સરકારશ્રીના અધિકારીઓ અને કર્મચારીઓ, યુજીવીસીએલના મારા સંનિષ્ઠ અધિકારીઓ અને કર્મચારી મિત્રો તથા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીક્સ મીડિયાના પત્રકાર મિત્રોનો પોતાનો કિમતી સમય ફાળવી અત્રે ઉપસ્થિત રહ્યા છે તેઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યરત તમામ નામી-અનામી વ્યક્તિઓનો આભાર માની વિરમું છું.

## ઉદ્‌બોધન મુખ્ય ઈજનેર (પી.)
## શ્રી વી.એમ. શ્રોફ



જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા મંચસ્થ મહાનુભાવો તથા ઉપસ્થિત અમારા માનવંતા જગતના તાત સમા ખેતીવાડી ગ્રાહકો, રાજકીય મહાનુભાવો, ગુજરાત સરકારશ્રીના અધિકારીઓ, યુજીવીસીએલના મારા સંનિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ, પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકાર મિત્રોને હૃદયપૂર્વક આવકારું છું. "સાત પગલાં ખેડૂત કલ્યાણના" યોજના અંતર્ગત કૃષિ ક્ષેત્રે ગોડાઉનનું બાંધકામ, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન, દેશી ગાય નિભાવ ખર્ચ સહાય, સીમાંત ખેડૂત અને ખેતમજુરોની

કાર્યક્ષમતામાં વધારો કરવા સ્માર્ટ હેન્ડ ટુલ, વિનામૂલ્યે છત્રી વિતરણ, પાક નુકશાનને અટકાવવા કંટાળા તારની વાડની યોજના આ તમામ યોજના પાછળ કુલ ૩ લાખ ૩૦ હજાર લાભાર્થીઓને કુલ ૫૭૫ કરોડથી વધુનો લાભ આપી રહ્યાં છીએ, આજ રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના માનવંતા ખેતીવાડી ગ્રાહકો માટે ખૂબ જ મહત્ત્વનો અવસર છે ગુજરાત સરકાર દ્વારા યુજીવીસીએલના કાર્યક્ષેત્રમાં આવેલ ૫૭૧ ગામોને "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ વીજળી આપવાનો નિર્ણય લીધો હતો જે ના "ન ભૂતો ન ભવિષ્યતિ" એવો આ મહત્ત્વના નિર્ણયના ત્રીજા તબક્કામાં કુલ ૨૬૨ ગામડાઓને અને ૧૫,૫૪૫ ગ્રાહકોને ૧૬૮ ફીડરો દ્વારા ૨૯ જેટલા સબસ્ટેશનો દ્વારા પૂરું કરવાનું આયોજન છે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજવિતરણ કંપનીઓ દ્વારા ખેડૂતોને દિવસ દરમ્યાન અલગ-અલગ સ્થિતિમાં ત્રણ ભાગમાં રાત્રીના સમયે જે પાવર મળતો હતો તેના કારણ જીવજંતુઓ તથા જંગલી પશુઓની રંજાડના કારણે ખેડૂતોને ખસી તકલીફ પડતી હતી, આ સંવેદનશીલ સરકારશ્રીએ આ વિચારી અને દિવસનો પાવર આપવા માટે એક યોજના બનાવી જેમાં પ્રથમ બે તબક્કામાં ૫૭૧ વિલેજ પુરા કર્યા હવે આજે પણ માનનીય મંત્રીશ્રીના શુભ હસ્તે આગળના ૨૭૨ ગામડાઓમાં દિવસે પાવર આપવાની વ્યવસ્થા ગોઠવેલ છે વધુમાં જે રીતે "જ્યોતિગ્રામ યોજના" એક મોટી યોજના ગુજરાત વીજ ક્ષેત્રે અમલમાં મુકેલ જેની માનનીય પ્રધાનમંત્રીશ્રીએ શરૂઆત કરાવેલ એવી રીતે આ યોજના પણ આગળ વધી રહી છે અને દરેક ખેડૂત લાભાર્થીને ફાયદો થાય તે માટે સરકાર ના સાથ સહકાર સાથે અમે યુજીવીસીએલના કર્મચારીઓ દરેકે કરેક સોપાનોમાં આગળ વધી અને ખેડૂતોની વધુ સારી સેવા કરી શકે તેની વ્યવસ્થા સાથે અમે આગળ વધીશું, આજ રોજ આપ સૌ પધાર્યા તે માટે આપ સૌને હૃદયપૂર્વક સત્કારું છું અસ્તુ...

# હિંમતનગર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન





ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રના સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર વર્તુળ કચેરી ખાતે તા. ૦૭-૦૯-૨૦૨૧ના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૮૨ જેટલા કર્મચારીઓએ રક્તદાન કરી રેડ ક્રોસ સોસાયટીને સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયા, મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, વિશેષ ઈજનેર (ટેક.), શ્રી જે.કે. દરજી, અધિક્ષક ઈજનેર, હિંમતનગર, શ્રી પી.સી. શાહ, કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમનું ઉદ્ઘાટન દીપપ્રાગટ્ય કરીને જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયાના વરદ્ હસ્તે મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. કર્મચારીઓએ ખૂબ ઉત્સાહભેર "રક્તદાન મહાદાન" સૂત્રને ચરિતાર્થ કરેલ.

રક્તદાન કરનાર તમામ કર્મચારીઓને





ઉત્તર ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એસ. રંધાવા અને મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા દ્વારા સર્ટિફિકેટ્સ અને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સફળ આયોજન વર્તુળ કચેરી અને વિભાગીય કચેરી દ્વારા અધિક્ષક ઈજનેર શ્રી પી.સી. શાહના નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવેલ.

## કાંજ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના

- જિલ્લો : અમદાવાદ
- ફીડરોની સંખ્યા : ૧૯
- ગામોની સંખ્યા : ૨૭
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૨૬૭
- કાર્યક્રમનું સ્થળ : દેત્રોજ પ્રાથમિક શાળા, દેત્રોજ ચાર રસ્તા, દેત્રોજ, તા. દેત્રોજ





આ પ્રસંગે શ્રી નીતિનભાઈ પટેલ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, શ્રી સંદીપ સાંગલે (IAS), કલેક્ટર અમદાવાદ, શ્રી અનિલભાઈ ધામેલીયા (IAS), જિલ્લા વિકાસ અધિકારી, અમદાવાદ, શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (ઓપરેશન), યુજીવીસીએલ, શ્રી બી.એન. ત્રિવેદી, મુખ્ય ઈજનેર, જેટકો, વડોદરા, શ્રી એ.બી. પટેલ, સંયુક્ત બાગાયત નિયામક, ગાંધીનગર, શ્રી વજુભાઈ ડોડીયા, પૂર્વ ધારાસભ્ય વિરમગામ, શ્રીમતી તેજશ્રીબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય, વિરમગામ, શ્રી વિનોદભાઈ ખોડાભાઈ પટેલ, ચેરમેન કારોબારી સમિતિ અમદાવાદ જિલ્લા પંચાયત, શ્રી દીવાનજી સુરસંગજી ઠાકોર, ચેરમેનશ્રી આરોગ્ય સમિતિ, અમદાવાદ જિલ્લા પંચાયત, શ્રી લક્ષ્મણસિંહ (બટુકસિંહ) શિવુભા સોલંકી, પ્રમુખ તાલુકા પંચાયત દેત્રોજ, શ્રી યોગેશભાઈ પટેલ, ચેરમેન એપીએમસી, દેત્રોજ, શ્રીમતી કાંતાબેન રમેશજી ઠાકોર, સરપંચ, દેત્રોજ, શ્રી હર્ષદગીરી ગોસાઈ, શ્રી કિરીટસિંહ સોલંકી, શ્રી સુરેશભાઈ પટેલ, રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેલ.

## સાણંદ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના

- જિલ્લો : અમદાવાદ
- ફીડરોની સંખ્યા : ૧૯
- ગામોની સંખ્યા : ૧૦
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૫૯૨
- કાર્યક્રમનું સ્થળ : ટાઉન હોલ, નગરપાલિકા, સાણંદ

આ પ્રસંગે શ્રી અરવિંદસિંહ વાઘેલા, પ્રમુખ સાણંદ તાલુકા પંચાયત, શ્રી મનજીભાઈ કોળી પટેલ, ઉપપ્રમુખ, તાલુકા પંચાયત સાણંદ, શ્રી શૈલેશભાઈ દાવડા, ઉપપ્રમુખ, જિલ્લ પંચાયત અમદાવાદ,





શ્રી સચીનભાઈ ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય, શ્રી કિરીટસિંહ વાઘેલા, તાલુકા પંચાયત સદસ્ય, શ્રી ઘનશ્યામભાઈ પટેલ, કારોબારી ચેરમેન, તાલુકા પંચાયત સાણંદ, શ્રી વિક્રમભાઈ ઠાકોર, સદસ્ય, તાલુકા પંચાયત સાણંદ, શ્રી ડાહ્યાભાઈ પરમાર, સદસ્ય, તાલુકા પંચાયત સાણંદ, શ્રી જયંતિભાઈ વાઘેલા, પૂર્વ તાલુકા પ્રમુખ, તાલુકા પંચાયત સાણંદ, શ્રી અજમલભાઈ બારડ, પૂર્વ જિલ્લા સદસ્ય હાજર રહેલ.

## ઝામ્પ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના





- જિલ્લો : અમદાવાદ
- ફીડરોની સંખ્યા : ૧૯
- ગામોની સંખ્યા : ૧૦
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૫૯૨
- કાર્યક્રમનું સ્થળ : દલાભાઈનો વંડો, ઝામ્પ.

આ પ્રસંગે શ્રી કનુભાઈ પટેલ, ધારાસભ્ય સાણંદ, શ્રી ખેંગારભાઈ પટેલ, ચેરમેન, એપીએમસી, સાણંદ, શ્રી ખોડાભાઈ પટેલ, મંડળ પ્રમુખ, સાણંદ ઉપસ્થિત રહેલ.

## ૬૬ કેવી બગોદરા સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના





- જિલ્લો : અમદાવાદ
- ફીડરોની સંખ્યા : ૧૯
- ગામોની સંખ્યા : ૧૨

- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૬૫૨
- કાર્યક્રમનું સ્થળ : પે સેન્ટર પ્રાથમિક શાળા, બગોદરા, તા. બાવળા

આ પ્રસંગે શ્રી લીલાબેન આંકોલિયા, ચેરમેન, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, શ્રી રમેશભાઈ મકવાણા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ, શ્રી કુશલસિંહ સી. પઢેરીયા, તાલુકા પંચાયત, શ્રી કાંતિભાઈ લકુમ, પૂર્વ ધારાસભ્ય ઉપસ્થિત રહેલ.

## ભેટાલી સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના

- જિલ્લો : અરવલ્લી
- ફીડરોની સંખ્યા : ૧૭
- ગામોની સંખ્યા : ૨૭
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૨૪૦૨
- કાર્યક્રમનું સ્થળ : શ્રી એલ.એલ. ભટ્ટ હાઈસ્કૂલ, ભેટાલી, તા. ભીલોડા





આ પ્રસંગે શ્રી લાલસિંહ ચૌહાણ, પ્રમુખ અરવલ્લી જિલ્લા પંચાયત, શ્રી તરલિકાબેન બી. તબીયાડ, પ્રમુખ તાલુકા પંચાયત, ભિલોડા, શ્રી વિક્રમભાઈ બી. પટેલ, કારોબારી અધ્યક્ષ, શ્રી ધનજીભાઈ નિનામા, સદસ્ય તાલુકા પંચાયત, શ્રી પારસીભાઈ કે. કટારા, સરપંચ ભેટાલી, શ્રી વી.બી. બોડાત, કાર્યપાલક ઈજનેર, યુજીવીસીએલ કોર્પોરેટ કચેરી, મહેસાણા, શ્રી ભાવિકભાઈ કરવટીયા, નાયબ નિયામક બાગાયત, ખેતીવાડી, અરવલ્લી તથા શ્રી એ.બી. પટેલ, કાર્યપાલક ઈજનેર, જેટકો તેમજ તાલુકા ભિલોડાના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ હાજર રહેલ.

## નાની ઈસરોલ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના







- જિલ્લો : અરવલ્લી
- ફીડરોની સંખ્યા : ૧૭
- ગામોની સંખ્યા : ૧૮
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૧૩૧૨
- કાર્યક્રમનું સ્થળ : એસ.પી. ચીપ્સ પોટેટો પ્રા. લી. યુનિટ ૪ કોલ્ડ સ્ટોરેજ, શામળાજી હાઈવે, જીવણપુર, (મારુતિનંદન કોલ્ડ સ્ટોરેજ) તા. મોડાસા

આ પ્રસંગે શ્રી ઈશ્વરસિંહ પટેલ, માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી તેમજ અન્ય આમંત્રિત મહેમાનોમાં શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા, રાજકીય આગેવાન, શ્રીમતી જયશ્રીબેન, અધ્યક્ષ, ખેત ઉત્પાદક સહકાર અને સિંચાઇ સમિતિ, શ્રીમતી હીરાબેન, કલેક્ટરી અરવલ્લી, જિલ્લા વિકાસ અધિકારી અરવલ્લી, શ્રી જી.એચ. એન્જિનીયર વિશેષ મુખ્ય ઈજનેર, યુજીવીસીએલ, મેહસાણા તથા શ્રી જે.આર.પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી, અરવલ્લી તેમજ તાલુકા મોડાસાના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ હાજર રહેલ.

## ડેમાઈ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના

- જિલ્લો : અરવલ્લી
- ફીડરોની સંખ્યા : ૧૭
- ગામોની સંખ્યા : ૧૦
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૮૮૧
- કાર્યક્રમનું સ્થળ : શ્રી વિષ્ણુધામ મંદિર આશ્રમ, ડેમાઈ, તા. બાયડ



આ પ્રસંગે શ્રીમતી માંજુલાબા સોલંકી, પ્રમુખ, બાયડ તાલુકા પંચાયત તેમજ અન્ય આમંત્રિત મહેમાનોમાં શ્રી રમેશભાઈ કે. પટેલ, જિલ્લા શિક્ષણ સમિતિ, અરવલ્લી, શ્રી જીતેન્દ્રભાઈ આર. પટેલ, ચેરમેન, કારોબારી સમિતિ, અરવલ્લી, શ્રી કે.જે. પટેલ, નાયબ પશુપાલન નિયામક, બાયડ, શ્રી આર. બી. જોશી, નાયબ મામલતદાર, બાયડ, શ્રી એમ.એ. ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, યુજીવીસીએલ, તલોદ, શ્રી માનસિંહ એમ. પરમાર, રાજકીય આગેવાન બાયડ, શ્રી સ્નેહલભાઈ જે. પટેલ, પ્રમુખ બાયડનગરપાલિકા તથા શ્રી મહેશભાઈ કે. પટેલ, સરપંચ ડેમાઈ ઉપસ્થિત રહેલ.

## પાલ્લા સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના



- જિલ્લો : અરવલ્લી
- ફીડરોની સંખ્યા : ૧૭
- ગામોની સંખ્યા : ૨૭
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૨૪૦૨

- કાર્યક્રમનું સ્થળ : પાલ્લા હાઈસ્કૂલ, પાલ્લા, (એકલવ્ય રેસીડન્સી સ્કૂલ), તા. ભિલોડા

આ પ્રસંગે શ્રી સંજયભાઈ ડી. પટેલ, પ્રમુખ માલપુર તાલુકા પંચાયત તેમજ અન્ય આમંત્રિત મહેમાનોમાં શ્રી કનુભાઈ મેનાત, ઉપપ્રમુખ જિલ્લા પંચાયત, અરવલ્લી, શ્રી પી.સી. બરંડા, ડિરેક્ટર આદિજાતિ બોર્ડ નિગમ, શ્રી રાજુભાઈ નિનામા, રાજકીય આગેવાન, અરવલ્લી, શ્રી કાંતિભાઈ પટેલ, રાજકીય આગેવાન, ભિલોડા, શ્રી એચ.આર. કલાસવા, કાર્યપાલક ઈજનેર, યુજીવીસીએલ, ભિલોડા, શ્રી એ.પી. પટેલ, નાયબ નિયામક, ખેતીવાડી, અરવલ્લી તથા શ્રી પી.એસ. પ્રજાપતિ, નાયબ ઈજનેર, જેટકો તેમજ તાલુકા ભિલોડાના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ હાજર રહેલ.

## વિરમપુર સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન

- જિલ્લો : બનાસકાંઠા
- ફીડરોની સંખ્યા : ૨૫
- ગામોની સંખ્યા : ૮
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૫૪૮
- કાર્યક્રમનું સ્થળ : લોકનિકેતન ટ્રસ્ટ, વિરમપુર તા. અમીરગઢ





આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી ગુમાનસિંહ ચૌહાણ, રાજકીય આગેવાન તેમજ અન્ય આમંત્રિત મહેમાનોમાં શ્રી મોતીભાઈ દેસાઈ, ચેરમેન, એપીએમસી-અમીરગઢ, શ્રી માધુભાઇ રાણા, રાજકીય આગેવાન, શ્રી જયેશભાઇ દવે, રાજકીય આગેવાન, શ્રી પ્રવિણભાઇ પ્રજાપતિ, રાજકીય આગેવાન તથા અમીરગઢ અને દાંતા તાલુકાના પદાધિકારી અને કિસાનસંઘના પ્રતિનિધિઓ હાજર રહેલા.

## પાદરડી સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન





- જિલ્લો : સાબરકાંઠા
- ફીડરોની સંખ્યા : ૨૫
- ગામોની સંખ્યા : ૧૩
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૩૯૮
- કાર્યક્રમનું સ્થળ : ધરતી જિનીંગ મીલ, ખાસા ચોકડી, પાદરડી, તા. કાંકરેજ

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી કીર્તિસિંહ વાઘેલા, ધારાસભ્ય કાંકરેજ તેમજ અન્ય આમંત્રિત મહેમાનોમાં શ્રી અણદાભાઈ પટેલ, ચેરમેન એ.પી.એમ.સી., થરા તથા શ્રી ડાહ્યાભાઇ પીલીયાતર, રાજકીય આગેવાન તથા કાંકરેજ તાલુકાનાં પદાધિકારીશ્રીઓ હાજર રહેલ.

## ડીસા સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન

- જિલ્લો : બનાસકાંઠા
- ફીડરોની સંખ્યા : ૨૫
- ગામોની સંખ્યા : ૪
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૨૫૮
- કાર્યક્રમનું સ્થળ : અજંતા કોલ્ડ સ્ટોરેજ, ભોયણ, તા. ડીસા





આ પ્રસંગે શ્રી શશીકાંતભાઈ પંડ્યા, ધારાસભ્ય, ડીસા તેમજ અન્ય આમંત્રિત મહેમાનોમાં શ્રી જીજાબેન આર. બોકરવાડીયા, પ્રમુખ, તાલુકા પંચાયત, ડીસા તથા શ્રી દિલીપભાઈ વાઘેલા, રાજકીય આગેવાન, બનાસકાંઠા તથા શ્રી કે.ટી. માળી, ખેડૂત આગેવાન, બનાસકાંઠા તથા ડીસા તાલુકાના પદાધિકારીશ્રીઓ હાજર રહેલ.

## જસનવાડા સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન





- જિલ્લો : બનાસકાંઠા
- ફીડરોની સંખ્યા : ૨૫
- ગામોની સંખ્યા : ૮

- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૨૮૯
- કાર્યક્રમનું સ્થળ : શ્રી થારપાર્કર લોહાણા મહાજન વાડી, ભાભર

આ પ્રસંગે શ્રી યોગેશભાઈ પટેલ, માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી, નર્મદા નિગમ અને શહેરી વિકાસ ખાતું, ગુજરાત સરકાર તેમજ અન્ય આમંત્રિત મહેમાનોમાં શ્રીમતી નૌકાબેન પ્રજાપતિ તથા શ્રી કનુભાઈ વ્યાસ, રાજકીય આગેવાન, બનાસકાંઠા તથા શ્રી ટી.પી. રાજપૂત, ખેડૂત આગેવાન, બનાસકાંઠા તથા શ્રી આનંદ પટેલ, કલેક્ટર, બનાસકાંઠા, શ્રી સ્વપ્નિલ ખરે, જિલ્લા વિકાસ અધિકારી, બનાસકાંઠા, શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઈજનેર, યુજીવીસીએલ, પાલનપુર, શ્રી પી.કે. પટેલ, ખેતી નિયામક, બનાસકાંઠા તેમજ તાલુકા ભાભરના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ હાજર રહેલ.

## ૨૨૦ કેવી છત્રાલ, છત્રાલ જીઆઈડીસી-૨ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના





- જિલ્લો : ગાંધીનગર
- ફીડરોની સંખ્યા : ૨૦
- ગામોની સંખ્યા : ૩
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૪૧
- કાર્યક્રમનું સ્થળ : ભારતમાતા ટાઉનહોલ, કલોલ

આ પ્રસંગે શ્રી ગણપતસિંહ વસાવા,







માનનીય મંત્રીશ્રી, ડોક્ટર કુલદીપ આર્ય, કલેક્ટર, ગાંધીનગર, શ્રીમતિ શુરભી ગૌતમ, ડી.ડી.ઓ. ગાંધીનગર, શ્રી કે.એસ. રંધાવા, મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ, શ્રી અનિલભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લાના રાજકીય આગેવાન, ડૉક્ટર હર્ષદભાઈ પટેલ, રાજકીય આગેવાન, શ્રી કિરીટભાઈ પટેલ, રાજકીય આગેવાન, શ્રી આર.કે. પટેલ, ખેડૂત આગેવાન, શ્રી નવીનભાઈ પટેલ, ચેરમેન, એપીએમસી કલોલ, શ્રી ઉર્વશીબેન પટેલ, પ્રમુખ, નગરપાલિકા કલોલ ઉપસ્થિત રહેલ.

## ૬૬ કેવી ચિસકારી સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના

- જિલ્લો : ગાંધીનગર
- ફીડરોની સંખ્યા : ૨૦





- ગામોની સંખ્યા : ૧૮
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૧૪૧૬
- કાર્યક્રમનું સ્થળ : સંગમ વિદ્યાલય, ચિસકારી, તા. દહેગામ

આ પ્રસંગે શ્રી શંભુજી ઠાકોર, ધારાસભ્ય, ગાંધીનગર દક્ષિણ ઉપસ્થિત રહેલ.

## હાલીસા સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના







- જિલ્લો : ગાંધીનગર
- ફીડરોની સંખ્યા : ૨૦
- ગામોની સંખ્યા : ૧૮
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૧૪૧૬
- કાર્યક્રમનું સ્થળ : હંસરાજ દાદા સમાજવાડી, પ્રાઈમરી સ્કૂલની પાસે, શિવપુરકંપા, કોમ્યુનીટી હોલ, હાલીસા.

આ પ્રસંગે શ્રી બલરાજસિંહ ચૌહાણ, ધારાસભ્ય, દહેગામ અને શ્રી હિતેશભાઈ પટેલ, કિસાન નેતા ઉપસ્થિત રહેલ.

## થલોટા સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન

- જિલ્લો : મહેસાણા
- ફીડરોની સંખ્યા : ૨૬
- ગામોની સંખ્યા : ૪
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૧૦૬
- કાર્યક્રમનું સ્થળ : એ.પી.એમ.સી. હોલ, વિસનગર



આ પ્રસંગે શ્રી ઋષિકેશ પટેલ, ધારાસભ્ય, વિસનગર, શ્રી રમણલાલ પટેલ, ધારાસભ્ય, વિજાપુર, સુશ્રી સુમિત્રાબેન કે. પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ, સુશ્રી વર્ષાબેન પટેલ, પ્રમુખ નગરપાલિકા, વિસનગર, રામનિવાસ બુગાલીયા, પ્રાંત અધિકારી, વિસનગર, શ્રી બી.જી. પરમાર, મામલતદાર, વિસનગર, શ્રી રાકેશભાઈ પટેલ, ટીડીઓ, વિસનગર ઉપસ્થિત રહેલ.

## ઊંઝા સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન





- જિલ્લો : મહેસાણા
- ફીડરોની સંખ્યા : ૨૬
- ગામોની સંખ્યા : ૨
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૮૪
- કાર્યક્રમનું સ્થળ : એ.પી.એમ.સી. હોલ, ઊંઝા

આ પ્રસંગે ડૉ. આશાબેન પટેલ, ધારાસભ્ય, ઊંઝા, આમંત્રિત મહેમાનોમાં શ્રી નટુજી ઠાકોર, પૂર્વ સાંસદ અને શ્રી દિનેશભાઇ પટેલ, ચેરમેન, એ.પી.એમ.સી., ઉંઝા તથા મામલતદર, તાલુકા વિકાસ અધિકારી તથા જિલ્લા અને તાલુકાનાં પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ હાજર રહેલ.

## ૬૬ કેવી બેચરાજી સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન



- જિલ્લો : મહેસાણા
- ફીડરોની સંખ્યા : ૨૬
- ગામોની સંખ્યા : ૧૮
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૩૫૯
- કાર્યક્રમનું સ્થળ : ઉમિયાવાડી, બેચરાજી

આ પ્રસંગે શ્રી રજનીભાઈ પટેલ, ભૂતપૂર્વ, માનનીય ગૃહ રાજ્ય મંત્રી, ગુજરાત રાજ્ય, શ્રી પ્રહલાદભાઈ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ, મહેસાણા, સૃશ્રી સોનલબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ, બેચરાજી, શ્રી ગણપતભાઈ પટેલ, ચેરમેન, સિંચાઇ સમિતિ, મહેસાણા જિલ્લા પંચાયત, શ્રી મુકેશભાઇ પટેલ, ચેરમેન, શિક્ષણ સમિતિ, મહેસાણા જિલ્લા પંચાયત, શ્રી ભગાજી ઠાકોર, રાજકીય આગેવાન, શ્રી રમેશભાઈ પટેલ, ચેમેન, એપીએમસી, બેચરાજી, શ્રી વી.ઓ. પટેલ, મામલતદાર, બેચરાજી, શ્રી પરેશભાઈ પટેલ, સરપંચ, શંખલપુર, શ્રી દેવાંગભાઈ પંડ્યા, સરપંચ, બેચરાજી, શ્રી કેશવલાલ પ્રજાપતિ, રાજકીય આગેવાન, શ્રી માવજીભાઇ ઠાકોર, તાલુકા પંચાયત અધ્યક્ષ, શ્રી એસ.એચ. પટેલ, કાર્યપાલક ઈજનેર, યુજીવીસીએલ, મહેસાણા, શ્રી વી.કે. પટેલ, કાર્યપાલક ઈજનેર, જેટકો, શ્રી લક્ષ્મણસંગ, રાજકીય આગેવાન ઉપસ્થિત રહેલ.

## ૬૬ કેવી ખાવડ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન





- જિલ્લો : મહેસાણા
- ફીડરોની સંખ્યા : ૨૬
- ગામોની સંખ્યા : ૨૭
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૩૫૭
- કાર્યક્રમનું સ્થળ : ચંપાબા હોલ, કડી

આ પ્રસંગે શ્રી કરશનભાઈ સોલંકી, ધારાસભ્ય, કડી, શ્રી અશોકભાઈ ચૌધરી, ચેરમેન દૂધસાગર ડેરી, મહેસાણા ઉપસ્થિત રહેલ.

## શંખેશ્વર સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજન

- જિલ્લો : પાટણ
- ફીડરોની સંખ્યા : ૩૩
- ગામોની સંખ્યા : ૧૬
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૧૮૯
- કાર્યક્રમનું સ્થળ : શક્તિ નાહર પ્લોટ, પંચાસર

આ પ્રસંગે શ્રી મેરાજી ઠાકોર, પ્રમુખ, તાલુકા પંચાયત શંખેશ્વર, શ્રી રમેશભાઈ સિંધવ, રાજકીય આગેવાન, શ્રી ભલાભાઈ કટારીયા, રાજકીય આગેવાન, શ્રીમતી હેતલબેન ડાભી, સદસ્ય, જિલ્લા પંચાયત, શ્રી કેશાજી ઠાકોર, સદસ્ય, જિલ્લા પંચાયત, શ્રીમતી લીલાબેન, સરપંચ, પંચાસર ગામ, શ્રી પરબતજી ઠાકોર, પ્રમુખ, તાલુકા પંચાયત, અધિકારી, શ્રી આર.સી. દેસાઈ, અધિક્ષક ઈજનેર, યુજીવીસીએલ, મહેસાણા, શ્રી ડી. ડી. પટેલ, નાયબ ખેતી

નિયામક (વિસ્તરણ) પાટણ, શ્રી પી. કે. પ્રજાપતિ, નાયબ કાર્યપાલક ઇજનેર, સમી, શ્રી આર.આર. ભગોરા, તાલુકા અમલીકરણ અધિકારી, શંખેશ્વર, શ્રી એચ.એ. પ્રજાપતિ, ખેતીવાડી અધિકારી, શ્રી બાબુભાઇ દેસાઇ, તાલુકા વિકાસ અધિકારી, શંખેશ્વર, શ્રી ગોવિંદભાઈ રાઠોડ, વિસ્તરણ અધિકારી ખેતી શંખેશ્વર ઉપસ્થિત રહેલ.

## હારીજ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના



- જિલ્લો : પાટણ
- ફીડરોની સંખ્યા : ૩૩
- ગામોની સંખ્યા : ૩૮
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૮૫૫
- કાર્યક્રમનું સ્થળ : લોહાણા સમાજની વાડી, હારીજ

આ પ્રસંગે શ્રી અજમલજી ઠાકોર, ધારાસભ્ય, ખેરાલુ, શ્રી દશરથજી ઠાકોર, રાજકીય આગેવાન, શ્રી વનરાજસિંહ ઠાકોર, પ્રમુખ, તાલુકા પંચાયત, શ્રી રાજુ ભાઈ દેસાઈ, રાજકીય આગેવાન, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, રાજકીય આગેવાન, શ્રી મુકેશભાઈ ઠાકોર, ખેડૂત આગેવાન, શ્રી રમેશજી ઠાકોર, રાજકીય આગેવાન, શ્રી મહેશભાઈ રાવલ, રાજકીય આગેવાન, શ્રી વી.એચ કરોવા, કાર્યપાલક ઇજનેર, પાટણ, શ્રી એમ.બી. ગાલવડીયા, નાયબ બાગાયત નિયામક, પાટણ, શ્રી એલ. કે. પટેલ, મદદનીશ ખેતી નિયામક પાટણ, શ્રી એલ.એમ. નિનામા, નાયબ ઇજનેર, હારીજ, શ્રી એચ.એસ. પટેલ, ખેતી અધિકારી, શ્રી આર.ડી પ્રજાપતિ, બાગાયત અધિકારી, રાધનપુર ઉપસ્થિત રહેલ.

## ૬૬ કેવી કંબોઈ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના

- જિલ્લો : પાટણ
- ફીડરોની સંખ્યા : ૩૩
- ગામોની સંખ્યા : ૭
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૧૯૪
- કાર્યક્રમનું સ્થળ : શારદાબા સંસ્કાર ભવન-ચાણસ્મા

આ પ્રસંગે શ્રી જાગૃતિબેન પંડ્યા, પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગ, શ્રી ભાવેશભાઈ પટેલ, રાજકીય આગેવાન, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, પ્રમુખ, નગરપાલિકા, શ્રી જીતુભાઈ સોલંકી, પ્રમુખ, તાલુકા પંચાયત, શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ, રાજકીય આગેવાન, શ્રી રાજુભાઇ પટેલ, રાજકીય આગેવાન, શ્રી સુપ્રીતસિંઘ ગુલાટી (આઈએએસ), કલેકટર પાટણ, શ્રી રમેશ મેરજા (આઈએએસ), જિલ્લા વિકાસ અધિકારી, પાટણ, શ્રી એસ.એસ.પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી, પાટણ, શ્રી





મયુર પટેલ, નાયબ ખેતી નિયામક, તાલીમ પાટણ, શ્રી અમિત પટેલ, નાયબ ઇજનેર, શ્રી એન. એલ. પટેલ, ખેતીવાડી અધિકારી ચાણસ્મા, શ્રી ચિરાગ પટેલ, બાગાયત અધિકારી, ચાણસ્મા, શ્રી ડી.એમ.પટેલ, નાયબ ઈજનેર, પાટણ, શ્રી જે. સી. પટેલ, શ્રી સંજય ઠાકોર, વિસ્તરણ અધિકારી, ખેતી, શ્રી વિપુલ પરમાર, વિસ્તરણ અધિકારી ઉપસ્થિત રહેલ.

## ૬૬ કેવી અડીયા સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના

- જિલ્લો : પાટણ
- ફીડરોની સંખ્યા : ૩૩
- ગામોની સંખ્યા : ૮
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૨૬૧
- કાર્યક્રમનું સ્થળ : ચુડેલ માતા મંદિર નો શેડ, કુણઘેર



આ પ્રસંગે શ્રીમતી ભાનુમતીબેન મકવાણા, પ્રમુખ, પાટણ જિલ્લા પંચાયત, શ્રી કે. સી. પટેલ, રાજકીય આગેવાન, શ્રીમતી માયાબેન ઝાલા, પ્રમુખ, તાલુકા પંચાયત, શ્રી મગનભાઈ પટેલ, રાજકીય આગેવાન, શ્રીમતી સેજલબેન દેસાઈ, ચેરમેન, મહિલા અને બાળ સુરક્ષા સમિતિ, જિલ્લા પંચાયત પાટણ, શ્રી બી.જી. પ્રણામી, અધિક્ષક ઈજનેર, યુજીવીસીએલ, મહેસાણા, શ્રી વી.એ. પટેલ, કાર્યપાલક ઇજનેર, યુજીવીસીએલ, શ્રી જી.એચ. પટેલ, નાયબ ઇજનેર, યુજીવીસીએલ, શ્રી જે.વી. સોલંકી, નાયબ ઇજનેર, યુજીવીસીએલ, શ્રી એન. વી. પટેલ, નાયબ ઇજનેર, યુજીવીસીએલ, શ્રી નવીન પટેલ, નાયબ ઇજનેર, યુજીવીસીએલ, શ્રી એચ.બી. પટેલ, મદદનીશ ખેતી નિયામક વિસ્તરણ, પાટણ, શ્રી જે. જે. સોલંકી, વિસ્તરણ અધિકારી, શ્રી એસ.જી. રાજપુત, વિસ્તરણ અધિકારી, શ્રી ચિરાગ દેસાઈ, આત્મા કચેરી, શ્રી અમિતભાઈ દેસાઈ, બાગાયત અધિકારી હાજર રહેલ.

## તલોદ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના

- જિલ્લો : બાસરકાંઠા
- ફીડરોની સંખ્યા : ૨૬
- ગામોની સંખ્યા : ૧૮
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૯૭૦
- કાર્યક્રમનું સ્થળ : ઉમિયા હોલ, તલોદ

આ પ્રસંગે શ્રી સજ્જાદ હીરા, ચેરમેન, ગુજરાત રાજ્ય, વકફબોર્ડ તેમજ અન્ય આમંત્રિત મહેમાનોમાં શ્રીમતી ચાંદનીબેન પરમાર, પ્રાંત અધિકારી તલોદ, શ્રી



જયેશભાઇ પટેલ, રાજકીય આગેવાન, શ્રી કલ્પેશભાઇ પટેલ, ચેરમેન એ.પી.એમ.સી. તલોદ, શ્રી બી.એમ. પટેલ, નાયબ નિયામક બાગાયત અધિકારી, તલોદ, શ્રી એમ.ઝેડ. અસારી, અધિક્ષક ઈજનેર, યુજીવીસીએલ, મેહસાણા, શ્રી અગરસિંહ ચૌહાણ, મામલતદાર, તલોદ. શ્રીમતી દક્ષાબેન ઝાલા, પ્રમુખ, નગરપાલિકા, તલોદ તથા શ્રી કોદરભાઇ પટેલ, ખેડૂત આગેવાન, તલોદ તેમજ તાલુકા તલોદના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ હાજર રહેલ.

## કણિયોલ સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના

- જિલ્લો : સાબરકાંઠા
- ફીડરોની સંખ્યા : ૨૬
- ગામોની સંખ્યા : ૧૯
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૧૧૦૯





- કાર્યક્રમનું સ્થળ : રામપુર ચોકડી, ક્રિકેટ ગ્રાઉન્ડ, ખેસ તસિયા રોડ, રામપુર, તા. હિંમતનગર

આ પ્રસંગે શ્રી પ્રદિપસિંહ જાડેજા, માનનીય રાજ્યકક્ષાના ઊર્જા અને ગૃહમંત્રી, શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, ધારાસભ્ય, હિંમતનગર, શ્રી હિતુભાઈ કનોડિયા, ધારાસભ્ય, ઇડર, શ્રી એચ. કે. કોયા, કલેક્ટર, સાબરકાંઠા, શ્રી નીતિનભાઈ સાંઘવાન, જિલ્લા વિકાસ અધિકારી, સાબરકાંઠા, શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પી), શ્રી એન. પી. જાદવ, મુખ્ય ઇજનેર, જેટકો, શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર, વર્તુળ કચેરી, યુજીવીસીએલ તથા શ્રી વી.કે. પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી, હિંમતનગર તેમજ તાલુકા હિંમતનગરના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ તેમજ રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેલ.

## ૬૬ કેવી આમોદરા સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના



- જિલ્લો : સાબરકાંઠા
- ફીડરોની સંખ્યા : ૨૬
- ગામોની સંખ્યા : ૧૬
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૧૧૫૧
- કાર્યક્રમનું સ્થળ : ઉમા વાત્સલ્ય ધામ, રામપુરા, તા. પ્રાંતિજ

આ પ્રસંગે શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, ધારાસભ્ય, પ્રાંતિજ, આમંત્રિત મહેમાનોમાં શ્રી વર્ષાબેન રાઠોડ, તાલુકા પંચાયત પ્રમુખ, પ્રાંતિજ, શ્રી બળવંતભાઈ પટેલ, પ્રમુખ, તાલુકા મંડળ પ્રાંતિજ, શ્રી પી.બી. ખીસ્તરીયા, નાયબ ખેતી નિયામક, શ્રી રણજીતસિંહ, ઉપપ્રમુખ રાજકીય આગેવાન, શ્રી રાજુભાઇ પટેલ, એપીએમસી ચેરમેન, પ્રાંતિજ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ, પ્રાંતિજ, શ્રી નરેન્દ્રભાઈ પટેલ, પ્રાંતિજ. ખેડૂત આગેવાન, શ્રી આર.જી. બામણીયા, કાર્યપાલક ઇજનેર, યુજીવીસીએલ, ઇડર તેમજ તાલુકા પ્રાંતિજ અધિકારીશ્રીઓ અને પદાધીકારીશ્રીઓ હાજર રહેલ.

## ૬૬ કેવી દલાની મુવાડી સબસ્ટેશન અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના



- જિલ્લો : સાબરકાંઠા
- ફીડરોની સંખ્યા : ૨૬
- ગામોની સંખ્યા : ૧૬
- લાભાન્વિત ગ્રાહકોની સંખ્યા : ૧૧૫૧
- કાર્યક્રમનું સ્થળ : ઘડકણ પ્રાથમિક શાળા, ઘડકણ

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી ધીરૂભાઈ પટેલ, પ્રમુખ, સાબરકાંઠા જિલ્લા પંચાયત તેમજ અન્ય આમંત્રિત મહેમાન શ્રી જયસિંહ ચૌહાણ, પૂર્વમંત્રી, શ્રી વિપુલ પટેલ, કારોબારી અધ્યક્ષ, સાબરકાંઠા જિલ્લા પંચાયત, શ્રી કે.પી. પટેલ, અધ્યક્ષ, તાલુકા પંચાયત, પ્રાંતિજ, શ્રી પી.એસ. બારા, મદદનીશ પશુપાલક, શ્રી એન.એસ. પટેલ, તાલુકા વિકાસ અધિકારી, શ્રી જી.જે. ધનોલા, અધિક્ષક ઇજનેર મહેસાણા, શ્રી આર.વી. ઓડ, નાયબ ઇજનેર રનાસણ ઉપસ્થિત રહેલ. ■

## સતત નવમી વખત

# યુજીવીસીએલએ A+ રેટિંગ પ્રાપ્ત કર્યું

### વધુ એકવાર ભારતની પ્રથમ ક્રમાંકિત વીજ-વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત

તા. ૧૬મી જુલાઈ ૨૦૨૧ના રોજ ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી ભારતની શ્રેષ્ઠ વીજ-વિતરણ કંપની તરીકે "ઇન્વેસ્ટમેન્ટ ઇન્ફોર્મેશન એન્ડ ક્રેડિટ રેટિંગ એજન્સી (ICRA-ઇકરા) દ્વારા કરાવવામાં આવેલ મૂલ્યાંકન બાદ દેશના ૨૨ (બાવીસ) રાજ્યોની ૪૧ (એકતાલીસ) વીજ-વિતરણ કંપનીઓની કાર્યપદ્ધતિનું નિરીક્ષણ કરીને તેમની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરીને ગુણ આપવામાં આવેલ છે.

મુલ્યાંકન પદ્ધતિ પ્રમાણે યુજીવીસીએલ એ A+ રેટિંગ સાથે ભારતભરની પ્રથમકક્ષાની વીજ-વિતરણ કંપની તરીકેનું પોતાનું સ્થાન જાળવી રાખેલ છે. વર્ષ ૨૦૧૩થી વર્ષ ૨૦૨૧ સુધી સતત ૯મી વખત રેટિંગ સાથે પોતાની અગ્રીમ હરોળની વીજ-વિતરણ કંપની તરીકે ઓળખ જાળવી રાખેલ છે.

ગુજરાત સરકારના ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અંતર્ગતની ચારેય વીજ વિતરણ કંપનીઓ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડે વીજ સેવાઓ અને ગુણવત્તામાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરીને સમગ્ર ભારતમાં પ્રથમ ચાર ક્રમાંક અંકે કર્યા છે. એટલું જ નહીં ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા અપાયેલા નવમા વાર્ષિક ઈન્ટિગ્રેટેડ રેટિંગમાં A+ (એ-પ્લસ) નું સર્વોચ્ચ રેટિંગ મેળવ્યું છે.

આ રેટિંગ પદ્ધતિ દર્શાવે છે કે જે વીજ-વિતરણ કંપની A+ રેટિંગ મેળવે છે તે કંપનીને ૮૦ થી ૧૦૦ ની વચ્ચે ગુણ મળ્યા હોય. ઉચ્ચ વહીવટી કાર્યક્ષમતા અને આર્થિક સદ્ધરતા ધરાવતી હોય, શ્રેષ્ઠ વીજ-વિતરણ વ્યવસ્થા ધરાવતી હોય અને યોગ્ય કિમતે વીજળી પૂરી પાડીને ગ્રાહકલક્ષી અભિગમ ધરાવતી હોય.




ઇન્ટીગ્રેટેડ રેટિંગ મેથોડોલોજી અંતર્ગત ભારતના વિવિધ રાજ્યોની વીજ-વિતરણ કંપનીઓમાં ગુજરાતની ચારેય વીજ-વિતરણ કંપનીઓએ અને ખાસ કરીને ઉત્તર ગુજરાત વીજ કંપનીએ પ્રથમ સ્થાન મેળવ્યું છે જે ગૌરવની બાબત છે.

યુજીવીસીએલ દ્વારા ગત નાણાકીય વર્ષ દરમ્યાન એટીએન્ડસી લોસ, ટ્રાન્સમીશન એન્ડ ડિસ્ટ્રીબ્યુશન લોસ ઘટાડવા માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. જેના પરિણામ સકારાત્મક છે. કંપની ઉત્તરોત્તર આર્થિક સદ્ધરતાની નવી ઉંચાઈઓ સર કરી રહી છે.

ગુજરાત સરકાર, ગુજરાત વીજ-નિયમન પંચ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના માર્ગદર્શન તથા સહકારથી તેમજ યુજીવીસીએલના સત્તાધીશો તેમજ કર્મચારીઓ અને અધિકારીઓના સહિયારા પુરુષાર્થથી કંપની સફળતાના શિખરો પ્રાપ્ત કરી રહી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની આ ચારેય વીજ વિતરણ કંપનીઓએ પોતાનું સર્વોચ્ચ સ્થાન જાળવી રાખ્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ જ્વલંત સફળતા અને ઉત્કૃષ્ટ દેખાવ બદલ વિશેષ સ્થાન મેળવનાર વીજ કંપનીઓના અધિકારીઓ અને તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ છે.

ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ તેમજ રાજ્યકક્ષાના ઊર્જામંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ચારેય વીજકંપનીઓના અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવેલ છે.

સતત નવમી વખત A+ રેટિંગ પ્રાપ્ત થવાથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાએ કંપનીના ઉચ્ચઅધિકારીઓ અને નાનામાં નાના કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર માની અભિનંદન પાઠવેલ છે. ભવિષ્યમાં પણ આજ પ્રકારની ઉત્કૃષ્ટ કામગીરી દ્વારા વધુ સફળતાના શિખરો સર કરતા રહીશું તેવો આશાવાદ વ્યક્ત કરેલ છે. ■

# ૭૫મા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીની શરૂઆત


ધ્વજવંદન


આગમન


ધ્વજવંદન


ઉપસ્થિત મહાનુભાવો

તા. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બ્રિટીશ શાસનમાંથી આપણે મુક્ત થયા બાદ છેલ્લા ૭૪ વર્ષથી પરંપરાગત રીતે ધામધૂમથી સ્વતંત્રદિનના પર્વની ઉજવણી કરી રહ્યા છીએ. ૭૫મા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીની શરૂઆત કરી વર્ષ દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત વિવિધ કાર્યક્રમો ગુજરાત સરકારના નેજા હેઠળ આપણે ઉજવવા જઈ રહ્યા છીએ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાના વરદ્ હસ્તે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. શ્રી એલ.આર. ચૌધરી, સિક્યોરીટી ઈન્સ્પેક્ટર અને શ્રી વી.એમ. ચૌધરી, આસી. સિક્યોરીટી ઈન્સ્પેક્ટર દ્વારા માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપીને મંચ સુધી દોરવવામાં આવેલ.

આ પાવન પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી.), શ્રી વી.એમ. શ્રોફ સહિત કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને પરિવારજનો ઉપસ્થિત રહેલ. રાષ્ટ્રભક્તિના માહોલ વચ્ચે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ ૯.૧૫ કલાકે ધ્વજ ફરકાવીને વંદન કરી સલામી આપેલ, સમુહમાં રાષ્ટ્રગીત ગાવામાં આવેલ, કર્મચારીઓ જોગ શુભેચ્છા સંદેશ પાઠવેલ.

## અક્ષરશઃ

૭૫મા સ્વાતંત્ર્ય દિનના પાવન પ્રસંગે ઉપસ્થિત મારા પ્રિય કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓ અને યુજીવીસીએલ પરિવારના તમામ સભ્યોને હૃદયથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

આપણા પૂર્વજોએ અંગ્રેજ શાસકોની ગુલામીમાંથી મુક્ત થવા માટે સંઘર્ષ કરીને આપણને મહામુલી આઝાદી અપાવી છે. આઝાદી અપાવવા પાછળનો ઉદ્દેશ માત્ર અંગ્રેજોના શાસન માંથી મુક્ત કરવાનો જ ન હતો, પરંતુ એક વિકસિત, આધુનિક, આત્મનિર્ભર અને ખુશહાલ રાષ્ટ્રનું નિર્માણ કરી ઈતિહાસનું સુવર્ણકાળ શરૂ કરવાનો હતો. સ્વતંત્ર્ય ભારતના તમામ નાગરિકોના સહિયારા પુરૂષાર્થથી આપણે પ્રગતિના સોપાનસર કરી ઉત્તરોત્તર વિકાસની યશગાથા સાથે આધુનિક ભારતનું નિર્માણ કરવાની કામગીરી ચાલુ રાખેલ છે.

આપણે વિચારવું જોઈએ કે, આપણે આપણા વિચારોથી આઝાદ છીએ કે કેમ? હું

### મેરિટ એવોર્ડ મેળવનાર ધોરણ 10નાં બાળકોની યાદી

| નામ અને કર્મચારી સાથેનો સંબંધ | કમચારીનું નામ અને હોદ્દો | કામનું સ્થળ | ટકાવારી | મેરિટ એવોર્ડની વિગત |
|---|---|---|---|---|
| કુ. લીઝાબાનુ, સુપુત્રી | શ્રી વાય.આર. ચૌહાણ, જુની. એન્જિનીયર | સાબરમતી સર્કલ | 93.50 | 250/- અને પ્રમાણપત્ર |
| ચિં. મલ્હાર, સુપુત્ર | શ્રી બી.એ. પ્રજાપતિ, ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ | મહેસાણા લેબોરેટરી | 90.16 | |
| કુ. ખુશીબેન, સુપુત્રી | શ્રી કે.એમ. પટેલ, ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ | મહેસાણા વિ.ક. TMS | 87.50 | |

### મેરિટ એવોર્ડ મેળવનાર ધોરણ 12નાં બાળકોની યાદી

| નામ અને કર્મચારી સાથેનો સંબંધ | કમચારીનું નામ અને હોદ્દો | કામનું સ્થળ | ટકાવારી | મેરિટ એવોર્ડની વિગત |
|---|---|---|---|---|
| કુ. કેયા, સુપુત્રી | શ્રી જી.એ. ઠાકર, સિનિયર આસિસ્ટન્ટ | બોપલ વિ.ક. | 90.00 | 500/- અને પ્રમાણપત્ર |
| ચિં. મલ્હાર, સુપુત્ર | શ્રી જે.આર. ચૌહાણ, જુનિયર એન્જિનીયર | ચાંદખેડા પે.વિ.ક. | 89.38 | |
| કુ. નિસર્ગી, સુપુત્રી | શ્રી એન.એમ. જોશી, કંપની સેક્રેટરી | આરએન્ડસી મહેસાણા | 89.20 | |
| ચિં. રવિ, સુપુત્ર | શ્રી એસ.એચ. પટેલ, આસિસ્ટન્ટ લાઇનમેન | વિસનગર શહેર પે.વિ.ક. | 88.71 | |
| ચિં. રોહન, સુપુત્ર | શ્રી કે.એ. પ્રજાપતિ, જુનિયર આસિસ્ટન્ટ | વડગામ પે.વિ.ક. | 88.30 | |
| ચિં. દક્ષ, સુપુત્ર | શ્રી કે.ડી. પ્રજાપતિ, સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સર્કલ | 87.84 | |
| કુ. ખાદીજા, સુપુત્રી | શ્રી એમ.યુ. પોથીગરા, સિનિયર આસિસ્ટન્ટ | વિસનગર વિ.ક. | 86.40 | |
| કુ. ખુશીબેન, સુપુત્રી | શ્રીમતી આર.એચ. મોદી, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિ.ક.-1 | 85.84 | |
| કુ. સાક્ષી, સુપુત્રી | શ્રી એ.વી. પટેલ, ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ | મહેસાણા વિ.ક. લેબ | 85.14 | |

### વર્ષ 2020-21 માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ધનબાદમાં પ્રવેશ મેળવ્યા બદલ સન્માન

| નામ અને કર્મચારી સાથેનો સંબંધ | કમચારીનું નામ અને હોદ્દો | કામનું સ્થળ | મેરિટ એવોર્ડની વિગત |
|---|---|---|---|
| ચિં. સ્મિત, સુપુત્ર | શ્રી. પી.ડી. પરમાર, ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ | છાપી પે.વિ.ક. | 5000/- અને પ્રમાણપત્ર |

### વર્ષ 2020-21 ખેતીવાડી સિવાયના ટીએન્ડડી લોસ

| પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | સર્કલ | શ્રેણી | સિદ્ધિ (%) |
|---|---|---|---|---|
| કડી ટાઉન | કડી | મહેસાણા | શહેરી | 1.86 |
| વિજાપુર | વિજાપુર | મહેસાણા | ગ્રામીણ | 1.95 |
| ચાંગોદર | બોપલ | સાબરમતી | ઉદ્યોગિક | 2.00 |

### નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન સૌથી ઓછો SAIDI ધરાવતો શ્રેષ્ઠ પેટા વિભાગીય કચેરીઓ (HH: MM)

| પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | સર્કલ | શ્રેણી | સિદ્ધિ (HH: MM) |
|---|---|---|---|---|
| બોપલ | બોપલ | સાબરમતી | શહેરી | 0:24 |
| રણુજ | પાટણ | મહેસાણા | ગ્રામીણ | 0:56 |

તો એવું માનું છું કે સૌથી વધારે માં વધારે મુશ્કેલી આપણે વિચારોથી મુક્ત થવામાં છે જેવી રીતે આપણે કહીએ કે “મન જીતે જગ જીત”, જે માણસ મનને જીતી લે તે આખા વિશ્વને જીતી શકે છે, પણ સૌથી અઘરું કામ છે આ.

આપ સૌ જાણો છો કે ગુજરાતને આજે લોકો ભારતના ગ્રોથ એન્જિન તરીકે માને છે. આધુનિક ભારતનો વિકાસ થયો છે જેમાં ગુજરાત રાજ્યનું પ્રદાન હંમેશા અગ્રેસર રહ્યું છે. દરેક ક્ષેત્રમાં ગુજરાતે અવનવી સિદ્ધિઓ દ્વારા નવા આયામો કંડારેલ છે, જેણે સમગ્ર ભારતને દિશા નિર્દેશ આપીને રાહ ચીંધવાની ભગીરથ કામગીરી કરેલ છે.

વીજક્ષેત્રના આમૂલ પરિવર્તનની વાત કરીએ તો ગુજરાત સાતમુ રાજ્ય હતું કે જેણે “રીફોર્મ્સ”નો સ્વીકાર કર્યો, અમલ મોડો કર્યો પણ થોડાક જ સમયમાં એવી કામગીરી કરી કે, તમામ રાજ્યોની સરખામણીએ અગ્રેસર કામગીરી કરીને સમગ્ર રાષ્ટ્રને રાહ ચિંધ્યો છે. કંપનીના કર્મચારીઓએ પોતાના પરિશ્રમથી વીજ ક્ષેત્રે અગ્રેસર કંપની તરફ પ્રસ્થાપિત કરીને ગૌરવ અપાવેલ છે. ગુજરાત વિદ્યુત બોર્ડથી કંપનીકરણ દરમ્યાન ફરજ બજાવેલ તમામ કર્મચારીઓને દિલથી અભિનંદન પાઠવું છું.

મિત્રો મને જણાવતા આનંદ થાય છે કે કોરોના કાળના કપરા સંજોગો વચ્ચે પણ આપ સૌએ આપની કાર્યદક્ષતા દ્વારા સતત પ્રયત્નો કરીને તારીખ ૨૫-૦૨-૨૦૨૧ના રોજ

**નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન સૌથી ઓછી ટ્રાન્સફોર્મર નિષ્ફળતા ધરાવતી શ્રેષ્ઠ પેટા વિભાગીય કચેરીઓ**

| પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | સર્કલ | શ્રેણી | સિદ્ધિ (HH: MM) |
|---|---|---|---|---|
| બોપલ | બોપલ | સાબરમતી | શહેરી | 0.85 |
| સિદ્ધપુર | સિદ્ધપુર | પાલનપુર | ગ્રામીણ | 4.06 |

**છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ જીવલેણ અને બિન-જીવલેણ માનવ વિભાગ અને બહારના તેમજ જીવલેણ પ્રાણી અકસ્માત થયો નથી (નાણાકીય વર્ષ 2018-19, નાણાકીય વર્ષ 2019-20, નાણાકીય વર્ષ 2020-21)**

| પેટા વિભાગીય કચેરીઓ | વિભાગીય કચેરીઓ | વર્તુળ કચેરીઓ |
|---|---|---|
| ગોઝારીયા | વિજાપુર | મહેસાણા |
| મહેસાણા હાઈવે | મહેસાણા | મહેસાણા |
| પાટણ શહેર-૧ | પાટણ | મહેસાણા |
| ભિલોડા-૨ | ભિલોડા | હિમતનગર |
| ચોરીવાડ | ભિલોડા | હિમતનગર |
| શેલા | બોપલ | સાબરમતી |

ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ, કલકત્તા દ્વારા આઠમાં ઈનોવેશન વિથ ઈમ્પેક્ટ એવોર્ડ્સ ફોર ડિસ્કોમ-૨૦૨૦ અન્વયે આપણને વિવિધ કેટેગરીમાં એક જ દિવસે ત્રણ એવોર્ડ્સ પ્રાપ્ત થયેલ છે ત્યારબાદ તારીખ ૨૭-૦૩-૨૦૨૧ના રોજ કે.બી.એસ. માર્કોમ પ્રાઈવેટ લિમિટેડ, ન્યુ દિલ્હી દ્વારા ઊર્જા સંરક્ષણ અને જાગૃતિ અંગે “નેશનલ એબિલીટી એવોર્ડ-૨૦૨૧” પ્રાપ્ત થયેલ છે. તા. ૧૬મી જુલાઈ ૨૦૨૧ના રોજ ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી ભારતની શ્રેષ્ઠ વીજ-વિતરણ કંપની તરીકે “ઈન્વેસ્ટમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ક્રેડિટ રેટિંગ એજન્સી (ICRA-ઈકરા) દ્વારા કરાવવામાં આવેલ મૂલ્યાંકન બાદ દેશના ૨૨ (બાવીસ) રાજ્યોની ૪૧ (એકતાલીસ) વીજ-વિતરણ કંપનીઓની કાર્યપદ્ધતિનું નિરીક્ષણ કરીને તેમની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરીને આપવામાં આવેલ. ગુણના અનુસંધાનમાં A+ રેટિંગ પ્રાપ્ત થયેલ છે. સતત નવમી વાર A+ રેટિંગ પ્રાપ્ત કરીને આપણે ભારતની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકેનું સ્થાન જાળવી રાખેલ છે. આ સફળતા માટે હું કંપનીના ઉચ્ચ અધિકારીઓથી લઈને છેવટના નાનામાં નાના કર્મચારીઓનો પણ આભાર માનું છું કે, જેમના સહિયારા પુરૂસાર્થથી આ સિદ્ધી મેળવેલ છે.


રંગોળી


ઉદ્બોધન

કોરોનાની મહામારી દરમ્યાન ખૂબ જ સાવચેતી રાખીને તમામ કર્મચારીઓએ સફળ કામગીરી કરેલ છે જેને રાજકીય તેમજ સામાજિક આગેવાનો દ્વારા બિરદાવવામાં આવેલ છે. કંપનીકરણ બાદ યશસ્વી કામગીરી દ્વારા ૧૫વર્ષના કાર્યકાળ દરમ્યાન ૨૯ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્સ પ્રાપ્ત કરી વીજક્ષેત્રની વિવિધ કામગીરીમાં પણ પોતાની અગ્રીમ કામગીરી સાબિત કરેલ છે. આપ સર્વેની ક્ષમતામાં મને પૂર્ણ વિશ્વાસ છે. આપ સર્વે સાથેના સહિયારા પુરૂસાર્થથી સફળતાના શિખરો સર કરતા રહીશું.


પરામર્શ બેઠક

તારીખ ૦૫-૦૮-૨૦૨૧ના રોજ આપણા રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કચ્છ ખાતેથી “સાત પગલાં ખેડૂત કલ્યાણના” યોજના અંતર્ગત સહાય વિતરણ અને “કિસાન સૂર્યોદય યોજના”નું લોકાર્પણ આપણા કાર્યવિસ્તારના કુલ ૨૮ સ્થળોએથી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અને ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનાં સંયુક્ત ઉપક્રમે “કિસાન સન્માન દિવસ” નિમિત્તે આયોજન કરવામાં આવેલ. પ્રથમ તબક્કામાં ઉત્તર ગુજરાતના કુલ ૫૭૧ ગામો (પૂર્ણ અને અંશતઃ)ના ૪૫,૧૩૨ ગ્રાહકોને ૨૬૩ ફીડરો પરથી કુલ ૭૭ સબસ્ટેશનો દ્વારા વીજપુરવઠો પૂરો પાડવાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. બીજા તબક્કામાં કુલ ૩૬૨ ગામો (પૂર્ણ અને અંશતઃ)ના ૧૫,૫૪૫ ગ્રાહકોને ૧૬૮

ફીડરો પરથી કુલ ૨૯ સબસ્ટેશનો દ્વારા વીજપુરવઠો પૂરો પાડવાનું આયોજન આગામી સમયમાં હાથ ધરવામાં આવેલ છે. સંપૂર્ણ યોજના ઓક્ટોબર-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ છે. મને કંપનીના તમામ કર્મચારીઓની ક્ષમતામાં પૂર્ણ વિશ્વાસ છે કે આપણે ખૂબ સરળતાથી આપણો લક્ષ્યાંક સિદ્ધ કરીશું.

તાજેતરમાં તા. ૦૩-૦૮-૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્યના માનનીય ઊર્જા રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપણી કંપનીની પ્રત્યક્ષ મુલાકાત લઈને કંપનીની કામગીરીની માહિતી પ્રેઝન્ટેશન દ્વારા મેળવી અને આપણી કામગીરી અંગે પ્રસન્નતાની લાગણી અનુભવી કેટલાક રચનાત્મક સૂચનો પાઠવેલ છે આપણા માટે ગૌરવની વાત છે કે સરકારશ્રીના મંત્રીશ્રી દ્વારા પ્રથમવાર આપણી પ્રત્યક્ષ મુલાકાત લઇ કંપનીની કામગીરીમાં વિશેષ રસ દાખવેલ છે.

કોરોનાની મહામારી હજી ચાલુ છે તેવા સંજોગોમાં વધુ સાવચેતી પૂર્વક કામગીરી

**પેટાવિભાગીય/વિભાગીય કચેરીઓ દ્વારા વીજ બિલની ઈ-ચુકવણીમાં સૌથી વધુ વૃદ્ધિ માટે આપવામાં આવેલ પ્રમાણપત્ર**

| પેટા વિભાગ | વિભાગ | વર્તુળ | શ્રેણી | રેન્ક |
|---|---|---|---|---|
| દાંતા | પાલનપુર-૨ | પાલનપુર | ગ્રામીણ | 1 |
| ઈકબાલગઢ | પાલનપુર-૨ | પાલનપુર | ગ્રામીણ | 2 |
| ધાનેરા-૧ | ડીસા-૨ | પાલનપુર | ગ્રામીણ | 3 |
| દહેગામ -૧ (ટાઉન) | ગાંધીનગર (ગ્રામ્ય) | સાબરમતી | શહેરી | 1 |
| કુડાસણ | ગાંધીનગર (અર્બન) | સાબરમતી | શહેરી | 2 |
| ઓગણજ | ગાંધીનગર (અર્બન) | સાબરમતી | શહેરી | 3 |
| - | તલોદ | હિંમતનગર | HT | 1 |
| - | કલોલ | સાબરમતી | HT | 2 |
| - | બોપલ | સાબરમતી | HT | 3 |

કરવા અનુરોધ કરું છું અને ફરી વાર ૧૫મી ઓગસ્ટની સ્વતંત્ર દિનની શુભેચ્છા પાઠવી વિરમું છું.

જય હિન્દ. ભારત માતા કી જય.

કાર્યક્રમ દરમ્યાન વિવિધ ક્ષેત્રોમાં યશસ્વી કામગીરી કરનાર કંપનીના કર્મચારીઓ અને તેમના પરિવારજનોને રોકડ પુરસ્કાર તેમજ સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જગદીશભાઈ ગોસાઈ, પાટણ સીટી સબડિવિઝન દ્વારા સફળ રીતે કરવામાં આવેલ. ■

# મહેસાણા ખાતે હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી પી.એચ. રામીનો વિદાય સમારંભ

તા. ૩૧-૦૮-૨૦૨૧ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી મહેસાણા ખાતે હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી પી.એચ. રામીનો નિવૃત્તિ વિદાય સમારંભ શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એ.સી. પ્રજાપતિ, સહાયક મહા પ્રબંધક (એચ.આર.) તેમજ શ્રી સી.જે. રાજપાલ, અધિક્ષક ઇજનેરની અધ્યક્ષતામાં યોજાયેલ. જેમાં જુદી જુદી કચેરીઓમાંથી ખૂબ જ બહોળી સંખ્યામાં અધિકારી/કર્મચારીઓ હાજર રહી પ્રસંગને દીપાવ્યો હતો.

તેમજ શ્રી પી.એચ. રામીએ મીટર રીડર તરીકે અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડ અને હાલના યુજીવીસીએલમાં પોતાની





કારકિર્દીની શરૂઆત કરેલ. પોતાની આવડત અને હોંશિયારીથી પોતાની કારકિર્દીમાં હિસાબી અધિકારી તરીકે યશસ્વી ફરજ બજાવેલ. એમના ૨૩ વર્ષનાં બહોળા અનુભવનાં ફળ સ્વરૂપે "BASIC OF BILLING" નામના પુસ્તક તેમના દ્વારા લખવામાં આવેલ જેનું વિમોચન ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આમ શ્રી રામીએ પોતાની કારકિર્દી દરમિયાન કરેલી કામગીરી અને અનુભવનો નિચોડ પુસ્તકમાં રજૂ કરી આવનારા દિવસોમાં કંપનીની કામગીરી અંગે દિશા સૂચન દર્શાવવાનું મહત્ત્વનું કામ કરેલ છે. યુજીવીસીએલ પરિવાર તેઓને નિવૃત્તિ અંગેના શેષ જીવન માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે તે માટે શુભેચ્છા પાઠવે છે. ■

# માનનીય રાજયકક્ષાના ઊર્જા મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાનીઅધ્યક્ષતામાં મહેસાણા કોર્પોરેટ ઓફિસ ખાતે પરામર્શ બેઠકનું આયોજન

તા. ૦૩/૦૮/૨૦૨૧ના રોજ માનનીય રાજ્યકક્ષાના ઊર્જા મંત્રીશ્રી, શ્રી પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતામાં મહેસાણા જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, કલેકટરશ્રી મહેસાણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મહેસાણા તેમજ યુજીવીસીએલ અને જેટકોના સિનિયર અધિકારી સાથે પરામર્શ બેઠકનું આયોજન કરવામાં આવેલ.

**પરામર્શ બેઠકમાં નીચે જણાવ્યા મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહેલ**

- માનનીય રાજ્યકક્ષાના ઊર્જા મંત્રી, શ્રી પ્રદિપસિંહ જાડેજા
- કલેકટર, મહેસાણા, શ્રી ઉદીતઅગ્રવાલ, (આઈએએસ)
- મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ, શ્રી કે.એસ. રંધાવા (આઈએફએસ)
- જિલ્લા વિકાસ અધિકારી, મહેસાણા, ડો. ઓમ પ્રકાશ, (આઈએએસ)
- ધારાસભ્ય વિસનગર, શ્રી ઋષિકેશભાઈ પટેલ
- ધારાસભ્ય વિજાપુર, શ્રી રમણભાઈ પટેલ
- ધારાસભ્ય ઊંઝા, ડો. આશાબેન પટેલ
- ધારાસભ્ય કડી, શ્રી કરશનભાઈ સોલંકી
- ધારાસભ્ય ખેરાલુ, શ્રી અજમલજી ઠાકોર

**સદર પરામર્શ બેઠકમાં હાજર રહેલ યુજીવીસીએલ/ જેટકોના અધિકારીઓ**

- શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (ઓપરેશન)
- શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ)
- શ્રી બી. એન. ત્રિવેદી, મુખ્ય ઈજનેર પ્રોજેક્ટ, જેટકો
- શ્રી વી.જી. પરાડકર, વિશેષ મુખ્ય ઈજનેર જેટકો, ઝોનલ ઓફિસ મહેસાણા
- શ્રીઆર.એમ. જૈન, ચીફ ફાયનાન્સ ઓફિસર, યુજીવીસીએલ
- શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર, યુજીવીસીએલ
- શ્રી જી.એચ. એન્જીનીયર, વિશેષ મુખ્ય ઈજનેર, યુજીવીસીએલ
- શ્રી સી.જે. રાજપાલ, અધિક્ષકઈજનેર, મહેસાણા
- શ્રી એમ. જી. પટેલ, અધિક્ષક ઈજનેર, પ્રોજેક્ટ નેટવર્ક,જેટકો, વડોદરા
- શ્રી એમ. જે. વસાવા, અધિક્ષક ઈજનેર, વર્તુળ કચેરી,જેટકો મહેસાણા
- શ્રી વાય. એ. પરમાર, અધિક્ષક ઈજનેર (આઈ.ટી.), યુજીવીસીએલ

કાર્યક્રમની શરૂઆતમાં મુખ્ય ઈજનેર, શ્રી પી.બી. પંડ્યાએ ઉપસ્થિત મહાનુભાવોને હૃદયપૂર્વક આવકારતાં જણાવેલ કે આજ રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ માટે ઐતિહાસિક અને ગૌરવનો દિવસ છે કે સૌ પ્રથમવાર ગુજરાત સરકારના માનનીય ઊર્જા રાજ્ય મંત્રી, શ્રી પ્રદિપસિંહ જાડેજા આપણા સૌની વચ્ચે વિચાર-વિમર્શ કરવા પધારેલ છે. વારંવાર આપણા મેગેઝિન તથા અન્ય પ્રકાશનો દ્વારા આપણી કામગીરીથી માહિતગાર થઇ અને શુભેચ્છા સંદેશાઓ પાઠવી આપણી



સ્વાગત

કામગીરીને સતત બિરદાવીને પ્રોત્સાહન પૂરું પાડી આપણામાં નવીન ઊર્જાનો સંચાર કરેલ છે. આશા રાખું છુ કે, આજનો આ વિચાર-વિમર્શ કાર્યક્રમ દ્વારા આગામી દિવસોમાં આપણે આપણી કામગીરીથી માહિતગાર કરી અને મજબુત સંવાદ સેતુની સ્થાપના કરીશું.

શબ્દોથી સ્વાગત બાદ ઉપસ્થિત મહાનુભાવોનું પરંપરાગત રીતે બૂકે અર્પણ કરીને સ્વાગત કરવામાં આવેલ.

સદર પરામર્શ બેઠકમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની વિવિધ કામગીરીને કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.કે. દરજી દ્વારા પ્રેઝન્ટેશન દ્વારા અસરકારક રીતે રજૂ કરવામાં આવેલ.

ભારત સરકારના ઉર્જામંત્રાલય દ્વારા તા.૧૬/૦૭/૨૦૨૧ના રોજ સમગ્ર દેશના જુદા જુદા રાજ્યોની વીજ કંપનીના રેટિંગ કરવામાં આવેલ, તેમાં ગુજરાતની ચાર વીજ વિતરણ કંપનીઓએ પ્રથમ ચાર સ્થાન પ્રાપ્ત કરેલ, સદર રેટિંગમાં ગ્રાહકલક્ષી સેવાઓ, ટી.એન્ડ. ડી.લોસ અને એકાઉન્ટસને લગતી વિવિધ સેવાઓનો સમાવેશ થાય છે. જેમાં ઉ.ગુ.વી.કં.લી. એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેની માનનીય રાજ્યકક્ષાના ઊર્જામંત્રીશ્રીએ તથા માનનીય ધારાસભ્યશ્રીઓએ પ્રશંસનીય નોંધ લઇ બિરદાવેલ હતી. યુજીવીસીએલના ૧૬ વર્ષના વ્યવસાયિક કાર્યકાળ દરમ્યાન વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે અત્યાર સુધીમાં મેળવેલ કુલ ૨૯ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્સ પ્રાપ્ત કરવામાં આવેલ જેની ટૂંકમાં માહિતી આપવામાં આવેલ.

- વર્ષ ૨૦૦૫માં ઉ.ગુ.વી.કં.લીની અમલમાં આવી તેજ વર્ષે નેશનલ એક્રીડેશન બોર્ડ દ્વારા પ્રમાણિત સૌ પ્રથમ મીટર ટેસ્ટીંગલેબ, સાબરમતી ખાતે કાર્યરત કરવામાં આવેલ. આ લેબોરેટરીમાં વીજ કંપનીના મીટર ટેસ્ટીંગ કરવામાં આવે છે, તે ઉપરાંત બહારના ખાનગી ઔદ્યોગિક એકમના સીટીપીટી, પ્રાઈવેટ મીટરનું ટેસ્ટીંગ પણ થાય છે. જેના લીધે અન્ય આવક પણ ઊભી થાય છે. સદર લેબોરેટરીમાં વધુ મીટર ટેસ્ટ થાય તે હેતુથી ઓટોમેટીક ટેસ્ટીંગ બેંચનો ઉમેરો કરી લેબોરેટરીની કાર્યક્ષમતામાં વધારો કરવામાં આવેલ છે. સદર એન.એ.બી. એલ. મીટર ટેસ્ટીંગ લેબોરેટરીને સૌ પ્રથમ આઈ.એસ.ઓ. ૧૭૦૨૫: ૨૦૦૫ થકી એક્રીડેશન મળેલ છે.
- મહેસાણા ખાતે મધ્યસ્થ સુવિધા કેન્દ્ર કાર્યરત છે, જેનો ટોલ ફ્રી નંબર ૧૯૧૨૧ છે. જેમાં યુજીવીસીએલનો કોઈ પણ ગ્રાહક વીજ ફરિયાદ નોંધાવી શકે છે અને ફરિયાદનો નિકાલ ઝડપથી થાય છે. વધુમાં ગ્રાહક પાસેથી ફરિયાદ નિકાલ થયા અંગે ફીડબેક પણ લેવામાં આવે છે અને ફીડબેકનું સમયાંતરે પૃથ્થકરણ કરવામાં આવે છે.
- ભારત સરકારના ઊર્જામિત્ર વેબપોર્ટલ/મોબાઈલ એપ્લીકેશન વડે વીજ પુરવઠો બંધ થવા અંગેની માહિતી એસ.એમ.એસ. દ્વારા ગ્રાહકને આગોતરી જાણ કરવામાં આવે છે.
- યુજીવીસીએલના સામર્થ્ય અંગે ચર્ચા કરતા જ્યોતિગ્રામ યોજના સૌ પ્રથમ મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૫માં ચાલુ કરવામાં આવેલ હતી. બિન ખેતીવાડીના સૌથી ઓછા વીજ લોસ, ઓછા એલ.ટી. / એચ.ટી.ના ગુણોતર થકી વીજ ગ્રાહકને સારા વોલ્ટેજ આપવામાં આવે છે. જેમાં મહેસાણા જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકને ત્યાં શક્યતઃ પોતાનું વીજ ટ્રાન્સફોર્મર છે, જેથી સારા વોલ્ટેજ મળી રહે છે. આ બાબતની નોંધ જિલ્લાના માનનીય ધારાસભ્યશ્રીઓએ પણ લીધેલ છે. કુદરતી કારણો સિવાય વીજ ગ્રાહકોને સૌથી ઓછા વીજ વિક્ષેપ થકી વીજ પુરવઠો આપવામાં આવે છે. જિલ્લાના ગ્રાહકો સમયસર વીજ બિલભરતા હોઈ કલેક્શન એફીસીયન્સી ૧૦૦ % રહેતી હોય છે. યુજીવીસીએલના કર્મચારીઓને સમયસર તાલીમ આપવામાં આવે છે. જેમાં નવીન નિમણૂંક પામેલા જુનિયર ઈજનેર / જુનિયર આસિસ્ટન્ટ / ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટને ઈન્ડકશન તાલીમ ઉપરાંત વિવિધ ટેકનિકલ કામગીરી માટે પ્રેક્ટિકલ તાલીમ પણ આપવામાં આવે છે.
- ઉ.ગુ.વી.કં.લી.ની છેલ્લા પાંચ વર્ષની સિદ્ધિઓની ચર્ચા કરેલ –
  - રૂ. ૫૬૫ કરોડના ખર્ચે ૭૨ નવીન વીજ સબસ્ટેશન અને ૧,૩૮૯ વીજ ફીડરનું નિર્માણ.
  - ૮૬,૨૬૫ ખેતી વિષયક વીજ જોડાણોરૂ. ૧,૫૦૨ કરોડના ખર્ચે આપી ૧૦૦ % લક્ષ્યાંક સિદ્ધ કરેલ.
  - કુટીર જ્યોતિ, ઝુપડપટ્ટી, ખાસ અંગભૂત યોજના હેઠળ ૧,૦૦,૫૨૪ વીજ જોડાણ રૂ. ૫૪ કરોડના ખર્ચે આપી ૧૦૦ % લક્ષ્યાંક સિદ્ધ કરેલ.
  - ખેતીવાડી ગ્રાહકો માટે સરદાર કૃષિ જ્યોતિ યોજના હેઠળ ૮૭૭ વીજ ફીડરોમાં સમારકામ કરી કુલ ૧૦,૬૫૬ કિમી જર્જરિત વાયર રૂ. ૯૩ કરોડના ખર્ચે બદલી ૧૦૦ % સિદ્ધિ મેળવેલ.
  - શહેર અને ગ્રામ્ય વિસ્તારના જાહેર માર્ગોને નડતરરૂપ વીજ થાંભલાઓ રૂ. ૮૩ કરોડના ખર્ચે સલામત અંતરે ખસેડવામાં ૧૦૦ % સિદ્ધિ મેળવેલ.
  - આઈ.પી.ડી.એસ. યોજના હેઠળ રૂ. ૧૦૨ કરોડનો ખર્ચ
  - ડી.ડી.યુ.જી.જે.વાય. યોજના હેઠળ રૂ. ૧૨૨ કરોડનો ખર્ચ.
  - ૨૩,૬૫૬ વીજ ગ્રાહકોને (૧૭૦ મેગાવોટ) સોલાર રુફટોપ યોજનાનો લાભ.
  - સૂર્યશક્તિ કિસાન યોજના (SKY) અંતર્ગત ૧૮ વીજ ફિડરો થકી ૬૨૧ ખેતીવાડી વીજ ગ્રાહકોને લાભ.
  - શહેરી વિસ્તારમાં કુલ ૧૩ પેટા વિભાગીય કચેરીઓને સામેલ કરી ૨૩,૨૪૬ અરજીઓને તે જ દિવસે વીજ જોડાણ આપવાનો પ્રયાસ.
  - વર્ષ ૨૦-૨૧ની સ્થિતિએ ઉ.ગુ.વી.કં.લી. દ્વારા કુલ વીજ લોસ ૬.૩૫ % અને બિન ખેતી વિષયક વીજ લોસ ૭.૦૨ % છે.
  - વર્ષ ૨૦-૨૧ના અંતે બાકી લેણાંની ટકાવારી ૫.૧૯ % છે, જે રાજ્યમાં સૌથી ન્યુનત્તમ છે.
  - કલેક્શન એફીસીયન્સી ટકાવારી ૧૦૧.૬૪ %
- પાંચ વર્ષના બિન ખેતી વિષયક વીજ લોસની ટકાવારીની સમીક્ષા કરેલી, જેમાં રાજ્યમાં સૌથી ઓછા વીજ લોસ ધરાવતી ઉ.ગુ.વી.કં.લી.ના છે. જેની નોંધ કેન્દ્રમાં આયોજિત જુદા જુદા કાર્યક્રમ / સેમિનારમાં પણ લેવાય છે.
- છેલ્લા પાંચ વર્ષમાં લો વોલ્ટેજ અને વીજ માંગ અંતર્ગત કુલ ૭૨ નવીન સબસ્ટેશન અને ૧,૩૮૯ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું છે. તેમજ ૨૩૫ ટ્રાન્સફોર્મરના વીજભારનું વિભાજન કરી નવીન ટ્રાન્સફોર્મર કરવામાં આવેલ છે.
- છેલ્લા પાંચ વર્ષમાં ઊંચા દબાણના કુલ ૧,૬૬૯ અને હળવા દબાણના ૪,૯૫,૮૧૩ વીજજોડાણ ચાલુ કરેલ છે. શહેરી વિસ્તારમાં રહેઠાણ હેતુ માટે અરજીઓને તે જ દિવસે વીજ જોડાણ આપવામાં આવે છે. જેમાં ઓનસ્પોટ વીજ જોડાણ આપવાની કામગીરી કૂલ વીજ જોડાણના અંદાજીત ૨૪ % જેટલી થાય છે અને આ યોજના શહેરી વિસ્તારમાં લાગુ કરેલ છે. સદર બાબતે માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી તેમજ હાજર

માનનીય ધારાસભ્યશ્રીએ પ્રશંસીય નોંધ લીધી હતી.

- માનનીય સંસદસભ્યશ્રી / માનનીય ધારાસભ્યશ્રી દ્વારા મળેલ છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૨૩ રજૂઆતોનું સુખદ નિવારણ લાવેલ છે. માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી, મહેસાણાએ ક્ષેત્રિય કચેરીઓને ગ્રાહકલક્ષી સેવાઓમાં હજુ પણ સુધારો કરવાની ખાત્રી આપવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ ખેતી વિષયક વીજ જોડાણનો લક્ષ્યાંક ૧૫૦૦૦ જોડાણ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. સદર લક્ષ્યાંક પૂર્ણ થયા બાદ રાજ્ય સરકાર દ્વારા વધુ લક્ષ્યાંક મળશે તો ખેતીવાડી વીજ જોડાણ આપવામાં લક્ષ્યાંક મુજબ આપવામાં આવશે અને રાજ્ય સરકાર દ્વારા જરૂરી લક્ષ્યાંક આપવામાં આવે તો ખેતી વિષયક વીજ જોડાણ અરજી કર્યેથી એક માસની સમય મર્યાદામાં મળી રહે તેવું આયોજન કરી શકાય તેમ છે.
- છેલ્લા પાંચ વર્ષમાં કુટીર જ્યોતિ, ઝુંપડપટ્ટી, અનુસૂચિત જાતિ વીજળીકરણ યોજના અંતર્ગત ગરીબ લાભાર્થીઓ માટે કુલ ૧,૦૦,૫૨૪ ઘર વપરાશ હેતુના વીજ જોડાણો રૂ. ૫૬ કરોડના ખર્ચે આપવામાં આવેલ છે.
- હળવા દબાણના વીજ જોડાણ આપવાની સ્થિતિ દર્શાવતું પત્રક અંગે ચર્ચા કરેલ જેમાં અરજદારને વીજ જોડાણ સમય મર્યાદાની અંદર આપવામાં આવેલ છે.
- સરદાર કૃષિ જ્યોતિ યોજના ખેતીવાડી વીજ ફિડરોમાં ખરાબ / જર્જરિત વીજ વાયર ક જેમાં ત્રણ જોઈન્ટ હોય, ખરાબ પીન/ડિસ્ક ઈન્સ્યુલેટર તેમજ ૩૫ વર્ષ જુના વીજ વાયરને બદલવાની કામગીરી કરવામાં આવે છે. જેમાં વિવિધ સમારકામ કામગીરી જેવી કે વીજ પોલ સીધા કરવા, ખરાબ વીજ ઈન્સ્યુલેટર બદલવા, તાણીયા લગાવા તથા અન્ય સમારકામ કરવામાં આવે છે. જેમાં કુલ ખર્ચના ૮૦ % સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવે છે. સદર યોજના વડે ૮૭૭ ફીડરમાં કુલ ૧૦,૬૫૭ કિમી વીજ વાયર બદલવામાં આવેલ છે, જેનો ખર્ચ રૂ. ૬૩ કરોડ છે.
- ડિસ્ટ્રીબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રકચર શીફટીંગ સ્કીમમાં નગરપાલિકા/ ગ્રામ પંચાયત વિસ્તારમાં જાહેર માર્ગોને નડતરરૂપ વીજ માળખાને સલામત અંતરે ખસેડવામાં આવે છે. જેમાં ગુજરાત સરકારની ૧૦૦ % ફંડ આધારિત છે. સદર યોજનામાં કુલ રૂ. ૮૬ કરોડના ખર્ચ કરી શહેર તેમજ ગ્રામિણ વિસ્તારના વીજ માળખાને સુદ્રઢ બનાવવામાં આવેલ છે.
- કિસાન સૂર્યોદય યોજનામાં પ્રથમ તબક્કામાં ૫૯૪ ગામોને ૭૭ સબસ્ટેશનો અને ૨૬૩ વીજ ફીડરો વડે ૪૫,૧૩૨ વીજ ગ્રાહકોને આવરી લીધેલ છે. બીજા તબક્કામાં તા. ૦૫-૦૮-૨૦૨૧થી અન્ય ૩૬૨ ગામોને ૨૯ સબસ્ટેશનો અને ૧૬૮ વીજ ફીડર દ્વારા ૧૫,૫૪૫ વીજ ગ્રાહકોને લાભ મળશે. આમ કુલ ૬૦,૬૭૭ ખેતીવાડી વીજ ગ્રાહકોને લાભ મળશે. વધુમાં ૧,૩૧૪ ગામોને સદર યોજના હેઠળ વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન જેટકો કંપની દ્વારા કરવામાં આવેલ છે. માનનીય ઊર્જા મંત્રીશ્રીએ સદર યોજનાની ઉજવણી અંગે પ્રશ્ન પુછતા એમ જણાવવામાં આવેલ કે વીજ કંપની દ્વારા સંલગ્ન તમામ ગામોમાં મીઠાઈ, ફટાકડા અને ઢોલ નગારા સાથે ઉજવણી કરવામાં આવશે.
- સૂર્યઊર્જા રૂફટોપ યોજનામાં કુલ ૨૩,૮૯૮ સોલાર પ્લાન્ટ ચાલુ કરવામાં આવેલ છે જેનો કુલ વીજભાર ૧૭૦ મેગાવોટ છે. માનનીય મંત્રીશ્રીએ યોજનાના પ્રતિભાવ વિશે પુછતા જણાવવામાં આવેલ કે, સદર યોજનામાં ટેન્ડરની શરતો મુજબ એજન્સીને એ, બી, સી, એમ ત્રણ શ્રેણીમાં વર્ગીકરણ કરાયેલ છે. જેમાં એ કેટેગરીની એજન્સી દ્વારા યોજના પરત્વે પુરતું ધ્યાન આપવામાં ન આવે તેવા સંજોગોમાં નીચેની કેટેગરીને વધુ લક્ષ્યાંક આપવો જોઈએ તેવી રજૂઆત માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી, યુજીવીસીએલ, મહેસાણા દ્વારા રજૂઆત કરેલ હતી. વધુમાં સદર યોજનાનું બહોળો પ્રચાર અને પ્રસાર થાય તે હેતુથી ગામોમાં રથ તેમજ ચોપાનીયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. સદર યોજનાના બહોળા પ્રચાર માટે દરેક ગામે ગામ સરપંચશ્રી તથા આગોવેનોનો સંપર્ક કરી આ યોજના વધુ આવકાર્ય બને તેવા પ્રયાસો ઉ.ગુ. વી.કં.લી. દ્વારા કરવામાં આવે છે. જેથી યોજનાનો લાભ વિપુલ પ્રમાણમાં વીજ ગ્રાહકોને થાય.
- સૂર્ય શકિત કિસાન યોજનામાં કુલ ૧૮ ખેતીવાડી ફીડરોને લાભ આપવામાં આવેલો છે. જેમાં કુલ ખર્ચના ૫ % ખેડૂત દ્વારા ભાગીદારી લેવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૨૧ ખેતીવાડી વીજ ગ્રાહકો પૈકી ૪૨૪ સ્કાય ખેતીવાડી ગ્રાહકોને ત્રણ કરોડ છ્યાસી લાખ ચૂકવવાના નીકળેલ છે. જ્યારે ૧૯૭ સ્કાય ખેતીવાડી ગ્રાહકો પાસેથી ૭૯ લાખ વસુલવાના થયેલ છે. આમ સ્કાય ખેતીવાડી ગ્રાહકોને અંદાજીત ત્રણ કરોડ







રૂપિયા જેટલી રકમની આવક થયેલ છે. સદર યોજના હાલ બંધ કરવામાં આવેલ છે. કુસુમ બી યોજના અંતર્ગત ખેતી વિષયક વીજ જોડાણમાં ૪૦ % ખેડૂતોની ભાગીદારી હોય છે. જ્યારે ખેતીવાડી સામાન્ય યોજના હેઠળ નવીન વીજ જોડાણનું અંદાજપત્રની રકમ સદર યોજના કરતા ઓછી હોય છે અને કુસુમ બી યોજના ઓફગ્રીડ હોવાના કારણે ખેડૂતને ઉત્પાદન થતી વીજળી અંગે આર્થિક લાભ મળતો નથી. જેના કારણે ખેતીવાડી વીજ ગ્રાહકો સદર યોજનામાં ઓછો રસ દાખવતા હોય તેવું જણાય છે. આ કારણોસર કુસુમ બી યોજનાના ધારાધોરણની ફેર વિચારણા કરવાની જરૂરિયાત છે.

ભારત સરકાર દ્વારા જાહેર થયેલી વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ સમયગાળા માટે "રીવેમ્પ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર યોજના"ની રૂ. ૩,૦૩,૭૫૮ કરોડના ખર્ચે જાહેર કરવામાં આવેલ છે. સદર યોજનાની મુદત પાંચ વર્ષની છે. સદર યોજનામાં પ્રિપેઈડ સ્માર્ટ મીટર લગાવવા, વીજ માળખાને મજબુત બનાવવું, લોસ ઘટાડવા વગેરે મુખ્ય ઉદ્દેશ છે. વીજ કંપની દ્વારા અમદાવાદ શહેરની નજીકના વિસ્તારમાં ટોરેન્ટ પાવરની સમકક્ષ વીજ વિતરણ સેવાઓને સુદૃઢ બનાવવા ઓવરહેડ નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ નેટવર્કમાં રૂપાંતરિત કરવું ખૂબ જ જરૂરી છે. વીજ કંપનીના શહેરી વિસ્તાર (ટાઉન)માં જેવા કે, મહેસાણા, પાલનપુર, પાટણ, હિંમતનગર, મોડાસા વગેરેમાં હયાત ઓવરહેડ વીજ લાઈનને અંડરગ્રાઉન્ડ કેબલ નેટવર્કમાં રૂપાંતર કરવા સદર યોજનામાં લાભ આપવો ખૂબ જ જરૂરી છે. પ્રાથમિક સર્વે મુજબ સદર યોજના અન્વયે અમદાવાદ શહેરના નજીકના યુજીવીસીએલના વિસ્તારના અંડરગ્રાઉન્ડકેબલ નેટવર્કમાં રૂપાંતર કરવા માટે રૂપિયા ૧૦૦૦ કરોડના ખર્ચની આકારણી કરવામાં આવેલ છે. સદર યોજનાની જોગવાઈ અનુસાર કૂલ ખર્ચના ૬૦ % રકમ ભારત સરકાર દ્વારા જ્યારે બાકીની ૪૦ % રકમ માટે ગુજરાત સરકારના સહાયની જરૂરિયાત રહેશે. માનનીય મંત્રીશ્રી દ્વારા પણ અમદાવાદ નજીકના વિસ્તાર તથા અન્ય શહેરી વિસ્તારને પણ અંડરગ્રાઉન્ડ તાત્કાલિક શરૂ કરવા માટે જણાવેલ હતું. વધુમાં ભારત સરકારની રીવેમ્પડિસ્ટ્રીબ્યુશન સેક્ટર યોજનામાં અમદાવાદ નજીકનો વિસ્તાર તથા અન્ય શહેરી વિસ્તારનો સમાવેશ કરી યોજનાનો ડીપીઆર બનાવવો.

સદર મીટીંગમાં ગુજરાત સરકાર પાસે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ગ્રાહકલક્ષી સેવામાં ઉત્કૃષ્ટ વધારો કરવા અંગેની નીચેની જરૂરિયાતો જણાવેલ છે.

- થરાદ અને સાણંદ ખાતે નવીન વિભાગીય કચેરી બનાવવાની દરખાસ્તને સરકારશ્રીની જરૂરી મંજુરી.
- (ગોબલજ-સાબરમતી વર્તુળ કચેરી, વડનગર-મહેસાણા વર્તુળ કચેરી, મોડાસા- હિંમતનગર વર્તુળ કચેરી, માલણ-પાલનપુર વર્તુળ કચેરી) વિભાજન હાલ ઉ.ગુ.વી.કં.લી. ખાતે મંજુરી હેઠળ છે.
- અન્ય ત્રણ વીજ કંપનીમાં વિભાગીય કચેરી ખાતે વિજીલન્સ ટીમો મંજુર થયેલ છે, એ રીતે યુજીવીસીએલની દરખાસ્તને ઊર્જા વિભાગની જરૂરી મંજુરી.
- અમદાવાદ શહેરની નજીકના વિસ્તારમાં ૧૪ મંજુર થયેલ સબસ્ટેશન માટેની જમીન સંપાદનની પ્રક્રિયા ઝડપથી થાય તેમ જણાવતાં માનનીય મંત્રીશ્રી દ્વારા, મુખ્ય ઈજનેર જેટકોને સૂચના આપેલ કે, યુજીવીસીએલ દ્વારા માંગણીવાળા ૧૪ સબસ્ટેશનમાં જમીન સંપાદન માટેની કાર્યવાહી ઝડપથી કરવી. આ સાથે ૧૪ સબસ્ટેશનનું લિસ્ટ સામેલ છે.
- અમદાવાદ શહેરની નજીકના વિસ્તારમાં ટોરેન્ટપાવરની સમકક્ષ વીજ વિતરણ સેવાઓને સુદૃઢ બનાવવા ઓવરહેડ નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ નેટવર્કમાં રૂપાંતરિત કરવા રાજ્ય સરકારની મહત્તમ સહાયની જરૂરિયાત.
- વધુ વીજ લોસ ધરાવતા વિરમગામ, ધંધુકા અને બાવળા વિસ્તારમાં સઘન વીજ ચેકિંગની ઝુંબેશમાં સ્થાનિક પોલીસની અસરકારક સહાયતા. સદર બાબતે માનનીય મંત્રીશ્રી દ્વારા તેમના કાર્યાલયમાં સબંધિત પોલીસ વડા અને એમ.ડી. યુજીવીસીએલ સાથે સંયુક્ત મીટિંગના આયોજન માટે નિર્દેશ કરેલ.

શહેરી વિકાસ મંડળની નવીન ટી.પી. સ્કીમમાં વીજ માળખા માટે યોગ્ય કોરીડોરની વ્યવસ્થા. આ અંગે સંલગ્ન વિભાગ સાથે અલાયદી મીટિંગ કરવા માનનીય મંત્રીશ્રી દ્વારા જણાવેલ હતું.

જેટકો વિભાગની આંકડાકીય માહિતી તેમજ કિસાન સૂર્યોદય યોજના સંબંધિત ૬૬ કેવી સબ સ્ટેશન તેમજ ૬૬ કેવી લાઈનના નિર્માણનું આયોજન અંગે શ્રી બી.એન. ત્રિવેદી, મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), ગુજરાત ઊર્જા ટ્રાન્સમીશન લિમિટેડ દ્વારા ટૂંકમાં પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવેલ હતું. સદર યોજના અંગે ઉ.ગુ.વી.કં.લી. દ્વારા અગાઉ માહિતી જણાવેલ હતી. વધુમાં તા.૧૬/૦૭/૨૦૨૧ના રોજ યુજીવીસીએલ અને જેટકોની સંયુક્ત સંકલન મીટિંગમાં માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી, યુજીવીસીએલ, મહેસાણા અને માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી, જેટકો, વડોદરાની ઉપસ્થિતિમાં આયોજન થયેલ અને જેમાં નવીન ૬૬ કેવી સબ સ્ટેશનને લગતી તમામ બાબતોની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કરવામાં આવી રહેલ તમામ કામગીરીનું ઝીણવટભરી માહિતી આપવામાં આવેલ પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય ધારાસભ્યશ્રીઓ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નો અને માંગવામાં આવેલ વિગતો પૂરી પાડવામાં આવેલ. કંપની દ્વારા રજૂ કરવામાં આવેલ કામગીરી અંગે માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમજ ઉપસ્થિત માનનીય ધારાસભ્યોશ્રીએ હકારાત્મક પ્રતિભાવ આપેલ તેમજ કંપનીની કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાએ કંપની દ્વારા ગ્રાહક લક્ષી સેવાઓમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી ઉત્કૃષ્ટ સેવા પ્રદાન કરવા ખાતરી આપેલ. ■

# દાંતીવાડા પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા "સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ" આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે માનવંતા ગ્રાહકો માટે તેમજ કંપનીના કર્મચારીઓને વધુ સારી સુવિધાઓ મળે તે માટે અદ્યતન કચેરીઓનું નિર્માણ કરવામાં આવે છે. કંપની તરફથી ગ્રાહકોને વધુ સારી સેવા આપી શકાય તે માટે આદર્શ વ્યવસ્થા ઉભી કરવા સતત પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. નવીન અદ્યતન સુવિધા વાળા મકાન ગ્રાહકો અને કર્મચારીઓને લાભ થશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.


ઉદ્ઘાટન


ઉપસ્થિત મહાનુભાવો


સ્વાગત


સ્વાગત


ઉદ્બોધન

તારીખ ૧૩-૦૭-૨૦૨૧ના રોજ પાલનપુર વર્તુળ કચેરીના તાબ હેઠળના પાલનપુર વિભાગીય કચેરી ૧ હસ્તકના દાંતીવાડા પેટાવિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાના વરદ્ હસ્તે કરવામાં આવેલ.


સ્વાગત


ટીમ યુજીવીસીએલ


વૃક્ષારોપણ

લોકાર્પણ સમારંભના શુભપ્રસંગે આમંત્રિત મહેમાન શ્રી આર.એમ. ચૌહાણ, વાઈસ ચાન્સેલર, સરદાર પટેલ કૃષિ યુનિવર્સીટી, શ્રી પી.આર. ચૌધરી, પ્રમુખ બનાસ મેડીકલ કોલેજ તેમજ કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી.) શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઈજનેર શ્રી જે.કે. દરજી, શ્રી એલ.એ. ગઢવી, શ્રી આર.ડી. ઝાલા, અધિક્ષક ઈજનેર શ્રી સી.જે. રાજપાલ, શ્રી પી.સી. શાહ, તેમજ દાંતીવાડાના પ્રબુદ્ધ નાગરિકો સામાજિક અગ્રણીઓ માનવંતા ગ્રાહકો અને કંપનીના ઉચ્ચઅધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆત પાલનપુર વર્તુળ કચેરીની બહેનો દ્વારા સમૂહમાં પ્રાર્થના ગાઈને કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઈજનેર પાલનપુર દ્વારા શબ્દોથી સ્વાગત કરીને મંચસ્થ મહાનુભાવોને આવકારવામાં આવેલ. ત્યારબાદ મંચ પર ઉપસ્થિત મહાનુભાવોનું બુકેથી તેમજ મોમેન્ટો અર્પણ કરીને સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી એન.પી. સાક્ય, અધિક્ષક ઈજનેર સિવિલ, શ્રી પી.આર. ચૌધરી, પ્રમુખ બનાસ મેડીકલ કોલેજ, કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા તેમજ મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવેલ.

આભારવિધિ શ્રી આર.એન. મોઢ, કાર્યપાલક ઈજનેર, વિભાગીયકચેરી-૧ પાલનપુર દ્વારા કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી સ્નેહલકુમાર જોશી, નાયબ અધિક્ષક (હિસાબ), આર.ઓ. મહેસાણા દ્વારા કરવામાં આવેલ. ■

# સાબરમતી ખાતેની એનએબીએલ પ્રમાણિત હાઈટેક્ લેબોરેટરીને નવા અદ્યતન મીટર ટેસ્ટિંગ ઈક્વિપમેન્ટ્સ દ્વારા વધુ કાર્યક્ષમ બનાવવામાં આવી

## કંપનીના માનવંતા ગ્રાહકોને મીટરોનું સચોટ અને ઝડપી પરિક્ષણ થઇ શકે તે માટેનો પ્રયાસ

"સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ" આપવાના ધ્યેયને પ્રાપ્ત કરવાના પ્રયત્નોને આગળ ધપાવતાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ સતત હાથ ધરવામાં આવી રહેલ છે. જે માટે કંપની હસ્તકના સાબરમતી વર્તુળ કચેરીના પ્રાંગણમાં આવેલ હાઇ-ટેક મીટર ટેસ્ટિંગ લેબોરેટરીને કેન્દ્ર સરકારના નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ (એનએબીએલ) દ્વારા અધિકૃત પ્રમાણપત્ર એનાયત થયેલ છે. નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ (એનએબીએલ), દિલ્હી દ્વારા મીટરના પરિક્ષણ માટેની સચોટતાને ધ્યાનમાં લઇને પ્રમાણપત્ર આપવામાં આવી રહેલ છે. એન.એ.બી.એલ. આ પ્રકારનું પ્રમાણપત્ર આપવા માટેની ભારતની એકમાત્ર સંસ્થા છે. જેને માટે લેબોરેટરીએ આઇએસઓ - આઇઇસી ૧૭૦૨૫:૨૦૦૫ થી તાજેતરમાં ૧૭૦૨૫:૨૦૧૭ અન્વયે જરૂરિયાતોને અધિકૃત પ્રમાણપત્ર મેળવવા માટે પૂર્ણ કરવાની હોય છે. પ્રથમ વાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા આ પ્રમાણપત્ર મેળવવાની કાર્યવાહીના ભાગ રૂપે ઇલેક્ટ્રોનિક્સ ક્વોલિટી ડેવલપમેન્ટ સેન્ટર ગાંધીનગરની કન્સલટન્ટ કંપની તરીકે મદદ લેવામાં આવેલ અને હાલમાં યુજીવીસીએલ ખુદ આત્મનિર્ભર બનેલ છે. કોઈ પણ જાતની અન્ય એજન્સીઓની મદદ વિના પંદર વર્ષથી એન.એ.બી.એલ.નું પ્રમાણપત્ર મેળવવામાં અને ચાલુ રાખવામાં હાઇટેક્ લેબોરેટરીને સફળતા મળેલ છે. હાઇટેક્ મીટર ટેસ્ટિંગ લેબોરેટરી તા. ૨૩-૦૫-૨૦૦૭થી ઇલેક્ટ્રિકલ ટેસ્ટિંગ ફિલ્ડમાં પરિક્ષણ કરવા માટે પ્રમાણિત કરવામાં આવેલ. વધુમાં હાઇટેક મીટર લેબોરેટરી દ્વારા ઇલેક્ટ્રો-ટેકનિકલ કેલીબ્રેશનનું પ્રમાણપત્ર મેળવવા માટે તારીખ ૧૧-૯-૨૦૦૮ના રોજ અરજી કરવામાં આવેલ. અહીં મહત્ત્વની બાબત એ હતી કે, કોઈ પણ બાહ્ય કન્સલટન્ટ કે તજજ્ઞોની મદદ વિના


ઉદ્ઘાટન


ઉદ્ઘાટન


સ્વાગત


સ્વાગત

તે અંગેનું પ્રમાણપત્ર તારીખ ૨૩-૬-૨૦૦૯ના રોજ મેળવેલ અને તે પ્રમાણપત્ર દ્વારા તા. ૨૩-૬-૨૦૧૫ સુધીની મંજુરી આપવામાં આવેલ છે.

એનએબીએલના પ્રથમ પ્રમાણપત્રને ચૌદ વર્ષ પૂર્ણ થયેલ છે. આ ચૌદ વર્ષ દરમિયાન હાઇટેક મીટર લેબોરેટરીએ આઇએસઓ-આઇઇસી ૧૭૦૨૫:૨૦૦૫ થી તાજેતરમાં ૧૭૦૨૫:૨૦૧૭ અન્વયે જરૂરિયાતો તથા નિતિ નિયમોનું ચોક્કસપણે પાલન કરેલ છે. ઉપરાંત દર વર્ષે એનએબીએલ દ્વારા નિષ્ણાત તજજ્ઞોની ટીમ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. અપેક્ષિત મૂલ્યાંકો પૂર્ણ કરવામાં હાઇટેક મીટર લેબોરેટરીએ સફળતા મેળવેલ છે.

તા. ૧૮ અને ૧૯ એપ્રિલ ૨૦૧૫ના રોજ હાઇટેક મીટર લેબના બંને પ્રમાણપત્રોનું એનએબીએલ દ્વારા પુનઃચાલુ રાખવા માટે તજજ્ઞો દ્વારા ચકાસણી કરવામાં આવેલ અને તે સફળતા પૂર્વક પાર પાડેલ છે. જેથી બંને પ્રમાણપત્રોની મર્યાદા ૨૦૧૭ સુધી મંજુર કરવામાં આવેલ. જે પ્રમાણપત્ર હવે એન.એ.બી.એલ. તરફથી ઈલેક્ટ્રીકલ

ટેસ્ટિંગ સર્ટીફીકેશન (TC-5914) તા. ૦૧-૦૭-૨૦૨૨ સુધી તેમજ ઈલેક્ટ્રોટેકનીકલ કેલીબ્રેશન સર્ટીફીકેશન (CC-2281) તા. ૨૩-૦૬-૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ-વિતરણ કંપનીઓ પૈકી આ પ્રમાણપત્ર મળવાની બાબતમાં અને ભારતની સરકાર હસ્તક ની વીજ-વિતરણ કંપનીઓમાં પ્રથમ એન.એ.બી.એલ. પ્રમાણિત થયેલ લેબોરેટરી તરીકેની નામના મેળવનાર હાઈટેક્ લેબોરેટરી સાબરમતીમાં નવા ઉમેરેલ આધુનિક ઉપકરણોનું ઉદ્દઘાટન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાના વરદ્ હસ્તે તા. ૦૮-૦૭-૨૦૨૧ના રોજ કરવામાં આવેલ છે. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.), શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર સાબરમતી, શ્રી આર.ડી. ઝાલા તેમજ કંપનીના ઉચ્ચઅધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.


નિરક્ષણ

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાએ ઉદ્દઘાટન બાદ પ્રત્યક્ષ રીતે તમામ મીટર ટેસ્ટિંગ ઉપકરણો અંગેની ઝીણવટભરી માહિતી મેળવેલ અને હાજર રહેલ અધિકારીઓ પાસેથી પૂછપરછ કરીને વધુ માહિતી મેળવેલ તેમજ ઉપકરણો ચાલુ કરીને જાત માહિતી મેળવેલ. મીટર ટેસ્ટિંગ ઉપકરણો દ્વારા લેવામાં આવી રહેલ કામગીરી અંગે પ્રસન્નતાની લાગણી અનુભવેલ અને કામ કરનાર તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પ્રોત્સાહન પૂરું પડેલ.

હાઈટેક્ મીટર લેબોરેટરીની કાર્યક્ષમતા વધારવાના હેતુથી યુજીવીસીએલ દ્વારા આધુનિક ઉપકરણોથી સજ્જ કરવામાં આવે છે. કોઈ પણ પ્રકારના મીટરનું પરિક્ષણ સચોટ તેમજ વિશ્વસનીયતાથી કરી શકાય તે માટે કંપની દ્વારા સૌપ્રથમ એમટીઈ જર્મન મેકનું રૂ. ૧,૦૨,૧૧,૩૩૬ની કિમતનું એકસાથે ૨૦ મીટરોનું એકસાથે પરિક્ષણ થઇ શકે તેવું પ્રથમ મીટર ટેસ્ટિંગ ઉપકરણ અને ૦.૦૫ એક્યુરેશી ક્લાસનું રેફ્રન્સ સ્ટાન્ડર્ડ વસાવવામાં આવેલ. તારીખ ૧૮ ઓક્ટોબર ૨૦૦૫થી આ મશીન દ્વારા મીટરના પરિક્ષણનું કામ હાથ ધરવામાં આવી રહેલ છે. એકી સાથે અલગ અલગ કંપનીના પરંતુ એક જ પ્રકારના ૨૦ મીટરોનું પરિક્ષણ કરવામાં આવતું હતું.


હાઈટેક્ લેબોરેટરી

ત્યારબાદ એપ્લાઈડ પ્રેસીજન કંપનીનું સ્લોવાકીયાનું રૂ. ૬૧,૯૫,૦૦૦ની કિમતનું એકસાથે પાંચ મીટરોનું એકસાથે પરિક્ષણ થઇ શકે તેવું મીટર ટેસ્ટિંગ ઉપકરણ અને ૦.૦૨ એક્યુરેશી ક્લાસનું રેફ્રન્સ સ્ટાન્ડર્ડ વસાવવામાં આવેલ.

હાઈટેક્ લેબોરેટરીને વધુ આધુનિક અને કાર્યક્ષમ બનાવવા તાજેતરમાં ઝેરા કંપનીનું જર્મન મેકનું રૂ. ૯૩,૬૪,૨૯૧ની કિમતનું એક સાથે ૧૦ મીટરોનું એક સાથે પરિક્ષણ થઇ શકે તેવું થ્રી ફેઝ મીટર ટેસ્ટિંગ ઉપકરણ અને ૦.૦૦૮ એક્યુરેશી ક્લાસનું રેફ્રન્સ સ્ટાન્ડર્ડ, આ પ્રકાર ની સુવિધા ભારતમાં બહુ જ ઓછી સંસ્થા પાસે છે, ઝેરા કંપનીનું જર્મન મેકનું રૂ. ૯૯,૦૦,૦૦૦ની કિમતનું એક સાથે ૨૦ મીટરોનું એક સાથે પરિક્ષણ થઇ શકે તેવું થ્રી ફેઝ મીટર ટેસ્ટિંગ ઉપકરણ અને ૦.02 એક્યુરેશી ક્લાસનું રેફ્રન્સ સ્ટાન્ડર્ડ, ઝેરા કંપનીનું જર્મન મેકનું રૂ. ૯૯,૦૦,૦૦૦ની કિમતનું એક સાથે ૪૦ મીટરોનું એક સાથે પરિક્ષણ થઇ શકે તેવું સિંગલ ફેઝ મીટર ટેસ્ટિંગ ઉપકરણ અને ૦.02 એક્યુરેશી ક્લાસનું રેફ્રન્સ સ્ટાન્ડર્ડ વસાવવામાં આવેલ.

પ્રત્યેક મીટરના પરિક્ષણની સ્થિતિ માટે બેન્ચ ઉપર એક સ્કેનિંગ હેડ, એક એરર કેલ્ક્યુલેટર અને એક આઈસોલેશન કરંટ ટ્રાન્સફોર્મર (આઈ.સી.ટી.) લગાવવામાં આવેલી છે. આઈ.સી.ટી.ના ઉપયોગથી કરંટ અને વોલ્ટેજ સરકીટ વચ્ચેની લિંકને ખોલ્યા વગર ટેસ્ટ કરી શકાય તેવી વ્યવસ્થા છે. સંપૂર્ણ ટેસ્ટ બેચનું ઓપરેશન અને જુદા જુદા ઈલેક્ટ્રિકલ પેરામીટરનો કંટ્રોલ કોમ્પ્યુટર દ્વારા ખાસ પ્રકારના સોફ્ટવેર વડે કરવામાં આવી રહેલ છે. ટેસ્ટ ઇક્વિપમેન્ટની કરંટ રેંજ ૧ મી.લી એમ્પીયરથી ૧૨૦ એમ્પીયર તથા વોલ્ટેજની રેન્જ ૩૦ વોલ્ટથી ૩૦૦ વોલ્ટની છે.


ટીમ યુજીવીસીએલ

સદર કામગીરી માટે લેબોરેટરીના સ્ટાફને વખતો વખત અદ્યતન તાલીમ આપવામાં આવે છે.

લેબોરેટરીમાં MTE જર્મન મેકની એક જ ટેસ્ટિંગ બેચ હતી જેના ઉપર ટેસ્ટિંગ અને કેલીબ્રેશન બંને કામ કરવામાં આવતા હતા પરંતુ તાજેતરમાં વસાવવામાં આવેલ ઉપર જણાવેલ અદ્યતન મીટર ટેસ્ટિંગ ઉપકરણોને લીધે હાઈટેક્ મીટર લેબોરેટરીની કાર્યક્ષમતા, વિશ્વસનિયતા, સચોટતામાં વધારો થયેલ છે.

સાબરમતી ખાતેની આ હાઈટેક લેબોરેટરી દ્વારા અત્યાર સુધીમાં કુલ ૨૫,૯૪,૯૨,૨૦૯ રૂપિયાની આવક સાથે વિવિધ પ્રકારના કુલ ૪૬,૮૫૩ જેટલા મીટરનું સચોટ તથા વિશ્વસનીય પરિક્ષણ કરેલ છે તેમજ ૩૦૧૩ એક્યુચેક મીટરનું પરિક્ષણ કરવામાં આવેલ છે. વ્યવસાયિક રીતે કુલ રૂપિયા ૧૭.૧૮

કરોડ ટેસ્ટિંગ માટે તેમજ રૂ. ૨.૨૭ કરોડ કેલીબ્રેશન માટેની કિમત થવા જાય છે. લેબોરેટરીની સ્થાપનાથી જૂન ૨૦૨૧ દરમ્યાન કુલ ૬,૮૩૮ જેટલી CTPTનું પરિક્ષણ કરવામાં આવેલ છે. વ્યવસાયિક રીતે રૂ. ૬.૫૦ કરોડ અંદાજીત કામગીરી કરવામાં આવેલ છે. જેમાં સરકારશ્રીના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા મોકલવામાં આવેલ ૩૫૦ (ત્રણસો પચાસ) જેટલા મીટરોનું પણ પરિક્ષણનો સમાવેશ થાય છે. ગ્રાહકને હાલમાં ઓપન પાવર પરચેઇઝ પોલીસીમાં જવા માટેના જરૂરી એબીટી મીટરનો પણ સચોટ પરિક્ષણ કરવામાં આવે છે.

હાઇટેક્ લેબોરેટરી ખાતે CTPTનું પણ પરિક્ષણ કરવામાં આવે છે. જેની





ઉપકરણોની કિમત રૂ. ૧૬,૦૦,૦૦૦ અને તે અંગે જરૂરી સિવિલ વર્કની કિમત રૂ. ૧૦,૦૦,૦૦૦ આશરે થવા જાય છે.

હાઇટેક મીટર લેબોરેટરીની કામગીરીના ભાગ રૂપે કરંટ તેમજ પોટેન્શિયલ ટ્રાન્સફોર્મર ટેસ્ટિંગ માટેની નવીન લેબોરેટરી બનાવીને કંપનીએ ૩૦ લાખ રૂપિયાનો ખર્ચ કરેલ છે. જેમાં ૧૦૦૦ એમ્પીયર સુધીના કરંટ ટ્રાન્સફોર્મર તથા ૧૧ કે.વી. સુધીના પોટેન્શિયલ ટ્રાન્સફોર્મરના તથા કંબાઇન્ડ ૧૧ કે.વી. સીટીપીટી યુનિટના ઇન્ડિયન સ્ટાન્ડર્ડ પ્રમાણે ટેસ્ટ કરી શકાય છે.

આ હાઇટેક લેબોરેટરી દ્વારા કરવામાં આવી રહેલ કામગીરી દ્વારા કંપનીના ગ્રાહકોને મહત્તમ સંતોષ આપવાનો પ્રયત્નની કામગીરી સાથે સંલગ્ન તજજ્ઞ નાયબ ઈજનેર શ્રી એ.એન. દિવાન તેમજ તેમની ટીમના કર્મઠ કર્મચારીઓ દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવી રહેલ છે. ■

# યુજીવીસીએલ દ્વારા રોજગાર દિવસ (યુવા શક્તિ દિન) નિમિત્તે કાર્યક્રમનું આયોજન

શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા તારીખ ૬ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ વિરમગામ, સાણંદ, તથા પીરાણા, જિલ્લો-અમદાવાદ ખાતે રોજગાર દિવસ (યુવા શક્તિ દિન)ની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ, જે સંદર્ભે માનનીય કલેક્ટરશ્રી, અમદાવાદની સૂચના અનુસાર હાલમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, સાબરમતી વર્તુળ હેઠળ અને ખાસ કરીને અમદાવાદ જિલ્લા ખાતે નિમણૂક અપાયેલ જુનીયર આસિસ્ટન્ટ (વિદ્યુત સહાયક)ને મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત મંત્રીશ્રી ના વરદ હસ્તે નિમણૂક પત્ર એનાયત કરવામાં આવેલ. જે અનુસંધાને અત્રેની કચેરી દ્વારા પત્ર ક્રમાંકઃ યુજીવીસીએલ/એસબીટીસીઓ/એચઆર/યુવાશક્તિ દિન/૬૯૮૨ તારીખ ૩૧ જુલાઇ ૨૦૨૧ દ્વારા સદર પ્રસંગ અનુરૂપ કો-ઓર્ડિનેટરની નિમણૂક કરાયેલ, તેમજ જે તે સ્થળે સંલગ્ન જુનિયર આસિસ્ટન્ટ (વિદ્યુત સહાયક) ને અગાઉ






થી જાણ કરીને અચૂક સમયસર હાજર રહેવા તાકીદ કરવામાં આવેલ.

વધુમાં સદર સૂચનાનું પાલન કરીને જે તે કો-ઓર્ડિનેટર નવીન જુનિયર આસિસ્ટન્ટ સાથે હાજર રહેલ તેમજ સદર કાર્યક્રમમાં જરૂરી ભાગ લીધેલ. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સાણંદ ખાતે માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી નિતિનભાઈ પટેલ, પીરાણા ખાતે માન. ધારાસભ્યશ્રી બાબુભાઇ પટેલ (દસ્ક્રોઈ તાલુકો), વિરમગામ ખાતે બલવંતસિંહ રાજપૂત (ચેરમેન-જી.આઇ.ડી.સી.) અને માજી ધારાસભ્યશ્રી તેજશ્રીબેન પટેલ, હાજર રહેલ જેમના વરદ હસ્તે નવીન જુનિયર આસિસ્ટન્ટ (વિદ્યુત સહાયક) ને નિમણૂક પત્ર એનાયત કરીને માન. સરકારશ્રી ની સૂચના અનુસાર સદર રોજગાર દિવસ (યુવા શક્તિ દિન) ની ઉજવણી કરવામાં આવી અને તેમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, સાબરમતી વર્તુળ કચેરી દ્વારા ભાગ લેવામાં આવ્યો. ■

# યુજીવીસીએલ અને જેટકો વચ્ચે સંયુક્ત પરામર્શ બેઠકનું આયોજન

તારીખ ૧૭-૭-૨૦૨૧ના રોજ યુજીવીસીએલના સ્કાડા સેન્ટર, ગાંધીનગર ખાતે આયોજિત આ બેઠકમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા તેમજ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઉપેન્દ્ર પાંડે ઉપસ્થિત રહ્યા હતા. યુજીવીસીઅએલ તરફથી મુખ્ય ઇજનેર શ્રી પી.બી પંડયા અને ઉચ્ચ અધિકારીઓ હાજર રહેલ જ્યારે જેટકો તરફથી મુખ્ય ઇજનેર શ્રી બી.એન. ત્રિવેદી તથા શ્રી કે.એન. સોલંકી તેમજ ઉચ્ચ અધિકારીઓ હાજર રહેલ. યુજીવીસીએલ અને જેટકોના ઉચ્ચ અધિકારીઓ સાથે નવીન સબ સ્ટેશનોના નિર્માણ તેમજ વીજ વિતરણને લગતા પરસ્પર પ્રશ્નોનું આદાન પ્રદાન અને ઝડપી નિવારણ કરવા માટે પરામર્શ કરવામાં આવેલ.

પરામર્શ બેઠકની શરૂઆતમાં મુખ્ય ઈજનેર શ્રી પી.બી. પંડ્યા દ્વારા ઉપસ્થિત બંને કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ તેમજ ઉચ્ચઅધિકારીઓનું શબ્દોથી સ્વાગત કરી આવકારવામાં આવેલ. ત્યારબાદ યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાએ જેટકોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઉપેન્દ્ર પાંડેનું તેમજ શ્રી પી.બી. પંડ્યા દ્વારા જેટકોના મુખ્ય ઈજનેર શ્રી બી.એન. ત્રિવેદીનું પુષ્પ ગુચ્છ અર્પણ કરીને સ્વાગત કરેલ.

પરામર્શ દરમ્યાન યુજીવીસીએલ તરફથી સાબરમતી સર્કલના કાર્યક્ષેત્રમાં આવેલ સબસ્ટેશનોમાંથી ઓગષ્ટ-૨૦૨૦થી માર્ચ-૨૦૨૧ દરમ્યાન થયેલ વીજ-વિક્ષેપ અંગેની રજૂઆત કરેલ જેટકો દ્વારા ઝડપથી વીજ-વિક્ષેપનું નિવારણ થાય તે દિશામાં કામગીરી હાથ ધરવામાં આવશે તેવી ખાતરી આપેલ.



સ્વાગત



સ્વાગત



૬૬ કેવી ગેલોપ્સ સબસ્ટેશન ખાતે વારંવાર કેબલ ફોલ્ટ અંગેની માહિતી આપવામાં આવેલ તે પ્રમાણે ૬૬ કેવી બોપલ-૧,૨ અને સાણંદ-૨ માટે વૈકલ્પિક વ્યવસ્થા ૪૦૦ કેવી ચરાલ સબસ્ટેશન ખાતેથી કરવા માટેની ત્રણ વર્ષ જૂની માંગણી પૂર્ણ કરવા જણાવેલ.

જાપાનીઝ ઈન્ડસ્ટ્રીઝ ખાતે વારંવાર વીજ-વિક્ષેપ થઇ રહેલ છે. જે દેત્રોજ પેટાવિભાગમાં આવે છે જેનો ઝડપથી નિકાલ લાવવા જણાવેલ તેમજ નજીકના સ્થળે ૬૬ કેવી સબસ્ટેશન મંજુર કરવા જણાવેલ.

કર્મચારીઓના અભાવે ૬૬ કેવી નવા સબસ્ટેશનો હિંમતનગર વર્તુળકચેરીના કાર્યક્ષેત્રમાં આવતા દેલવાડા તેમજ સાબરમતી વર્તુળકચેરીના કાર્યક્ષેત્રમાં આવતા રામનગર (બાવલા), મીરાપુર, કેલીયાવાસણા ઝડપથી શરૂ થાય તે માટે જણાવેલ.

સાબરમતી વર્તુળકચેરીના કાર્યક્ષેત્રના પેથાપુર (ફતેહપુરા), મહેસાણા વર્તુળકચેરીના કાર્યક્ષેત્રના ચોર્માપુરા (શામલપતિ), પાંચોટ ૬૬ કેવી સબસ્ટેશનનો ROWના પ્રશ્નનું નિવારણ કરી ઝડપથી શરૂ થાય તે માટે જણાવેલ.

અમદાવાદ જિલ્લાના વિસ્તારોમાં આવેલ ઝેટકોના સબસ્ટેશનો કે જેની જમીનનું સંપાદન થયેલ છે તેવા ૧૦ સબસ્ટેશનના નિર્માણની કામગીરી ઝડપથી થાય તે માટે જણાવેલ.

સાબરમતી, હિંમતનગર, પાલનપુર તેમજ મહેસાણા જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવેલ ૧૪ જેટલા સબસ્ટેશનો માટેની જરૂરી જમીન સંપાદનનું કામ જે વિલંબ થયેલ છે તેનો યુજીવીસીએલના સહયોગથી ઝડપથી જમીન સંપાદન થાય તે દિશામાં કામગીરી કરવા જણાવેલ.

કુલ ૨૭ જેટલા નવા સબસ્ટેશનો માટે યુજીવીસીએલ દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં આવશ્યકતા હોવાની દરખાસ્ત મોકલવામાં આવેલ છે તેની કામગીરી શરૂ કરવા જણાવેલ.

સાબરમતી વર્તુળકચેરીના કાર્યક્ષેત્રમાં આવેલ કુલ ૨૫ જેટલા સબસ્ટેશનો કે જેમાં માત્ર એકજ જગ્યાએ થી વીજ-પુરવઠો મેળવે છે ત્યાં વૈકલ્પિક રીતે બીજા અન્ય સબસ્ટેશનમાંથી વીજ-પુરવઠો મળે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવેલ.

જૂન-૨૦૨૧ સુધીમાં આવશ્યક એવી મહેસાણા, સાબરમતી, પાલનપુર, હિંમતનગરના કાર્યક્ષેત્રમાં જરૂરી એવી ૩૩ પેનલોની જરૂરિયાત પૂર્ણ કરવા જણાવેલ તેમજ જૂન-૨૦૨૧ સુધીમાં ફાળવવામાં આવેલ ૧૪ જેટલી પેનલો જે ફાળવવામાં

આવેલ તે મોકલવા જણાવેલ. તેમજ ફાળવવામાં આવેલ ૫ પેનલો કાર્યાન્વિત કરવા જણાવેલ.

નવા ફીડરો માટે તાત્કાલિક કંટ્રોલરૂમનું એક્ષ્ટેન્શન જરૂરી છે તે પૂર્ણ કરવા જણાવેલ. કંડકટર બ્રોકન રીલે અને અનબેલેન્સ રીલે ઓપરેશન જે હિમતનગર સર્કલના કાર્યક્ષેત્રમાં આવેલ ૧૧ સબસ્ટેશનમાં કામગીરી કરવા જણાવેલ. ટ્રીપીંગ અને વીજ-વિક્ષેપના નિવારણ માટે જૂની પેનલોનું રીપેરીંગ તેમજ રીપ્લેસમેન્ટ કરવું.

યુજીવીસીએલના જુદા જુદા સર્કલમાં આવેલ કુલ ૬ જેટલી પેટાવિભાગીય કચેરીઓના બાંધકામ માટે જમીનની ફાળવણી કરવા જણાવેલ.



વધુમાં યુજીવીસીએલ દ્વારા સુઓમોટો EHV માટે જીએસટી અન્ડરટેકિંગની માગણી કરેલ, આયોજનબધ્ધ રીતે વીજ-પુરવઠો બંધ કરવાનું આયોજન કરવા જણાવેલ.

ગુજરાત સ્ટેટ એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા પોતાની રજૂઆતો



કરવામાં આવેલ.

ખૂબ જ સૌહાર્દપૂર્ણ વાતાવરણ વચ્ચે માનવંતા ગ્રાહકોને વધુ સારી સેવા આપી શકાય તે માટે હકારાત્મક અભિગમથી તમામ પ્રશ્નોનું નિરાકરણ કરવાની સંમતિ સાથે એકબીજાનો આભાર માની બેઠક પૂર્ણ કરેલ. ■

# યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાએ મહાકાળી ફીડરની લીધેલ મુલાકાત











લાડોલ મુકામે "કોકિલા ઇલેક્ટ્રિકલ" દ્વારા તા. ૦૭/૦૭/૨૦૨૧ નવીન સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબુટેડ સોલાર પ્રોજેક્ટ અંતર્ગત ૮૪૦ કી.વો. (એ.સી.) તથા ૯૯૦ કી.વો. (ડી.સી.) પ્લાન્ટ કાર્યરત કરેલ છે. તા. ૧૨/૦૭/૨૦૨૧ના રોજ સદર પ્લાન્ટની મુલાકાત કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા દ્વારા લેવામાં આવેલ. કોર્પોરેટ કચેરીના શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક્નિકલ એન્ડ વિજીલન્સ), શ્રી જી.એચ. એન્જિનિયર, વિશેષ મુખ્ય ઇજનેર (પ્રોજેકટ) તેમજ મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી સી.જે. રાજપાલ તથા વિજાપુર વિભાગીય કચેરીના અધિકારીઓ હાજર રહેલ.

ત્યાર બાદ મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા દ્વારા ૬૬ કેવી લાડોલ સબસ્ટેશનમાંથી નીકળતા સ્કાય યોજનામાં આવરી લેવાયેલ ૧૧ કેવી મહાકાળી ફીડરની મુલાકાત લેવામાં આવેલ. ■

# જીઈકેસી, મહેસાણાની મુલાકાતે મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા







તા. ૧૯-૦૭-૨૦૨૧ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાએ મહેસાણા કોર્પોરેટ ઓફિસના કેમ્પસ ખાતે આવેલ જીઈકેસીની મુલાકાત લીધેલ. ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર વડોદરાના કાર્યક્ષેત્રમાં આવેલ મહેસાણા ટ્રેનિંગ સેન્ટરમાં તાજેતરમાં નિમણુક આપવામાં આવેલ જુનિયર આસિસ્ટન્ટ (વી.એસ.)ને આપવામાં આવી રહેલ ઈન્ડકશન ટ્રેનિંગ સેશન દરમ્યાન મેનેજિંગ ડિરેક્ટર શ્રી દ્વારા નિમણુક પામેલ ઉમેદવારોને નિમણુક અંગે અભિનંદન પાઠવી કંપની પ્રત્યેની કામગીરી પ્રમાણિકતા મહેનત અને ખંત પૂર્વક બજાવવા શિખામણ આપવામાં આવેલ. “સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ” આપવાના ધ્યેયને સિદ્ધ કરવા ગ્રાહકોને નમ્રતાથી સેવા પૂરી પાડવા અનુરોધ કરેલ. તેમજ ભવિષ્યની કામગીરી માટે સફળ થવા શુભેછાઓ પાઠવેલ. આ પ્રસંગે મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર મહેસાણા શ્રી સી.જે. રાજપાલ ઉપસ્થિત રહેલ. નાયબ ઈજનેર જીઈકેસી શ્રીમતી રોશનીબેન દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ અને અંતમાં ઉપસ્થિત મહાનુભાવોનો આભાર માનવામાં આવેલ. ■

# કોર્પોરેટ ઓફિસ ખાતે સત્યનારાયણ કથાનું આયોજન









મહેસાણા રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે મુખ્ય ઇજનેર ઓપરેશનની કેબિનમાં તા. 06-09-2021ના રોજ સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને કંપનીની અમૂલ્ય અસ્કયામતો એવા વીજ કર્મચારીઓને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સલામતી પ્રાપ્ત થાય તેવી મનોકામના સાથે પ્રાર્થના કરવામાં આવેલ.

વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી જે.કે. દરજી અને એમના ધર્મપત્નીએ કથામાં મુખ્ય યજમાન તરીકે બેસવાનો લાભ મેળવેલ તેમજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એ. રંધાવા અને મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યાએ આરતી ઉતારી દર્શનનો લાભ લીધેલ.

આ પ્રસંગે કંપનીના ઉચ્ચ અધિકારીઓ કર્મચારીભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેલ. કોર્પોરેટ ઓફિસના ટેક્નિકલ વિભાગ દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ. ■

# માનનીય ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના હસ્તે "GPRD 3i" વોલ્યુમના બીજા અંકનુ વિમોચન



ગુજરાત પાવર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ (જીપીઆરડી) સેલ, એ ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત અને ઊર્જા વિભાગની રાહબરી હેઠળ, ઊર્જા ક્ષેત્રે સંશોધન અને વિકાસ અર્થે કામ કરી રહ્યો છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. વડોદરાના દેખરેખ અને નિયંત્રણ હેઠળ અને આઇ. આઇ. ટી., ગાંધીનગર ખાતે કાર્યરત, જીપીઆરડી સેલ દ્વારા તેની સ્થાપનાના માત્ર ૪ વર્ષોના ટૂંકા ગાળામાં ઊર્જા ક્ષેત્રે ૧૩૦ જેટલા સંશોધન અને વિકાસ સંબધિત પ્રકલ્પો અમલમાં મુકવામાં આવ્યા છે સાથે સાથે બૌધ્ધિક સંપદા અધિકાર (પેટંટ) બાબતેની દસ જેટલી અરજીઓ પણ કરવામાં આવેલી છે.




આ સેલના સંશોધન વૈજ્ઞાનીકો દ્વારા દેશના જુદા જુદા પ્લેટફોર્મ ઊર્જા ક્ષેત્રના સંશોધનો બાબતે સંશોધનપત્ર (રીસર્ચ પેપર્સ) પણ રજુ કરવામાં આવેલા છે. આ સેલને તેણે કરેલ કામગીરી બાબતે પાંચ જેટલા એવોર્ડ પણ મળેલ છે. સમગ્ર રાષ્ટ્રમાં ઊર્જા ક્ષેત્રે સંશોધન સંબધિત કામગીરી કરતો આ પ્રથમ સેલ છે. આ સેલની વૈવિધ્યપુર્ણ કામગીરી બાબતે જાણકારી આપતા "GPRD 3i" વોલ્યુમના બીજા અંકનુ વિમોન તા. ૨૪/૦૮/૨૦૨૧ના રોજ માનનીય ઊર્જા મંત્રી, શ્રી સૌરભભાઇ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી પ્રદિપસિંહ જાડેજા, ઊર્જા મંત્રી (રા.ક.), ગુજરાત રાજ્ય, સૃશ્રી મમતા વર્મા, પ્રન્સિપલ સેક્રેટરી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સૃશ્રી શાહમીના હુસૈન, મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા, શ્રી એચ. પી. કોઠારી, ડાયરેક્ટર (ટેકનીકલ), શ્રી આર. બી. પટેલ, રીટાયર્ડ એડિશનલ ચીફ એન્જિનીયર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ અને હેડ (રીટાયર્ડ), ગુજરાત પાવર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેલ, ગાંધીનગર અને શ્રી જે. બી. ઉપાધ્યાય, હેડ (ઇન્ચાર્જ), ગુજરાત પાવર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેલ, ગાંધીનગર હાજર રહ્યા હતા. ■

## પ્રતિભાવ

Great Work, Specially very thankful for showing Tribute, Admiration and Respect towards Our Late Corona Warriors, Truly Respectable. Also Very Pleased to see you accomplishing great things.

**Shri Y.S. Raval**, Junior Engineer, Palanpur

This UGVCL Magazine will give Inspiration and Motivation to Lots of our Staff Member to Give Best Service to Society.

**Shri B.S. Patel**, Deputy Engineer, Unja

Awesome Content with nice editing work... Particularly about tribute to our Corona Warriors...

Heartily Congratulations & Best wishes Sir.

**Shri Palkesh Prajapati**, RO, Mahesana

Congratulations to Corporate communication cell... Their continuous efforts for creating best newsletter "Aapanu UGVCL" which showcase and highlight best things of UGVCL..

**Shri Gautam Modi**, Deputy Engineer, (EMC), Gandhinagar

Read aapnu UGVCL 62 very nice information & I have truly inspiring. Done good job.

**Shri K.G. Pathak**, Ex. employee, UGVCL

યુજીવીસીએલ અંક ૫૯-૬૦ ખૂબ જ સુંદર અને દરેક વર્તુળ કચેરી અને વિભાગીય કચેરી કામગીરી અને કિસાન સૂર્યોદય યોજના નું વિવરણ અને નાનામાં નાના કર્મચારીનું પણ ધ્યાન રાખેલ છે. દા. ત. સાંતેજ માં ભાડાના મકાનમાં કુંભ મૂકીને પ્રારંભ કર્યું, પ્રજા સત્તાક ની ઉજવણી નું પણ સારું વર્ણન કરેલ છે. સંપાદક મહોદય શ્રી શૈલેષભાઈ આપશ્રીને સાદર વંદન સહ અભિદનંદન.

**શ્રી સુનીલ એમ. દરજી,** નિવૃત્ત કર્મચારી, સાબરમતી.

---

રવિવારના રોજ આ અંક મળતાં કુદરતના સાનિધ્યમાં શરૂથી અંત સુધી એક જ બેઠકમાં વાંચી લીધો. સુંદર સંકલન, વૈવિધ્યસભર અંક, અભિનંદન. આવનાર દિવસોમાં આ માહિતી કંપની માટે મોટું સંભારણું બની રહેશે.

**શ્રી ડી.બી. પટેલ,** કાર્યપાલક ઇજનેર,
આર એન્ડ સી ઓફિસ, મહેસાણા.

---

ખરેખર આ અંક ખૂબ જ માહિતીસભર છે. યુજીવીસીએલના દરેક કાર્યને સચોટ રીતે દર્શાવેલ છે. Very good... Carry on and achieve the Goal which you Dream.

**શ્રી એસ.બી. લિંબાચીયા,** નિવૃત્ત નાયબ ઇજનેર

---

યુજીવીસીએલ દ્વારા અવારનવાર થતા તમામ પ્રોગ્રામની માહિતી, લોકજાગૃતિના સૂચનો સાથે કંપનીની કાર્યશૈલીને તમામ કર્મચારી સુધી તલસ્પર્શી બની રહે તે રીતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય સરળ અભિવ્યક્તિ દ્વારા કરી રહ્યા છો તે બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભેચ્છાઓ.

**શ્રી એ.જી. દેસાઇ,** સિનિયર આસિસ્ટન્ટ,
છાપી, સબડિવિઝન

---

કોરોનામાં આપણા ગુમાવેલ વીજયોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આવરી લઈ ખરેખર સાચા શ્રધ્ધાસુમન યુજીવીસીએલે અર્પણ કર્યા છે... સલામે દાદ...

**શ્રી સંદિપ ચૌધરી,** એમજીવીસીએલ, મહેમદાવાદ

---

ખૂબ ખૂબ અભિનંદન, સુંદર સંપાદન કરવા બદલ.

– **શ્રી પી.એમ. મકવાણા,** એચઆર વિભાગ, સાબરમતી

---

'આપણું યુજીવીસીએલ' આ રીતે મોકલીને જેના દ્વારા કંપની અંગેની માહિતીઓ/સમાચારોથી અમોને વાકેફ રાખી નિવૃત્તિ પછી પણ થોડાક અંશે સંસ્થા સાથે જોડાયેલા રાખવાના આપના આવા પ્રયત્નો બદલ ખૂબ ધન્યવાદ, ખૂબ આભાર.

**શ્રી મનુભાઈ કે. સુથાર,** નિવૃત્ત કર્મચારી, હિંમતનગર

---

આપણું યુજીવીસીએલ અંક થકી પાયાના કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરી બિરદારવામાં આવે છે તથા કંપની દ્વારા કરવામાં આવતી કામગીરીનીની પાયાની માહિતી દરેક કર્મચારીઓ સુધી પહોંચાડીને કંપની પ્રગતિમાં ઉત્તરોત્તર વધારો થાય અને આપણી કંપની જે સફળતાના સોપાનો સિદ્ધ કરે છે તે માટે દરેક કર્મચારીઓમાં દિવસે દિવસે જુસ્સો વધારનું કામ કરે છે. સી.સી. સેલની માઇક્રો કામગીરી થકી દરેક કર્મચારીઓ સુધી આપણું યુજીવીસીએલ અંક પહોંચતું થયું તે બદલ આભાર.

**શ્રી ચિરાગ ચૌહાણ,** નાયબ અધિક્ષક (હિસાબ), ચાણસ્મા.

---

'આપણું યુજીવીસીએલ'નો 62મો અંક, આપની ઉત્કૃષ્ટ કામગીરીમાં એક યશ કલગી ઉમેરે છે. સામાયિકમાં યુજીવીસીએલની તમામ વર્તમાન ઘટનાઓની વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી છે. 'Award and Achievements' પુસ્તકનું વિમોચન એ આપણી કંપનીની ઐતિહાસિક ગૌરવગાથા દર્શાવે છે, જે આપના દ્વારા ખૂબ જ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું છે. કોરાનાકાળમાં કંપનીએ આપણાં વીજસૈનિકો ગુમાવ્યા છે, તેનું ભારોભાર દુઃખ છે અને આપના દ્વારા તેઓને શ્રદ્ધાંજલિ પાઠવતો લેખ, એ અમૂલ્ય વીજસૈનિકો પ્રત્યે ખૂબ જ માન-સન્માન દર્શાવે છે.

ખૂબ જ માહિતીસભર અંક... સીસી સેલ ટીમને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

– **શ્રી મિત્તેષ વૈષ્ણવ,** નાયબ અધિક્ષક (હિસાબ),
લાડોલ, સબડિવિઝન

---

wonderful Great job Your hard work, visionary, enthusiasm, knowledge of corporate communications and experience makes it really great great.

**Shri H. S. Patel,** Deputy Engineer, Bopal

લાગણીઓનો ફાટ્યો છે રાફડો
સહેજ વિરોધ કરે તો બનાવી દે બાપડો,

નસ નસમાં જેની દેશપ્રેમ છલકાય છે,
દેશ દ્રોહીનું આજે સિક્કો મરાય છે,

વ્યાખ્યા આજે દેશભાવનાની બદલાઈ છે,
સંપત્તિ જે દેશની નષ્ટ કરે તે દેશપ્રેમી કહેવાય છે,

કરતા હતા બધા દેશો નજર ભારત તરફ એની સંસ્કૃતિ જોઈ,
મનમાં મલકાય છે આજે આપણા ભવાડા જોઈ,

હોય મીડિયા કોઈ પણ નથી ખપતી શાંતિ એમને,
અંદરો અંદર લડાવી કરાવે છે રોજ રોજ અશાંતિ,

દિલના ખૂણામાં ઉઠે છે રોજ એક ટીસ,
કોને કહેવી વાત સાચી નથી ગમતી કોઈને શીખ,

યુદ્ધોથી નથી નષ્ટ થઈ આપણી સંસ્કૃતિને ભવ્યતા,
આપણે જ બેવકુફો ભેગા થઈ નાશ કરીશું ધરોહરતા,

ચેત મનવા છે હજી સમય પુરતો કહે શૈલ,
દયા કરો આ ધરા પર છોડો બધા નાપાક ખેલ.

---

**– શ્રી શૈલેષ એમ. યાદવ**
નાયબ ઇજનેર, પ્રાંતિજ

## હર્ષ કરે ભાવિની પ્રસ્તુતિ

અનુભવનું ભાથું કડવાશના અંતે બતાવે માર્ગ મુક્તિ
પોતાના પારકા બને ત્યારે વરાળ થઈ જાય છે શક્તિ

મિષ્ટાન્નની મિજબાની રાખી હોય જેમના વિજય ખાતિર
એ ઝેરની ટીકડી આપે ત્યારે રચાય અજીબ વક્રોક્તિ

દુનિયાનો આ જ દસ્તૂર છે કે થાઓ જેવા સાથે તેવા
રસ્તો માત્ર એક જ બચે છે સામ દામ દંડ ભેદની સ્તુતિ

અણગમતા સમયને વહેવા માટે નથી મળતી રસધાર
એને મુક્તતાથી રાહ પૂરો પાડવાની લખવી પડે પંક્તિ

સરકતા સમયની પળોને બાંધી રાખવાની ઝંઝટ શું કામ
ભવ્ય ભૂતને વાગોળતા 'હર્ષ' કરે ભાવિની પ્રસ્તુતિ

---

**– શ્રી એચ. બી. પટેલ**
નિવૃત્ત કાર્યપાલક ઇજનેર, તલોદ

ભલે લાગે આ રાત ગોઝારી લાંબી,
કાલે તેની જરૂર સુખદ સવાર હશે;
ધૈર્ય રાખી, ચીરજે આ અંધકારને,
કાલે સોનેરી સુરજ અસવાર હશે.
હા, જીવવું છે દોહ્યલું આ કાળમાં,
પણ હિંમત રાખવી જ પડકાર હશે.
તું જ છે માનવ, ને તું જ છે નિયંતા,
નહીં ડર, ઈશ્વર તારી હારેહાર હશે.

---

**– શ્રી ધીરેન શાહ**
અંગત સચિવ, માનનીય ઊર્જા રાજ્ય મંત્રી, ગુજરાત સરકાર

## પાછું આવું થાય

ગલીએ ગલીએ મંડપ બઁધાય
શેરીઓમાં પંગત જમાય

હોસ્પિટલો થાય ખાલીખમ
ને હોટેલો ના હોલ ઉભરાય

સ્કૂલ ના ખંડ ધમધમે
ગ્રાઉન્ડ ઉપર વિદ્યાર્થી દેખાય

દવા ને ઇન્જેક્શન ના બદલે
થિયેટરમાં લાઇનો દેખાય

માસ્ક થાય ભૂતકાળની વાત
હસતા ચહેરા આર્કષક દેખાય

રસ્તે દૌડતી એમ્બ્યુલન્સ ના બદલે
મેળામાં દૌડતી પબ્લિક દેખાય

ડોક્ટરો લે હાશનો શ્વાસ
ને દુકાનદારો નવરા ના દેખાય

આવે પેપરમાં મેળાની વાતો
શ્રદ્ધાંજલિનું પાનું ગૂમ થાય

તહેવારો ઉજવાય રંગેચંગે
દુનિયા પાછી ખૂબસુરત થાય

થાય માનવજાત ને હાશકારો
નાપાક કોરોના ગૂમ થાય!!!

એવી મા ને પ્રાર્થના સહ

---

**– શ્રી એસ.બી. લીમ્બાચીયા**
ડી.ઇ.આર.એસ.ઓ. (રીટાયર્ડ), મહેસાણા

# જીતુ-સૌનો લાડકવાયો

**લેખક : શ્રી ઘનશ્યામભાઈ પટેલ, નિવૃત્ત વિશેષ મુખ્ય ઇજનેર**

કનુભાઇ મૂળ વાંસદા, દક્ષિણ ગુજરાતના વતની, પણ વીજળી બોર્ડમાં નોકરી, ઉત્તર ગુજરાતના વિજાપુરમાં એટલે પરિવાર સહિત ત્યાં જ સેટ થયેલા. વરસ પહેલા જ મોટા દીકરા જીતુના લગ્ન એમના જ સમાજમાં યોગિતા સાથે વતનમાં ઠીક ઠીક ધામધૂમથી થયેલા, છેક વિજાપુરથી પણ લગ્નપ્રસંગમાં પણ કેટલાય સહકર્મીભાઇઓ હાજરી આપવા લાંબા થયેલા એટલો એમણે સહકર્મીઓનો સ્નેહ જીતેલો. ઘરમાં પતિ પત્ની અને બે દીકરા, એક નાની દીકરી ઉપરાંત પુત્રવધૂ યોગિતાનું આગમન થયું અને કુટુંબના સુખમાં જાણે છોગું ઉમેરાયું.

સત્તાવીસ વર્ષનો જીતુ મધ્યમ બાંધાનો, સપ્રમાણ શરીર અને કસાયેલો દેહ, ચહેરા પરથી જ એના પિતા જેવો નમ્ર અને કામગરો દેખાઇ આવે. યોગિતા દેખાવે નમણી, ગૌર વાન અને હસમુખો ચહેરો, જીતુ જોડે ઊભી હોય તો અજાણ્યાને ઓળખાણ ના પુછવી પડે એવી સરસ જોડી. ભલે વડીલોએ ગોઠવેલા લગ્ન હતા, પણ પરસ્પરનો પ્રેમ તો જોતાવેંત જ જન્મેલો. લગ્નપ્રસંગના પંદરેક દિવસે બધા વિજાપુર પરત ફર્યા. યોગિતાને પિયર અને વતન બેય છોડવનું થયું. પણ જીતુના પ્રગાઢ પ્રેમ અને સાસુ સસરાના વાત્સલ્યથી એને સાસરે કે નવા વાતાવરણમાં ગોઠવાતાં વાર ના લાગી. આમતો કનુભાઇ અને એમના પત્નીનો પોતાનીસાથેનો પુત્રીવત વ્યવહાર એ અનુભવતી, તો યે થોડી આ મન્યા તો રહેતી. દિવસ દરમિયાન જીતુ સાથે પણ સંવાદ બોલચાલથી ઓછો અને આંખના ઇશારે વધારે થતો. હા, દિયર રોનક અને નાનકડી નણંદ સાથે એ ખુલ્લા મને વાત કરી શકતી. પિયરમાં બધા દીકરી સુખમાં ગઇ એમ કહેતા, એની વાસ્તવિક પ્રતીતિ યોગિતાને પોતાને થઇ રહી હતી.

આ બાજુ જીતુનો આઇ.ટી.આઇ.નો વાયરમેન અભ્યાસ પૂરો થતાં નોકરીની શોધ બહુ ના કરવી પડી, વીજળી બોર્ડના ઇન્ટરવ્યૂની પ્રક્રિયામાં જીતુ પ્રથમ પ્રયત્ને જ પાસ થયો. એની વીજ હેલ્પર તરીકે પસંદગી થયાની પાકી ખબર મળતાં જ કનુભાઇના ઘરમાં ખુશીનો માહોલ સર્જાઇ ગયો. કનુભાઇએ અને જીતુએ પોતે પણ પિતાના પગલે વીજ બોર્ડમાં જ નોકરી મેળવવાનુ સ્વપ્ન સેવેલું અને એનો એ માટે પૂરી મહેનત કરી યોગ્યતા મેળવેલી. કનુભાઇના કામમાં નિષ્ઠાવાળા અને મળતાવળા સ્વભાવની



ઉજળી છાપ, એટલે સાહેબોએ જીતુનું પોસ્ટિંગ પણ નજીકના સારંગ ખાતે આપેલું. આમ કનુભાઇના પરિવારમાં ગોળ અને સાકરની મીઠાસ મળી. દીકરી હજુ નાની હતી, રોનક હમણાં કોલેજના પહેલા વર્ષમાં ભણતો હતો, એમના બંને માટે પણ બધુ યોગ્ય સમયે થઇ રહેશે એવો ઘરમાં સૌને વિશ્વાસ હતો.

નિમણૂકપત્ર મળતાં જ જીતુ સોમવારે ઘરેથી તૈયાર થઇ સારંગ ઓફિસ હાજર થવા નીકળ્યો. એક રીતે લગ્નપ્રસંગ બાદ બહુ જલ્દીથી એના જીવનમાં નોકરી માટેના દ્વાર ખુલ્યા હતા, યોગિતાનું આગમન જાણે શુકનિયાળ બની રહ્યું.પટેલ સાહેબને ઓફિસમાં હાજર રીપોર્ટ આપ્યો, નિમણૂકપત્રમાં ઘરનું સરનામું જોતાં જ સાહેબ પુછી બેઠાં, “ભાઈ, તું વિજાપુર જી.ઇ.બી.કોલોનીમાં રહે છે? કોઇ સગા જી.ઇ.બીમાં નોકરી કરે છે?” એમના અવાજમાં આત્મિયતા ભળી હતી. “સાહેબ, એના પપ્પા વિજાપુર ઓફિસમાં લાઇનમેન છે.” હાજર સ્ટાફમાંથી એક ભાઇ બોલ્યા, જીતુ એ જવાબ આપવો ના પડ્યો. લાઇન સ્ટાફમાં ઘણા ખરા કનુભાઇના ઓળખીતા અને સારા મેળવાળા. એટલે જીતુને પહેલા દિવસે પરિવારના પુત્ર જેવો આવકાર મળ્યો.

જીતુને સોમપુરા ગામમાં ફરજ સોંપવામાં આવી, ગામ નાનું અને નજીક જ આવેલું એટલે સવારે તો રોજ ઓફિસે જ આવવાનું અને જરૂર પ્રમાણે ગામમાં કે ટીમ સાથે કામગીરી સોપાય જેથી એને ઓફિસનો યોગ્ય અનુભવ મળે. સાથોસાથ ગામના કામ પણ સચવાય અને ગ્રાહકની કોઇ ફરિયાદ હોય તો એના ઉકેલનું કામ પણ સારી રીતે કરી શકાય. બે એક અઠવાડિયામાં તો જીતુ સેટ થઇ ગયો. આખો દિવસ કામ કર્યા બાદ સાંજે ઘરે પાછો ફરતો ત્યારે ઘરમાં ચહેરા પર ખુશી લઇ પ્રવેશ તો, જે પછી તરત જ યોગિતાના મુખ પર છવાઇ જતી.કનુભાઇ, એમના મિત્ર જેવા જીતુના સિનિયર સ્ટાફ તરફથી મળતી વળતી વાતોથી પણ સમજી ગયા કે જીતુને કામકાજમાં વાંધો નહીં આવે. કનુભાઇ દીકરાની સારી શરૂઆતથી સંતુષ્ઠ અને નિશ્ચિંત થયા.

સોમપુરા ગામ નાનું અને ગ્રામજનો બધા જાગૃત. પોતાના કામ ઝડપી કરાવવાના આગ્રહી અને કામમા વિલંબ થાય તો થોડા આકરા પણ ખરા. હા, પણ કામ કરનારની નિષ્ઠા અને નીતિ રીતિ થોડા જ અનુભવે પારખી લે. નાના મોટા કામથી કે વગર કામે પણ જીતુ જેમ જેમ ગામ લોકોના સહવાસમાં

ઉનાળુ વેકેશનમાં સારંગ શહેરની કોલેજના ગ્રાઉંડમાં યુવાનો દર વખત નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરતા અને જરૂરી રાત્રિ પ્રકાશની વ્યવસ્થા માટે વીજળી બોર્ડમાંથી હંગામી વીજ જોડાણ મેળવતા. આ વખતે પણ કોલેજ ગ્રાઉંડ પર એવું જ આયોજન ગોઠવાયેલું, વીજળી બોર્ડના ઇજનેર અને અન્ય કર્મચારીગણ દ્વારા પુરતો સહકાર મળતાં ટુર્નામેન્ટનો સમયસર પ્રારંભ થયેલો. સામાન્ય રીતે યુવા વર્ગને કોઇ કામ માટે વીજ બોર્ડના અધિકારી કે સ્ટાફ સાથે સંપર્કમાં આવવાનું ઓછું થતું, પણ આ આયોજનના કારણે તેમને વીજ બોર્ડના સ્ટાફના હકારાત્મક અભિગમનો પરિચય થયો હતો.

એક દિવસ લગભગ સાંજે સાડા પાંચ-છ વાગ્યાના સુમારે રામજીભાઇનો પટેલસાહેબ પર ઓફિસમાં ફોન આવ્યો, ‘‘સાહેબ મારી દુકાને લાઇટ બંધ થઇ ગઇ છે, કોઇ મોકલો ને ચાલુ કરી આપે, આ ગરમીમાં એસી વગર હેરાન થઇ ગયા”.

‘‘હા જોવડાવું, કોઇને મોકલું” પટેલ સાહેબે જવાબ આપેલો. એ વખતે જીતુ સોમપુરાનું એનું કામ પતાવી વળતો ઓફિસ આવેલો. સાહેબે તાકડે હાજર જીતુને કામ સોંપતાં કહ્યું, ‘‘જીતુ, વળતાં ઘરે જતાં રસ્તે, રામજીભાઇની દુકાને લાઇટ બંધ છે, તું, એટેંડ કરતો જા, એમનો ફોન હતો. તારા સોમપુરા ગામના જ છે.”

“હા હા સાહેબ ઓળખું છું એમને, લાઇટ ચાલુ કરતો જઇશ સાહેબ” જીતુએ હંમેશાની જેમ હકાર ભણેલો. ‘‘ભલે જીતુ, પણ પાવર સપ્લાય બંધ કરીને કામ કરજે, ઉતાવળ ના કરતો, સાચવીને કામ કરજે.” સાહેબને સ્ટાફની સલામતીની કાયમ ફિકર રહેતી એમાં યે જીતુ તો સૌની જેમ એમનો ય લાડકો હતો.

દરમિયાન જૂન મહિનાના પ્રારંભે વરસાદ. પવન વગેરેના કારણે ઉભા થતા વીજ વિક્ષેપોના તાત્કાલિક નિવારણ સારું રાતના સમયે પણ સ્ટાફની વિશેષ ગોઠવણ કરવામાં આવી.

અલબત્ત વહેલા પહોંચવાનો વારો તો કોક વાર જ આવતો, મોડા થવાનું ઘણીવાર થતું. ઇંતજાર વધારે કરવો પડે, તો સાથે પછી હરખ પણ વધી રહેતો. આજે વળી જીતુ સમયસર ઘરે પહોચેલો, બારી પાસે હમેશની જેમ બેઠેલી યોગિતાના ખીલી ઉઠેલા મુખ પર જાણે અલગ જ મુસ્કાન હતી. ઘરમાં પ્રવેશતાં જોયું તો, સામાન્ય રીતે શાંત દેખાતી એની મમ્મીનો ચહેરો પણ હસું હસું હતો. થોડો અણસાર તો જીતુને ય આવી ગયો, આજે યોગિતા અને એની મમ્મી દવાખાને જવાના હતા. આછેરા અણસારે જીતુના હૈયામાં ફૂટી રહેલુ હરખનું ઝરણું, રાત્રે જ્યારે યોગિતાએ સહેજ શરમાતાં, ધીમા મીઠા અવાજે, ‘‘તમે પપ્પા બનવાના છો” કહ્યું, ત્યારે તો જાણે ઉછાળા મારતી ભરતી બની રહ્યું. એ એકદમ હરખઘેલો થઇ યોગિતાને બાઝી પડ્યો. અઢળક હેત અને હરખથી બંને એકબીજાને ભીંઝવી રહ્યા.

સુખના દહાડા ઝડપથી પસાર થઇ રહ્યા હતા. કનુભાઇના પરિવારના બધી બાજુના સુખના સમાચાર, વતન વાંસદા હોય કે કર્મભુમિ વિજાપુર સઘળે આત્મીય જનોમાં પહોંચતા, સૌ રાજીપો પ્રગટ કરતા. પૂરાં દિવસે યોગિતાએ પુત્રીને જન્મ આપ્યો, કનુભાઇના ઘરે બાળા સ્વરૂપે જાણે સાક્ષાત લક્ષ્મીજી પધાર્યા હોય એવો આનંદ છવાઇ ગયો.

વીજ બોર્ડમાં ચોમાસાના આગમન પહેલાં ઉનાળા દરમિયાન વીજ લાઇનોના સમાર કામની કામગીરીના આયોજન થતાં. સારંગની ઓફિસમાં પણ કામગીરી ગોઠવાયેલી. દરેક ટીમ લીડર પોતાની ટીમમાં જીતુને લેવા ઉત્સુક રહેતા અને જીતુ પણ સાથે સ્ટાફમાં માણસો ગમે તે હોય, સૌ સાથે હળી મળી કામ કરવા તત્પર રહેતો. સિનિયરોનુ એ હમેશાં માન રાખતો.

થાંભલા ઉપર હોય, ડીપી ઉપર કે નીચે રહીને કામ કરવાનું થાય, જીતુનું કામ ચોક્કસ અને ચોખ્ખું રહેતું. સિમેન્ટનો થાંભલો હોય કે લોખંડનો ગર્ડર પોલ જીતુ સડસડાટ ચડી જતો અને આ વાત તો એ યોગિતાને પણ ગર્વ સાથે કરતો.

આવતો ગયો, તેમ તેમ તેની કામ કરવાની તત્પરતા, આવડત અને આજનું કામ આજે જ કરવાના સહજ સ્વભાવના કારણે ગામ લોકોમાં એની આગવી ઓળખ ઉભી થવા માંડી.

એમ સહેલાઇથી રાજી ના થાય એવા ગામ આગેવાનો પણ વાત નીકળે તો બોલી જતા, ‘‘આ આપણો નવો વાયરમેન છોકરો બહુ સારો છે.” લોકોનાં નવાં વીજજોડાણનાં કામ હોય કે લાઇટ બંધની ફરિયાદ, જીતુને એક જ વાર કહેવું પડતું.

એવી રીતે ઓફિસે સોંપેલા કામમાં પણ સાહેબો કે સાથી સિનિયર સ્ટાફની અપેક્ષાએ એ ખરો ઉતરતો. અગાઉ પોતાના બોરનું વીજ જોડાણ કાપવા થાંભલે ચડેલા જીતુને જોઇ, જીવણભાઇ ગુસ્સે થાય ને કૈ બોલે, એ પહેલાં તો, જીતુએ હજુ દસેક દિવસ પહેલાં જ રાતે દસ વાગે એમના ઘરની લાઇટ ચાલુ કરી આપેલી એ યાદ આવતાં જ એ શાંત થઇ ગયા. વધારામાં બોલી ઉઠ્યા, ‘‘વાંધો નહીં, તું તારી ફરજ બજાવ, પૈસા બાકી હોય તો કનેક્શન કાપવુ યે પડે અને તે તો મને વાત પણ કરી હતી, અમારી ભાગીદારીમાં જ આ બધી બબાલ છે. ઠીક છે, પણ પૈસા ભરાય કે તરત જ ચાલુ કરી આપજે.”

ત્યાં સુધીમાં તો જીતુ થાંભલેથી ઉતરી નીચે આવી ગયો હતો.“હા હા કાકા, ચાલુ યે તરત જ કરી દઇશ, હું નાનો એટલે તમને વડીલને શું સલાહ આપું, પણ તમારું તો બાકીના લિસ્ટમાં નામ જ ના આવવું જોઇએ.” “ભાઇ એ વાત તો સાવ સાચી, પણ વધારે જણાનો વહીવટ એટલે વધારે લોચા.” અને બાજુમાં ઉભેલા સાથી ખેડુ તરફ જોતાં જીવણભાઇએ ઉમેર્યુ. “સારું એ બધી વાત પછી, જીતુને ચા આપો લ્યા.” ને પછી જીતુ જીવણભાઇના બોરેથી હસતાં હસતાં વિદાય થયેલો. આમ જ કામ કરતાં કરતાં ખૂબ ટૂંકા ગાળામાં જ જીતુ ઓફિસ અને ગામમાં બધાનો પ્રીતિપાત્ર બની ગયેલો.

જીતુ સાંજે ઘરે પહોંચતો, ત્યારે તેની રાહ જોતાં બારીમાંથી નજર કરતી યોગિતા હરખાઇ ઉઠતી, ક્યારેક મોડું વહેલું થતું,

**(ક્રમશઃ આવતા અંકે)**




**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો? આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com